પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ શુક્રવાર

૨૩ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬ ● ભાદરવા વદ દસમ સંવત ૨૦૮૦

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં ‘ગુજરાત ટુડે’ દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૬૫ |
| પાઉન્ડ | ૧૧૧.૮૦ |
| યુરો | ૯૩.૨૩ |
| સઉદી રિયાલ | ૨૨.૩૦ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૮,૦૬૫ |
| ચાંદી (૧ કિલો) | ૯૯,૯૯૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૫૯ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# બિહારમાં પવિત્ર સ્નાન કરતા ૩૭ બાળકો સહિત ૪૩નાં મોત

### અલગ-અલગ વિસ્તારોમાં જીવિતપુત્રિકા મહોત્સવ દરમ્યાન સર્જાયેલી કરૂણ ઘટનાઓ

### મૃતકોના પરિજનો માટે રૂા.૪-૪ લાખની સહાય જાહેર કરતા સી.એમ. નીતિશકુમાર



(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

બિહારમાં ધાર્મિક મહોત્સવ દરમિયાન સર્જાયેલી કરૂણતમ ઘટનાથી હાહાકાર મચી જવા પામ્યો છે. રાજ્યમાં ખૂબ મહત્ત્વના ગણાતા જીવિતપુત્રિકા મહોત્સવ દરમિયાન અલગ-અલગ સ્થળે ગંગા સહિતની નદીઓમાં પવિત્ર સ્નાન કરી રહેલા ૩૭ બાળકો સહિત ૪૩ લોકોના ડૂબી જવાથી મૃત્યુ થતાં ખળભળાટ મચી ગયો છે અને અરેરાટી સર્જાય છે તેવું બિહાર સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. બુધવારે રાજ્યના ૧૫ જેટલા જિલ્લાઓમાં આ હૃદયદ્રાવક ઘટનાઓ બની હતી અલગ-અલગ સ્થળે મહિલાઓ અને બાળકો પવિત્ર સ્નાન કરી રહ્યા હતા ત્યારે ગંગાના પ્રચંડ વહેણમાં તણાઈ જવાથી એમનું મૃત્યુ થયું હતું. અત્યાર સુધીમા ૪૩ જેટલા મૃતદેહ મળી આવ્યા હોવાનું રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. આ ઘટના અંગે ઘેરો શોક વ્યક્ત કરીને મુખ્યમંત્રી નીતિશકુમારે મૃતકોના પરિજનો માટે ચાર-ચાર લાખની તાકીદની સહાય જાહેર કરી હતી અને સહાયનું વિતરણ પણ શરૂ કરી દેવામાં આવ્યું હતું તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. બિહારના પૂર્વ અને પશ્ચિમ ચંપારણ તથા નાલંદા, ઔરંગાબાદ, બકસર અને અન્યત્ર કુલ ૧૫ જિલ્લાઓમાં મહોત્સવ દરમિયાન થઈ રહેલા પવિત્ર સ્નાનની વિધિ લોકો માટે હૃદયદ્રાવક શોકાંતિકામાં પરિવર્તિત થઈ ગઈ હતી જેના કારણે રાજ્યભરમાં ભારે શોક અને આઘાતની લાગણી પ્રસરી વળી છે. બિહારમાં આ ઉત્સવ ખાસ ઉજવવામાં આવે છે અને માતાઓ પોતાના બાળકોના કલ્યાણ અને ઉત્કર્ષ માટે વ્રત કરતી હોય છે અને એ પછી પવિત્ર સ્નાન કરવામાં આવે છે જેને જીવિતપુત્રિકા મહોત્સવ કહેવામાં આવે છે. ગયા ઓકટોબર મહિનામાં પણ આ મહોત્સવ દરમિયાન જ ડૂબી જવાની ઘટનાઓમાં ૧૫ બાળકો સહિત ૨૨ લોકોનાં મોત થયા હતા ત્યાં આ વર્ષે પણ ભયાનક કરૂણા સર્જાય છે. આ ઉત્સવમાં મહિલાઓ બાળકોના કલ્યાણ માટે ઉપવાસ કરે છે અને પછી પવિત્ર સ્નાન કરવા જાય છે. રાજ્યના રોહતાસ તેમજ પટણા અને વૈશાલી, મુઝફ્ફરનગર, સમસ્તીપુર તથા ગોપાલગંજ અને અરવલ જિલ્લાઓમાં પણ ડૂબી જવાની ઘટનાઓ બની હતી.

# વેપારીઓને એમના નામ દુકાનની બહાર લગાડવાનો કોઈ નિર્ણય લેવાયો નથી, હિમાચલ સરકારની સ્પષ્ટતા

**બિનસાંપ્રદાયિક રાજકીય પક્ષ હોવાનો ફાયદો સાચા દેશભક્ત ઉપાડી શકે પરંતુ કેટલાક આભારહીન, લાલચુ અને ટૂંકી દૃષ્ટિવાળા લોકો બિનસાંપ્રદાયિક મતનું વિભાજન કરે છે !** — ન્યુઝ GT પોઈન્ટ

(એજન્સી) શિમલા, તા.૨૬

ખાણીપીણીના દુકાનદારો અને ખાદ્ય પદાર્થો વેચતા ફેરીયાઓ માટે એમના નામ દુકાનની બહાર લગાડવા માટેના હિમાચલના મંત્રી વિક્રમાદિત્ય સિંઘના ફરમાનને પગલે ભારે રાજકીય વિવાદ થતા ગભરાઈ ઉઠેલી રાજ્ય સરકારે ડેમેજ કંટ્રોલની કવાયત શરૂ કરી દીધી છે. રાજ્ય સરકારે આજે સ્પષ્ટતા કરી છે કે વેપારીઓ અને ફેરીયાઓને એમના નામો દુકાનની બહાર અને ધંધાની જગ્યાએ લગાડવા વિશે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

રાજ્ય સરકારના પ્રવક્તાએ ચોખવટ કરી છે કે, દુકાનોની બહાર નામોની તકતી અને ફેરીયાઓને એમના સ્ટોલ પર ઓળખપત્ર લગાડવા ફરજિયાત હોવા



અંગેનો કોઈ નિર્ણય હજુ લીધો નથી. રસ્તા પર ધંધો કરતા ધંધાર્થીઓની ચિંતા સરકાર સમજે છે અને તમામ સૂચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ જ કોઈ નિર્ણય લેવામાં આવશે. વિક્રમાદિત્યની જાહેરાત બાદ બહુ મોટો રાજકીય વિવાદ ઉભો થઈ ગયો હતો જેના પગલે હરિયાણા અને કાશ્મીરમાં ચાલી રહેલી ચૂંટણીઓમાં પણ પક્ષને નુકસાન થવાની આશંકા ઉભી થઈ હતી. એટલે મંત્રીએ પણ આજે ખુલાસો કરવો પડ્યો હતો. રાજ્ય સરકારે આ મુદ્દા પર નિર્ણય લેવા કોંગ્રેસ અને ભાજપના ધારાસભ્યોની બનેલી એક કમિટીની રચના કરી છે. સમિતિ રાજ્ય સરકાર સમક્ષ ભલામણો કરનાર તમામ હિત ધારકોના સૂચનોનો અભ્યાસ કરશે અને કેબિનેટને અહેવાલ આપશે, એ પછી જ નિર્ણય લેવાશે. એટલે અત્યારે નામો લગાડવાની કોઈ વાત નથી.

# લોકોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે ID પ્રદર્શિત કરવાનું કહેવામાં આવ્યું છે; ઉત્તરપ્રદેશના આદેશ સાથે કોઈ લેવા દેવા નથી : હિમાચલપ્રદેશના પ્રધાન વિક્રમાદિત્ય



### કોઈપણ વ્યક્તિ અમારા રાજ્યમાં આવીને કામ કરી શકે છે, જો કે, રાજ્યની આંતરિક સુરક્ષા જાળવવી પડશે

(એજન્સી) તા.૨૬

હિમાચલપ્રદેશના જાહેર બાંધકામ વિભાગ અને શહેરી વિકાસ પ્રધાન વિક્રમાદિત્યસિંઘે રાજ્યમાં વ્યવસાયિક સંસ્થાઓમાં ફરજિયાત ID કાર્ડ દર્શાવવા અંગેના નિવેદનો અંગે જણાવ્યું હતું કે, ગુરૂવાર, ૨૬ સપ્ટેમ્બરના રોજનું તેમનું નિવેદન એ સુનિશ્ચિત કરવા માટે હતું કે, લોકોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે. હિમાચલપ્રદેશના જાહેર બાંધકામ વિભાગ અને શહેરી વિકાસ પ્રધાન વિક્રમાદિત્યસિંહના રાજ્યમાં વ્યવસાયિક સંસ્થાઓમાં ફરજિયાત ઓળખ કાર્ડ દર્શાવવાના નિવેદનના એક દિવસ પછી પ્રધાને જણાવ્યું હતું કે, ગુરૂવાર, ૨૬ સપ્ટેમ્બરના રોજનું તેમનું નિવેદન એ સુનિશ્ચિત કરવા માટે હતું કે લોકોને સ્વચ્છ આરોગ્યપ્રદ ખોરાક અને સ્વચ્છતાની સુવિધા મળી શકે.

**માંડ બે મહિના અગાઉ સુપ્રીમ કોર્ટે આ હુકમ કરેલ છતાંય રાજ્ય સરકારોને આટલી હિંમત કોણે આપી છે ? શું હવે સરકારનો આત્મવિશ્વાસ ‘ગમે તે કારણસર વધી ગયો છે ?’** — ન્યુઝ GT પોઈન્ટ

વિક્રમાદિત્યના આ નિવેદનોને ઘણા વરિષ્ઠ કોંગ્રેસના નેતાઓએ ‘યોગી મોડલ’ ગણાવ્યા છે ત્યારે મુખ્યપ્રધાન સુખવિંદરસિંહ સુખુ મૌન રહ્યા છે. ૨૪ સપ્ટેમ્બરના રોજ ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે ખાણીપીણીની દુકાનના માલિકો, સંચાલકો અને માલિકોના નામ તેમના ફૂડ સેન્ટરની બહાર દર્શાવવાનું ફરજિયાત કર્યું હતું અને હોટલ અને રેસ્ટોરન્ટમાં સીસીટીવી લગાવવાનું પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. બીજા દિવસે મીડિયાને બ્રીફિંગ કરતી વખતે વિક્રમાદિત્યે કહ્યું કે, હિમાચલ કોંગ્રેસ સરકારે ઉત્તરપ્રદેશ જેવો જ નિર્ણય લીધો છે. વિક્રમાદિત્યે પત્રકારોને જણાવ્યું હતું કે, અમે ઉત્તરપ્રદેશની જેમ રાજ્યમાં નિયમોને કડક રીતે લાગુ કરવાનો નિર્ણય લીધો છે. જે લોકો રસ્તાઓ પર ખાદ્યપદાર્થો વેચે છે તેઓએ તેમના નામ અને આઈડી સ્પષ્ટપણે દર્શાવવા પડશે.

### ૨૬મી જુલાઈ ૨૦૨૪ : કાવડ યાત્રા વિવાદ : કોઈપણ દુકાનદારને નામ જાહેર કરવા દબાણ કરી શકાય નહીં, ભોજનશાળાઓ માટેના આદેશ પરના સ્ટેના નિર્દેશ આપતા સુપ્રીમ કોર્ટનું અવલોકન

જો કે, ગુરૂવાર, ૨૬ સપ્ટેમ્બરના રોજ વિક્રમાદિત્યે જણાવ્યું હતું કે, આ આદેશ આંતરિક શાંતિ જાળવવા અને હિમાચલના લોકોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ ખોરાક, ખાસ કરીને સ્ટ્રીટ ફૂડની એક્સેસની ખાતરી કરવા માટે છે. તેમણે પોતાનું એ નિવેદન પણ પાછું ખેંચ્યું અને કહ્યું કે, નવા નિર્દેશને યુપીના તાજેતરના આદેશ સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે કહ્યું કે, રાજ્ય બહારના લોકોનું હિમાચલમાં સ્વાગત છે. કોઈપણ અહીં આવીને કામ કરી શકે છે. જો કે, રાજ્યની આંતરિક સુરક્ષા જાળવવી પડશે. સ્વચ્છતાનું ધ્યાન રાખવું પડશે. હાઈકોર્ટે પણ ચિંતા વ્યક્ત કરી છે. તેથી અમે બેઠકમાં નિર્ણય લીધો છે કે, દરેક વ્યવસાયિક સંસ્થાને તેમની ઓળખ જાહેર કરવી પડશે પછી ભલે કોઈ હિમાચલના હોય કે બહારના લોકો હોય. આ હિમાચલ અને તેના લોકોની સુરક્ષા સાથે સંબંધિત છે. ભાજપશાસિત રાજ્યો પછી હવે કોંગ્રેસશાસિત રાજ્ય હિમાચલપ્રદેશ ભોજનાલયોને માલિકોના નામ દર્શાવવા માટે ઓર્ડર આપી રહ્યું છે. રાજ્ય સરકારના નવા આદેશનો બચાવ કરતા હિમાચલપ્રદેશ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (AICC)ના પ્રભારી રાજીવ શુક્લાએ કહ્યું કે, આ નિર્ણયને ઉત્તરપ્રદેશ સાથે જોડવો ખોટું છે. હિમાચલપ્રદેશ વિધાનસભાના અધ્યક્ષે હોકર્સનું નિયમન કરવા અને તેમને લાઈસન્સ આપવા માટે સર્વપક્ષીય સમિતિ બનાવી છે. તેને ઉત્તરપ્રદેશ સાથે જોડવું યોગ્ય નથી. શુક્લાએ હિમાચલપ્રદેશ સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય અંગે કોંગ્રેસ હાઈકમાન્ડને વિગતવાર અહેવાલ રજૂ કર્યો છે. ભાજપે વિક્રમાદિત્યનો બચાવ કર્યો છે. હિમાચલપ્રદેશની ભારતીય જનતા પાર્ટી (BJP)એ રાજ્યના PWD મંત્રી વિક્રમાદિત્યના નિવેદનને આવકાર્યું છે અને કહ્યું છે કે, તે કરવું યોગ્ય છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યપ્રધાન જયરામ ઠાકુરે જણાવ્યું હતું કે, અમે કહ્યું હતું કે, દરેકની ચકાસણી અને નોંધણી હોવી જોઈએ. કોંગ્રેસે અમારી મજાક ઉડાવી હતી અને હવે તેમના પોતાના પીડબ્લ્યુડી પ્રધાન પણ આ વિશે વાત કરી રહ્યા છે.

# કોંગ્રેસે વિક્રમાદિત્યસિંહને ઠપકો આપ્યો અને તેમને દિલ્હી બોલાવ્યા ખાણીપીણીના માલિકના નામ પ્રદર્શિત કરવાના આદેશ મુદ્દે ચેતવણી આપી

**હિમાચલપ્રદેશમાં કોંગ્રેસ સરકાર દ્વારા પસાર કરવામાં આવેલ આદેશ ઉત્તરપ્રદેશની ભાજપ સરકારના આદેશને અનુરૂપ છે જેનો કોંગ્રેસ દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો હતો, આથી લોકોને આશ્ચર્ય થયું કે, કોંગ્રેસ શાસિત રાજ્યમાંથી પણ આવો આદેશ આપવામાં આવી શકે છે**

(એજન્સી) તા.૨૬

કોંગ્રેસ પાર્ટીએ ગુરૂવારે (૨૬ સપ્ટેમ્બર) હિમાચલપ્રદેશ રાજ્ય સરકારમાં પાર્ટીના મંત્રી વિક્રમાદિત્યસિંહને તેમના વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશને લઈને તેમને ઠપકો આપ્યો છે, જેમાં ફૂડ-આઉટલેટના માલિકોને તેમની દુકાનો પર તેમના નામ અને સરનામા દર્શાવવા ફરજિયાત આદેશ આપવામાં આવ્યો હતો. થોડા સમય પહેલા કોંગ્રેસે કાવડ યાત્રા દરમિયાન ઉત્તરપ્રદેશ સરકારના આવા જ પગલાનો સખત વિરોધ કર્યો હતો. સિંહને હવે આ મુદ્દે વિવાદાસ્પદ ટિપ્પણી ન કરવા કહેવામાં આવ્યું છે. તેઓ હિમાચલપ્રદેશમાં જાહેર બાંધકામ વિભાગ અને શહેરી વિકાસ મંત્રાલયના વડા છે. તેમના વિભાગે બુધવારે (૨૫ સપ્ટેમ્બર)ના રોજ આ વિવાદાસ્પદ આદેશ પસાર કર્યો હતો. સિંહે જણાવ્યું હતું કે, આ પગલું ‘રાજ્યની આંતરિક સુરક્ષા’ માટે લેવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, દુકાનો સામાન્ય રીતે તેમનો રજિસ્ટ્રેશન નંબર વગેરે દર્શાવે છે. પરંતુ આ રાજ્યની આંતરિક સુરક્ષા માટે છે અને જે આશંકાઓ ઊભી કરવામાં આવી છે, તેને તે નજરથી જોવાની જરૂર છે. એક સર્વપક્ષીય સમિતિની પણ રચના કરવામાં આવી છે. અને તે દરેક વિગતવાર તપાસ કરશે. રાજ્યની આંતરિક સુરક્ષાની ચિંતાઓ સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં. રાજ્ય કોંગ્રેસ એકમે આ આદેશ પસાર કર્યા પછી તરત જ સમર્થન આપ્યું હતું. હિમાચલપ્રદેશ AICC પ્રભારી રાજીવ શુક્લાએ જણાવ્યું હતું કે, હિમાચલપ્રદેશના પ્રધાન વિક્રમાદિત્યસિંહે કહ્યું છે કે, માત્ર અધિકૃત વ્યક્તિઓ જ દુકાનો સ્થાપી શકે એ ખાતરી કરવા માટે આ આદેશ છે. હિમાચલપ્રદેશ વિધાનસભાના અધ્યક્ષે હોકરોનું નિયમન કરવા અને તેમને લાઈસન્સ આપવા માટે સર્વપક્ષીય સમિતિ બનાવી છે. ઉત્તરપ્રદેશ સાથે તેની સરખામણી કરવી યોગ્ય નથી. પરંતુ પક્ષ તરફથી ઠપકો આપવાનો એ સંકેત હોઈ શકે છે કે, રાજ્ય સરકાર આ આદેશનો અમલ કરશે નહીં. કેટલાક મહિનાઓ પહેલા ઉત્તરપ્રદેશ સરકારે રાજ્યમાં ખાણીપીણીના માલિકો માટે આવા આદેશની જાહેરાત કરી હતી. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ તે અંગે ચિંતા વ્યક્ત કરી હતી. બાદમાં સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ આ આદેશ રદ કરવામાં આવ્યો હતો.

CELEBRATING EXCELLENCE 34 years GT

## ક્યા બાત હૈ ?!






# રાજસ્થાનની અદાલતે અજમેર દરગાહને શિવ મંદિર તરીકે જાહેર કરવાની માંગ કરતી અરજીની સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૨૬

અજમેરની એક અદાલતે સૂફી સંત મોઈનુદ્દીન ચિશ્તી (ર.અ.)ની પવિત્ર દરગાહને શિવ મંદિર તરીકે જાહેર કરવાની માંગ કરતી સિવિલ દાવાને સાંભળવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે તે અંગે તેનો કોઈ અધિકારક્ષેત્ર નથી. હિંદુ સેનાના પ્રમુખ વિષ્ણુ ગુપ્તા દ્વારા સિવિલ જજની કોર્ટમાં તેમના વકીલ દ્વારા દાખલ કરાયેલા દાવામાં દાવો કરવામાં આવ્યો હતો કે આ દરગાહ એક મંદિરના ખંડેર પર બાંધવામાં આવી હતી અને તેથી તેને ભગવાન શ્રી સંકટમોચન મહાદેવ મંદિર તરીકે જાહેર કરવું જોઈએ. તેણે એવી પણ માંગ કરી હતી કે, અધિનિયમ હેઠળ દરગાહના કાર્યોને રદબાતલ જાહેર કરવામાં આવે, અને હિંદુઓને પૂજા કરવાનો અધિકાર આપવામાં આવે અને ASI (ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ)ને આ સ્થળનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરવા માટે નિર્દેશ કરવામાં આવે. ગુપ્તાના વકીલ શશી રંજને જણાવ્યું હતું કે વાદીએ બે વર્ષનું સંશોધન કર્યું હતું અને જાણવા મળ્યું હતું કે "મુસ્લિમ આક્રમણકારોએ" શિવ મંદિરનો નાશ કર્યો હતો અને તેની ઉપર દરગાહ બનાવી હતી. રંજન અનુસાર, સિવિલ કોર્ટે કહ્યું કે આ દાવો સાંભળવો તેના અધિકારક્ષેત્રની બહાર છે અને મામલો મુલતવી રાખવામાં આવ્યો હતો. તેની આગામી સુનાવણી ૧૦ ઓક્ટોબરે થશે. હું આગામી સુનાવણી પહેલા દાવો ટ્રાન્સફર કરવા માટે જિલ્લા કોર્ટમાં અરજી દાખલ કરીશ. આ દરમિયાન, અજમેર દરગાહના ખાદીમનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા અંજુમન સૈયદના સેક્રેટરી સૈયદ સરવર ચિશ્તીએ આ સિવિલ કેસની નિંદા કરી હતી અને કોમી મુદ્દે સમાજને ખંડિત કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો હતો. ચિશ્તીએ અજમેરમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને આ દરગાહના આધ્યાત્મિક મહત્વ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે, અજમેરમાં ખ્વાજા ગરીબ નવાઝની પવિત્ર દરગાહ સમગ્ર વિશ્વમાં, ખાસ કરીને ભારતીય ઉપખંડમાં મુસ્લિમો અને હિંદુઓ દ્વારા સન્માન આપવામાં આવે છે. તેમાં કોઈ શંકા નથી કે કટ્ટર શક્તિઓ ૧૨મી સદીના આ સૂફીની દરગાહ પર નજર રાખીને મુસ્લિમોને અલગ પાડવા અને સાંપ્રદાયિક સંવાદિતાને ભંગ કરવાનો હેતુ ધરાવે છે. તેમણે આ અરજીને મુસ્લિમો વિરુદ્ધની ઈકોસિસ્ટમનો એક ભાગ ગણાવી હતી અને કહ્યું કે, છેલ્લા એક દાયકાથી, મુસ્લિમ સમુદાય વિરુદ્ધ આવા પ્રયાસો કરવામાં આવ્યા છે. ટોળા દ્વારા હત્યા અને મકાનો તોડવા જેવા મુદ્દાઓ પર વડાપ્રધાનના મૌનથી આવા દળોને પ્રોત્સાહન મળ્યું છે. હું આપણા દેશના લોકોને વિનંતી કરું છું જેઓ મહાત્મા ગાંધી અને બાબાસાહેબ આંબેડકરના મૂલ્યોમાં વિશ્વાસ કરે છે તેઓ આવી વિભાજનકારી શક્તિઓ વિરુદ્ધ વાત કરવી જોઈએ. આપણે આપણા મહાન રાષ્ટ્રને વિભાજક તત્વોથી બચાવવું જોઈએ. યુનાઈટેડ મુસ્લિમ ફોરમ રાજસ્થાન (યુએમએફઆર)ના પ્રમુખ મુઝફ્ફર ભારતીએ આ અરજીની ટીકા કરી અને તેને પૂજા સ્થાનો અધિનિયમ ૧૯૯૧નું ઉલ્લંઘન ગણાવી હતી. અજમેર દરગાહ છેલ્લાં ૮૦૦ વર્ષથી સાંપ્રદાયિક સૌહાર્દ, કરુણા, શાંતિ અને પ્રેમનો સંદેશ આપે છે, અને તેમણે કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રાલયને વિનંતી કરી કે તેઓએ કરોડો ભારતીયોની ભાવનાઓને ઠેસ પહોંચાડવા બદલ અરજદાર સામે કડક પગલાં લેવા જોઈએ.

**હિંદુ સેનાના પ્રમુખ વિષ્ણુ ગુપ્તાએ દાખલ કરેલા દાવામાં દાવો કરવામાં આવ્યો છે કે આ દરગાહ એક મંદિરના ખંડેર પર બનાવવામાં આવી હતી**

# 'CBIનું વલણ પક્ષપાતી છે' : કર્ણાટક રાજ્યમાં કેસોની તપાસ માટે એજન્સીની પરવાનગી પાછી ખેંચી

## કર્ણાટકના કાયદા મંત્રીએ રાજ્યમાં કામ કરવાની CBIની પરવાનગી રદ કરવા અને MUDA જમીન કૌભાંડના આરોપો વચ્ચેના કોઈપણ સંબંધને નકારી કાઢ્યો હતો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૬

કર્ણાટક સરકારે શુક્રવારે તેના પ્રદેશમાં તપાસ કરવા માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનની સંમતિ પાછી ખેંચી લીધી છે. કાયદા પ્રધાન એચ.કે. પાટીલે જણાવ્યું હતું કે, રાજ્ય સીબીઆઈની 'પક્ષપાતી' ક્રિયાઓને દર્શાવવા ઈચ્છે છે. વિપક્ષ દાવો કરે છે કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા વિપક્ષોના નેતાઓને નિશાન બનાવવાનો CBIને આદેશ આપવામાં આવ્યો છે અને તેમણે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામેના જમીન કૌભાંડના આરોપો સાથેની કોઈપણ લિંકને નકારી કાઢી હતી.

તેમણે કહ્યું કે, અમે રાજ્યમાં સીબીઆઈ તપાસ માટે ખુલ્લી સંમતિ પાછી ખેંચી રહ્યા છીએ. અમે એજન્સીના દુરૂપયોગ અંગે અમારી ચિંતા વ્યક્ત કરી રહ્યા છીએ. તેઓ પક્ષપાતી છે. તેથી જ આ નિર્ણય લઈ રહ્યા છીએ. આ MUDA (જમીન કૌભાંડ)ને કારણે લેવામાં આવેલો નિર્ણય નથી. પાટીલે પત્રકારોને કહ્યું કે, તમામ કેસમાં અમે સીબીઆઈને રિફર કર્યા છે, તેઓએ ચાર્જશીટ દાખલ કરી નથી. ઘણા કેસ પેન્ડિંગ રાખ્યા છે. તેઓએ અમે મોકલેલા કેસોની તપાસ કરવાનો પણ ઈન્કાર કર્યો છે. આવા અસંખ્ય કિસ્સાઓ છે.

કર્ણાટક હવે સીબીઆઈ માટે ખુલ્લી સંમતિ રદ કરવા માટે વિપક્ષ શાસિત રાજ્યોની લાંબી સૂચિમાં જોડાય ગયું છે. આ યાદીમાં તૃણમૂલ શાસિત બંગાળનો સમાવેશ થાય છે; તેમાં તમિલનાડુ, જ્યાં ડીએમકે સત્તામાં છે અને ડાબેરી નેતૃત્વવાળા કેરળનો સમાવેશ થાય છે. આ ખુલ્લી સંમતિને રદબાતલ કરવાનો અર્થ છે CBIને તપાસ માટે રાજ્ય સરકારોની લેખિત સંમતિની જરૂર છે. વિપક્ષી રાજ્યોએ દાવો કર્યો છે કે, ભાજપ ખાસ કરીને ચૂંટણી પહેલા તેના નેતાઓને નિશાન બનાવવા માટે સીબીઆઈ જેવી એજન્સીઓનો ઉપયોગ કરે છે. ડિસેમ્બરમાં કેન્દ્રએ રાજ્યોની ક્રિયાઓનો તીક્ષ્ણ પ્રતિસાદ આપ્યો હતો, સીબીઆઈને પરવાનગી માંગવાની આવશ્યકતાનો આગ્રહ રાખતા કેસોની તપાસ કરવાની તેની સત્તાઓને ગંભીર રીતે મર્યાદિત કરી હતી. સંસદીય પેનલે કહ્યું કે, કાયદો ઘડવાની જરૂર છે જેથી એજન્સી રાજ્યની 'દખલગીરી' વિના કેસોની તપાસ કરી શકે. તે સમયે પેનલે એ પણ સ્વીકાર્યું કે સીબીઆઈની કામગીરીમાં નિષ્પક્ષતા અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવા માટે સુરક્ષાની જરૂર છે જેથી રાજ્યો ભેદભાવની ફરિયાદ ન કરે.

કથિત મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી જમીન કૌભાંડના સંબંધમાં ટ્રાયલ કોર્ટ દ્વારા બુધવારે આદેશ આપ્યા પછી મુખ્યમંત્રી સિદ્ધારમૈયા પોલીસ કેસનો સામનો કરી રહ્યા છે. હાઈકોર્ટે રાજ્યપાલ થાવરચંદ ગેહલોતના પ્રોસિક્યુશનના આદેશને તેમના પડકારને રદ કર્યા પછી આ બન્યું છે. તેમની પત્ની, પાર્વતીને અન્યત્ર જમીનના વળતર તરીકે અપમાર્કેટ મૈસુર વિસ્તારમાં જમીનના બહુવિધ પ્લોટ ફાળવવામાં આવ્યા હતા જેમાં કથિત રીતે રાજ્યને ઓછામાં ઓછા રૂા.૪૦૦૦ કરોડનું નુકસાન થયું હતું. આ અઠવાડિયે કોર્ટના બે આદેશોને પગલે, ભાજપ અને તેના સાથી, જનતા દળ સેક્યુલરે કોંગ્રેસ અને તેના મુખ્યમંત્રી પર પ્રહારો કર્યા છે અને માગણી કરી છે કે, તેઓ નૈતિક ધોરણે રાજીનામું આપે. મુખ્યપ્રધાને આ આરોપને રદિયો આપ્યો છે; ગયા મહિને તેણે કહ્યું હતું કે, તેણે ચાર દાયકાની કારકિર્દીમાં કંઈપણ ગેરકાયદેસર કર્યું નથી.

# કેનેડાના પીએમ ટ્રુડો સંસદમાં અવિશ્વાસ મતથી હેમખેમ બચ્યા

## લિબરલ્સ પાસે હાલમાં ૧૫૩, કન્ઝર્વેટિવ્સ ૧૧૯, બ્લોક ક્વિબેકોઈસ ૩૩ અને એનડીપી ૨૫ બેઠકો ધરાવે છે

(એજન્સી) તા.૨૬

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો તેમની લઘુમતી લિબરલ સરકારની પ્રથમ મોટી કસોટીમાં અવિશ્વાસના મતથી બચી ગયા હતા, જેની લોકપ્રિયતા નવ વર્ષના કાર્યકાળ પછી ઘટી ગઈ છે. સંસદમાં સામસામા અપમાનજનક ઉચ્ચારો અને સંસદની ડેસ્ક પર મુઠ્ઠીઓ પછાડ્યા બાદ ઉગ્ર ચર્ચા બાદ તેઓએ લિબરલ્સને હટાવવાની અને ત્વરિત ચૂંટણીઓ માટે દબાણ કરવા માટે કન્ઝર્વેટિવની અવિશ્વાસ દરખાસ્તની વિરૂદ્ધ ૨૧૧ અને તરફેણમાં ૧૨૦ મત આપ્યા. સત્તા પર ટ્રુડોની પકડ નબળી પડી રહી છે અને આગામી દિવસો અને અઠવાડિયામાં વધુ પડકારોનો સામનો કરવઓ પડી શકે છે કારણ કે વિપક્ષી કન્ઝર્વેટિવ્સે વહેલી તકે સરકારને તોડી પાડવા માટે ફરીથી પ્રયાસ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. જાહેર અભિપ્રાયના મતદાનમાં ખૂબ આગળ, ટોરી નેતા પિયર પોઈલીવરને આ મહિનાની શરૂઆતમાં ડાબેરી ન્યુ ડેમોક્રેટિક પાર્ટી (NDP)એ લિબરલ્સ સાથે ગઠબંધન કરાર તોડી નાખ્યો ત્યારથી ત્વરિત ચૂંટણી માટે ખંજવાળ આવી રહી છે, જેના કારણે ટ્રુડો વહીવટીતંત્રને સત્તા ગુમાવવાનો ખતરો પેદા થયો છે. રાષ્ટ્રીય દેવું બમણું કરતી વખતે, જીવનનિર્વાહના વધતા જતા ખર્ચ, હાઉસિંગ કટોકટી અને ગુનાને સંબોધવામાં નિષ્ફળ રહેવા બદલ લડાયક પોઈલીવરે ટ્રુડો સામે વિરોધ નોંધાવ્યો હતો. તેમણે કોમન્સ ડિબેટ દરમિયાન જણાવ્યું હતું કે, કેનેડાનું ભવિષ્ય, "નવ વર્ષના લિબરલ સરકાર પછી, તૂટી ગયું છે." પરંતુ અન્ય વિરોધ પક્ષો, જેમના સમર્થનની ઉદારવાદીઓને પછાડવા માટે જરૂરી છે, તેમના જમણેરી એજન્ડા સામે પાછળ ધકેલાઈ ગયા છે. લિબરલ હાઉસ લીડર કરીના ગોલ્ડે ટોરીઝ પર "ગેમ રમવા"નો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું "મને લાગે છે કે તે ખૂબ જ ખેદજનક છે કે તેઓ આવતીકાલે બીજો અવિશ્વાસ મત રજૂ કરશે." અવિશ્વાસના મત પછી તરત જ, NDPએ ફરીથી લિબરલ્સનો સાથ આપ્યો અને બીજી રાજકીય કટોકટી ટાળી કેપિટલ ગેઈન ટેક્સ પર કાયદો પસાર કર્યો. પોઈલીવરે આગામી સપ્તાહમાં રજૂ કરવામાં આવનારી સરકારને ગબડાવવાની આગામી તક સાથે પ્રયાસ કરવાનું ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી છે. જો તે નિષ્ફળ જાય, તો તેની પાસે વર્ષના અંત પહેલા થોડી વધુ તકો હશે. અલગતાવાદી બ્લોક ક્વિબેકોઈસે ઓક્ટોબરના અંત પછી પણ સંસદમાં તેના સતત સમર્થન માટે શાસક લિબરલ્સ પાસેથી છૂટછાટોની માંગ કરી છે. ટ્રુડો ૨૦૧૫માં સત્તા પર આવ્યા અને ૨૦૧૯ અને ૨૦૨૧ મતપત્રોમાં પોઈલીવરના બે પુરોગામીઓને હરાવીને સત્તા જાળવવામાં સફળ રહ્યા. લિબરલ્સને સમર્થન આપવા માટે ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી સાથેના સોદાથી તેમની સરકાર ૨૦૨૫ના અંત સુધી કાર્યાલયમાં રહેશે. પરંતુ એનડીપી, લિબરલ્સ સાથેનું જોડાણ તેની પોતાની લોકપ્રિયતાને નુકસાન પહોંચાડતા જોઈને, વહેલા સોદામાંથી બહાર નીકળી ગયું. તાજેતરના એંગસ રીડના મતદાન મુજબ, શાસક પક્ષ માટે ૨૧ ટકાની સામે ૪૩ ટકા વોટિંગ ઈરાદા સાથે કન્ઝર્વેટિવ્સ લિબરલ્સ કરતાં ખૂબ આગળ છે, એનડીપી ૧૯ ટકા પર છે. આગળ જતાં, NDP નેતા જગમીત સિંહે જણાવ્યું હતું કે તેમની પાર્ટી મતદાન કેવી રીતે કરવું તે નક્કી કરતા પહેલા સંસદમાં દરેક બિલનું મૂલ્યાંકન કરશે. બ્લોક લીડર યવેસ-ફ્રેન્કોઈસ બ્લેન્ચેટે જણાવ્યું હતું કે તેઓ ઓક્ટોબરના અંત સુધી સરકારને ટકાવી રાખવાનો પ્રયાસ કરશે. પરંતુ જો ત્યાં સુધીમાં તેની કાયદાકીય પ્રાથમિકતાઓ પર કોઈ હિલચાલ ન થઈ હોય, તો તેમણે કહ્યું કે બ્લોક લિબરલ્સની વિરૂદ્ધ થઈ જશે. કેનેડાની વેસ્ટમિન્સ્ટર સંસદીય પ્રણાલીમાં શાસક પક્ષે હાઉસ ઓફ કોમન્સનો વિશ્વાસ રાખવો જોઈએ, જેનો અર્થ છે કે બહુમતી સભ્યોનો ટેકો જાળવી રાખવો. લિબરલ્સ પાસે હાલમાં ૧૫૩ સીટો છે, જેની સામે કન્ઝર્વેટિવ પાસે ૧૧૯, બ્લોક ક્વિબેકોઈસ માટે ૩૩ અને એનડીપી પાસે ૨૫ સીટો છે.

# અમેરિકી વિઝા માફી કાર્યક્રમમાં જોડાનાર કતાર પ્રથમ અરબ રાષ્ટ્ર બન્યું

## આ કાર્યક્રમમાં કતારની સ્વીકૃતિ તેને ૪૧ અન્ય દેશોની યાદીમાં મૂકે છે જેમણે આ પ્રવાસ સુવિધાનો લાભ લીધો છે

(એજન્સી) તા.૨૬

એક નોંધપાત્ર વિકાસમાં કતાર સત્તાવાર રીતે યુનાઈટેડ સ્ટેટ્સ વિઝા વેવર પ્રોગ્રામ સૂચિમાં જોડાનાર બીજો મુસ્લિમ બહુમતી દેશ અને પ્રથમ અરબ રાષ્ટ્ર બની ગયો છે, જે દેશના નાગરિકોને વિઝા વિના ૯૦ દિવસ સુધી યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાત લેવાની પરવાનગી આપે છે.

આ જાહેરાત યુએસ ડિપાર્ટમેન્ટ્સ ઓફ સ્ટેટ અને હોમલેન્ડ સિક્યુરિટી દ્વારા મંગળવાર, ૨૪ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી હતી. કતાર વિઝાના નીચા નકાર દરો અને રાષ્ટ્રમાં યુએસ પ્રવાસીઓને વિઝા-મુક્ત પ્રવેશની જોગવાઈ સહિત પ્રોગ્રામના તમામ નિયમો અને શરતોનું પાલન કરે છે. યુનાઈટેડ સ્ટેટ્સ વિઝા વેવર પ્રોગ્રામમાં કતારનો ઉમેરો થવાથી આ દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોમાં વધારો થશે તેવું માનવામાં આવે છે. સેક્રેટરી ઓફ સ્ટેટ, એન્ટની બ્લિંકનના જણાવ્યા અનુસાર આનાથી લોકો અને માલસામાનની અવરજવરમાં દ્વિપક્ષીય સંબંધોમાં વધારો થશે અને આમ બંને રાષ્ટ્રોને પ્રોત્સાહન મળશે. આ પ્રોગ્રામમાં કતારની સ્વીકૃતિ તેને ૪૧ અન્ય દેશોની યાદીમાં મૂકે છે જેમણે આ પ્રવાસ સુવિધાનો લાભ લીધો છે. યુનાઈટેડ સ્ટેટ્સ વિઝા વેવર પ્રોગ્રામ માટે ક્વોલિફાય થવા માટે કતારને અમુક સુરક્ષા ધોરણો પૂરા કરવા પડ્યા હતા, જે આ કેટેગરી મેળવવા માંગતા કોઈપણ દેશ માટે પરાકાષ્ઠા હોઈ શકે છે. આમાં આતંકવાદ વિરોધી, કાયદા અમલીકરણ એજન્સીઓ અને ઈમિગ્રેશન અમલીકરણ પગલાં સાથે સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. યુએસ મુસાફરોની અદ્યતન માહિતી તેમજ જાણીતા અથવા શંકાસ્પદ આતંકવાદીઓની યાદી અને ડેટાબેઝની એક્સેસ મેળવશે, જે બંને દેશો વચ્ચે સુરક્ષા સહયોગમાં સુધારો કરશે. યુનાઈટેડ સ્ટેટ્સ વિઝા વેવર પ્રોગ્રામ ઔપચારિક રીતે કતારના નાગરિકો માટે ૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં અમલમાં આવશે. બીજું, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી દ્વિપક્ષીય પ્રવાસન પ્રભાવી વિઝા માફીની અવધિ ૩૦થી ૯૦ દિવસ સુધી વધારશે અને તેને પ્રોત્સાહન આપશે.

**બે વર્ષમાં ત્રીજી વખત દિલ્હી રમખાણોના કેસના આરોપીની જામીન અરજી પર સુનાવણી નવેસરથી થશે**

— — — — — —

**'અમે કોંગ્રેસથી નજદિકી અનુભવીએ છીએ' : NCP(પવાર)-કોંગ્રેસ જોડાણની ચર્ચા અંગે સુપ્રિયા સુલે**

— — — — — —

**શું ગોળીબાર થાય તો પોલીસ તાળીઓ પાડે ? : બદલાપુર એન્કાઉન્ટર અંગે દેવેન્દ્ર ફડણવીસ**

— — — — — —

**'અત્યંત વાંધાજનક' : વિધવાને મેક-અપની જરૂર ન હોય એવા પટણા હાઈકોર્ટના તારણ અંગે સુપ્રીમની ટકોર**

## દેવેન્દ્ર યાદવે કહ્યું કે, કોંગ્રેસ MCD સ્ટેન્ડિંગ કમિટીની ચૂંટણીથી દૂર રહેશે

(એજન્સી) તા.૨૬

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિના સભ્યની ચૂંટણી ગુરૂવારે મોકૂફ રાખવામાં આવી હતી. હકીકતમાં ડો.શૈલી ઓબેરોયે સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની ચૂંટણી માટે બોલાવવામાં આવેલી ગૃહની બેઠક ૫ ઓક્ટોબર સુધી સ્થગિત કરી દીધી હતી. તેમણે કહ્યું કે કોર્પોરેશનના અધિકારીઓ તેમના આદેશનું પાલન કરી રહ્યા નથી, આવી સ્થિતિમાં કાર્યવાહી સ્થગિત કરવામાં આવી છે, તમને જણાવી દઈએ કે, સ્થાયી સમિતિના સભ્યની ચૂંટણી માટે ગુરુવારે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન હાઉસની બેઠક બોલાવવામાં આવી હતી. ચૂંટણીને લઈને માર્ગદર્શિકા પણ બહાર પાડવામાં આવી હતી, જેમાં મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. પરંતુ જ્યારે આમ આદમી પાર્ટીના કાઉન્સિલરો પહોંચ્યા અને તેમને તેમના મોબાઈલ ફોન ગૃહમાં લઈ જવાની મનાઈ કરવામાં આવી ત્યારે તેઓ ગુસ્સે થઈ ગયા અને ગેટ પર ધરણા પર બેસી ગયા. કોંગ્રેસ આ ચૂંટણીથી દૂર રહી છે. દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ દેવેન્દ્ર યાદવે કહ્યું કે કોંગ્રેસની જવાબદારી જનતાની છે. તેથી કોંગ્રેસના કાઉન્સિલરો આ ચૂંટણીમાં મતદાન નહીં કરે. જાણકારી માટે તમને જણાવી દઈએ કે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસના નવ કાઉન્સિલર છે.

# ૧૪ મહિના પછી સુપ્રીમ કોર્ટ દ્વારા મની લોન્ડ્રિંગ કેસમાં પૂર્વ DMK મંત્રી સેંથિલ બાલાજીને જામીન

## DMK કેબિનેટમાં પૂર્વ આબકારી મંત્રીની ED દ્વારા જૂન ૨૦૨૩માં નોકરી માટે રોકડ કૌભાંડ સાથે સંકળાયેલા કેસમાં ધરપકડ કરવામાં આવી હતી

(એજન્સી) તા.૨૬

સુપ્રીમ કોર્ટે ડીએમકેના પૂર્વ પ્રધાન સેંથિલ બાલાજીને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં જામીન આપ્યા હતા. પૂર્વ પ્રધાનની કેન્દ્રીય એજન્સી દ્વારા ગયા વર્ષે જૂનમાં નોકરી બદલ રોકડ કૌભાંડના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી જ્યારે તેઓ અગાઉના જયલલિતાના શાસનમાં પરિવહન પ્રધાન હતા. બાલાજીની જામીન અરજી પર સુનાવણી કરતા ન્યાયમૂર્તિ અભય ઓકા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી બેન્ચે દ્રવિડ મુનેત્ર કઝગમના નેતાને જામીનની સખત શરતો લાદ્યા બાદ રાહત આપી હતી. બેન્ચે અવલોકન કર્યું કે, જામીનની કડક શરતો અને ટ્રાયલમાં વિલંબ એકસાથે થઈ શકે નહીં. કરૂરના DMKના મજબૂત નેતા સેંથિલ બાલાજીને ગયા વર્ષે ૧૪ જૂને ED દ્વારા મની લોન્ડ્રિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તેઓ અગાઉના AIADMK શાસનમાં પોર્ટફોલિયો સંભાળતા હતા ત્યારે પરિવહન વિભાગમાં ઉમેદવારોને નોકરી આપવા માટે લાંચ લેવાના આરોપમાં કથિત રીતે ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ પહેલા EDએ તેમના નિવાસસ્થાન અને ઓફિસ પરિસરમાં દરોડા પાડ્યા હતા. તમિલનાડુ સરકારમાં વીજળી, પ્રતિબંધ અને આબકારી ખાતાના પ્રધાન રહેલા બાલાજીને મુખ્યપ્રધાન એમ.કે. સ્ટાલિન દ્વારા ધરપકડ પછી પણ પ્રધાનમંડળમાં જાળવી રાખવામાં આવ્યા હતા. સ્ટાલિનને આશા હતી કે, તે ટૂંક સમયમાં જ જામીન પર જેલમાંથી છૂટી જશે. કોર્ટે તેમની બહુવિધ જામીન અરજીઓ ફગાવી દીધા બાદ બાલાજીને આ વર્ષે ફેબ્રુઆરીમાં રાજીનામું આપવું પડ્યું હતું. બાલાજીનું મંત્રી તરીકે ચાલુ રહેવું એ મુખ્યપ્રધાન સ્ટાલિન અને રાજ્યપાલ આર.એન. રવિ વચ્ચે ટકરાવનો મુદ્દો હતો. રાજ્યપાલે ગયા વર્ષે ૨૯ જૂને સેંથિલ બાલાજીને કેબિનેટમાંથી તાત્કાલિક અસરથી એકપક્ષીય રીતે બરતરફ કર્યા હતા. જો કે, તેમણે પાછળથી કાર્યવાહી પલટવી પડી હતી. ઈડીએ ગયા વર્ષે ઓગસ્ટમાં બાલાજી વિરૂદ્ધ ૩૦૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. સ્થાનિક કોર્ટે તેમની જામીન અરજી ત્રણ વખત ફગાવી દીધી હતી. ૧૯ ઓક્ટોબરે હાઈકોર્ટે પણ બાલાજીની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.

# 'જિનપિંગની ટીકા' કરનાર ટોચના ચાઈનીઝ અર્થશાસ્ત્રી ગાયબ; ચીનમાં ગુમ થવાની લાંબી સૂચિમાં તાજેતરનો કેસ

## ઝુ હેંગપેંગ એ તત્કાલીન વિદેશપ્રધાન કિન ગેંગ અને સંરક્ષણ પ્રધાન લી શાંગફુ ગયા વર્ષે ભૂમિકાઓમાંથી મુક્ત થતાં પહેલાં જાહેર દૃષ્ટિકોણથી અદૃશ્ય થઈ ગયા પછીનો સૌથી હાઈ-પ્રોફાઈલ કેસ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

અગ્રણી ચીની અર્થશાસ્ત્રી ઝુ હેંગપેંગે ખાનગી જૂથ ચેટમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગની ટીકા કર્યા પછી લોકોની નજરથી અદશ્ય થઈ ગયા છે. ૫૫ વર્ષીય આ વ્યક્તિએ સરકાર સાથે જોડાયેલી થિંક ટેન્કમાં કામ કર્યું હતું, તે હવે વિવિધ કારણોસર અદશ્ય થઈ ગયેલી અગ્રણી ચીની વ્યક્તિઓ અને અધિકારીઓની લાંબી સૂચિમાં જોડાય ગયા છે. તેમનો ગુનો શું હતો ? તેમણે કથિત રીતે WeChat પરના એક ખાનગી જૂથમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગના ચીનની અર્થવ્યવસ્થાના સંચાલન પર સવાલ ઊઠાવ્યા હતા. ધ વોલ સ્ટ્રીટ જર્નલના જણાવ્યા અનુસાર, ઝુની અટકાયત કરવામાં આવી હતી અને તેના પદ પરથી હટાવવામાં આવ્યો હતો અને એપ્રિલથી તે જાહેરમાં જોવા મળ્યો નથી.

તેઓ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક્સમાં ડેપ્યુટી ડાયરેક્ટર અને ચાઈનીઝ એકેડેમી ઓફ સોશિયલ સાયન્સ (Cass) ખાતે પબ્લિક પોલિસી રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર તરીકે કામ કરતા હતા, જે ચીનની ટોચની વહીવટી સંસ્થા સ્ટેટ કાઉન્સિલ દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. આ પહેલીવાર નથી જ્યારે કોઈ ચીની વ્યક્તિ જાહેર જીવનમાંથી ગાયબ થઈ ગઈ હોય અને વિદેશપ્રધાન કિન ગેંગ અને સંરક્ષણ પ્રધાન લી શાંગફુ ગયા વર્ષે તેમની ભૂમિકાઓમાંથી દૂર થયા તે પહેલાં ગાયબ થઈ ગયા ત્યાર પછીનો આ અર્થશાસ્ત્રીનો સૌથી હાઈ-પ્રોફાઈલ કેસ છે. સંરક્ષણ પ્રધાનની નિમણૂક થયાના માત્ર આઠ મહિના પછી તેમજ રોકેટ ફોર્સના વડાઓ, જનરલ લી યુચાઓ અને ઝુ ઝોંગબોને દૂર કરવામાં આવ્યા તે એક મોટાપાયે ફેરફારનો એક ભાગ હતો. તેમને દૂર કરવા માટે કોઈ સત્તાવાર કારણ આપવામાં આવ્યું ન હતું, પરંતુ એવી અટકળો હતી કે, તે સૈન્યમાં ભ્રષ્ટાચારને જડમૂળથી દૂર કરવાના રાષ્ટ્રપતિના પ્રયાસોનો એક ભાગ હતો.

જો કે, આ ચારેય ટોચના અધિકારીઓને ક્ઝીના આશ્રિત માનવામાં આવતા હતા તે જોતાં વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, તેમની હકાલપટ્ટી તેમના અભૂતપૂર્વ ત્રીજા કાર્યકાળમાં ક્ઝીની સત્તા પરની પકડમાં સંભવિત વિવાદનો સંકેત આપે છે. ચીની વહીવટીતંત્ર ટીકા પ્રત્યે સંવેદનશીલ છે અને ભૂતકાળમાં નાગરિકો, પત્રકારો, સ્પોર્ટ્સ સ્ટાર્સ અને ઉદ્યોગપતિઓ પણ ગુમ થઈ ગયા છે અને તેમાંના ઘણા પાછા પણ આવી ગયા છે. સૌથી મોટી ચાઈનીઝ ઈ-કોમર્સ વેબસાઈટ અલીબાબાના સ્થાપક જેક મા નવેમ્બર ૨૦૨૦માં દેશના નાણાકીય નિયમનકારોની ટીકા કર્યા બાદ ગુમ થઈ ગયા હતા. ત્રણ મહિના સુધી જેક મા જાહેરમાં આવ્યા ન હતા. આખરે તે વિદેશમાં જોવા મળ્યો હતો. ૨૦૨૧માં ચીન પરત ફર્યા ત્યારથી અબજોપતિએ લો પ્રોફાઈલ રાખી છે. વુહાન સેન્ટ્રલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગના પૂર્વ વડા, કોવિડ-૧૯ની શોધ કરનાર ડૉ.એઈ ફેન પણ ૨૦૨૦માં અદશ્ય થઈ ગયા હતા. તે SARS-CoV-2ના કેસ શોધી કાઢનાર પ્રથમ વ્યક્તિ હતા. રેન વુ મેગેઝિનમાં એક ઈન્ટરવ્યુ પછી તેની અટકાયત કરવામાં આવી હોવાનું માનવામાં આવતું હતું. ચાઈનીઝ ટેનિસ ખેલાડી પેંગ શુઆઈ પણ ૨૦૨૧માં ગાયબ થઈ ગઈ હતી જ્યારે તેણીએ પૂર્વ વાઈસ પ્રીમિયર ઝાંગ ગાઓલી પર જાતીય શોષણનો આરોપ લગાવ્યો હતો. એટલાન્ટિક કાઉન્સિલે ૨૦૨૩માં જણાવ્યું હતું કે, અચાનક ગાયબ થઈ જવાની વિક્ષેપકારક અસર ક્ઝી અને તે જે કર્મચારીની દેખરેખ રાખે છે તેની અંતર્ગત ભૂલો અને ગેરસમજણોને સૂચવે છે.

# અલીગઢની આઘાતજનક ઘટના : સાત વર્ષના બાળકને નિર્વસ્ત્ર કરીને ઢોરમાર મારી ઈલેક્ટ્રિકના આંચકા અપાયા, સ્કૂલની બેગ ઘરે ભૂલી જવા બદલ શાળાના શિક્ષકે આપી ભયંકર અમાનવીય સજા

(એજન્સી) અલીગઢ, તા.૨૬

અલીગઢમાં બનેલી એક અત્યંત આઘાતજનક ઘટનામાં શહેરમાં લોધા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી એક ખાનગી શાળાના શિક્ષકે અત્યંત ક્રુરતા પૂર્વક ૭ વર્ષની વયના શાળાના બાળકને નિર્વસ્ત્ર કરીને તેને ઢોર માર મારીને એ વીજળીના શોક આપ્યા હોવાની ઘટના બની હતી અને કારણ માત્ર એટલું હતું કે આ બાળક સ્કૂલની બેગ ઘરે ભૂલી આવ્યો હતો એટલે આ શિક્ષકે ભાન ગુમાવી દીધું હતું અને ભયાનક રીતે આવી સજા કરી હતી બાળકે ઘરે આવીને રડતા-રડતા પોતાની આપવી તી જણાવી હતી આથી પરિવારજનો પોલીસ મથકે દોડી ગયા હતા અને શિક્ષક સામે ફરિયાદ દાખલ કરી હતી. પોલીસે તપાસ શરૂ કરી છે. ભરત નાગલા ગામમાં રહેતા દિલીપ કુમારે પોલીસને જણાવ્યું હતું કે મારો પુત્ર જેમ્સ ખેરેશ્વર મંદિર પાસે આવેલી ખાનગી શાળામાં યુકેજીમાં અભ્યાસ કરે છે. બનાવના દિવસે હું શહેરની બહાર હતો અને મારા પત્નીની તબિયત સારી નથી આથી બાળકને તેના દાદા શાળાએ મૂકવા ગયા હતા.

## પરિવારજનોએ શાળાના શિક્ષક સામે ફરિયાદ દાખલ કર્યા બાદ પોલીસે શરૂ કરી તપાસ

પરિવારજનોનો આક્ષેપ છે કે બાળક ઘરે સ્કૂલની બેગ ભૂલી ગયો હતો આજે શિક્ષક ખીજાયો હતો અને બે રહેમ રીતે બાળકને ઢીબી નાખ્યો હતો એટલું જ નહીં તેના કપડા અને જોડા પણ કાઢી નાખ્યા હતા અને ઈલેક્ટ્રીકન આ ચકા બાળકને આપ્યા હતા અને આ રીતે તેની સાથે ખૂબ જ પાસવી ઢબે ક્રૂડતા આચરી હતી બાળક રડતું-રડતું ઘરે આવ્યું હતું અને માતાને બધી વાત જણાવી હતી આથી માતા પણ અવાચક થઈ ગયા હતા. બાળકનો પરિવાર તુરત જ શાળાએ પહોંચી ગયો હતો અને ઘટનાનો વિરોધ કર્યો હતો અને પોલીસને પણ જાણ કરી હતી. પોલીસની ટીમ પણ સ્કૂલ પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી ત જોકે શાળાનું આચાર્ય આવી કોઈ ઘટના બન્યાનો ઈન્કાર કરે છે અને સીસીટીવી ફૂટેજ જોઈ લેવાનો આગ્રહ કરે છે. પોલીસે નિવેદનો લેવાનું શરૂ કર્યું છે તેવું ડીએસપી રંજન શર્માએ જણાવ્યું હતું.

# લેબેનોન આક્રમણ; અમેરિકા અને ફ્રાન્સની યુદ્ધવિરામની દરખાસ્ત ફગાવી દેતું ઈઝરાયેલ, પૂરી તાકાત સાથે સેનાને તૂટી પડવા ઈઝરાયેલના પ્રમુખનો આદેશ

## ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે સંઘર્ષ શરૂ થયા પછી અમેરિકા તથા ફ્રાન્સ સહિતના દેશોએ યુદ્ધવિરામ ૨૧ દિવસ માટે તાત્કાલિક લાગુ કરવાની અપીલ કરી હતી

(એજન્સી) દમાસ્કસ, તા.૨૬

લેબેનોન પરનું આક્રમણ અટકાવી દઈને તાત્કાલિક ધોરણે ૨૧ દિવસનો યુદ્ધવિરામ જાહેર કરવા અમેરિકા તેમજ ફ્રાંસ અને અન્ય સાથી દેશોએ રજૂ કરેલી દરખાસ્ત આજે ઈઝરાયેલ દ્વારા ફગાવી દેવામાં આવી છે. ઊલટું ઈઝરાયેલના રાષ્ટ્રપ્રમુખ બેન્જામીન નેતાન્યાહુએ પૂરી તાકાત સાથે લેબેનોન પર તૂટી પડવા ઈઝરાયેલની સેનાને આદેશ આપ્યો છે. ઈઝરાયેલના પીએમની કચેરીએ યુદ્ધવિરામની દરખાસ્ત ભગાવી દીધી હતી અને જાહેર કર્યું હતું કે યુદ્ધવિરામ થઈ રહ્યા અંગેના અહેવાલો સાચા નથી. આ દરખાસ્ત અમેરિકા અને ફ્રાન્સની છે અને વડાપ્રધાન નેતાન્યાહુએ તેનો કોઈ જવાબ આપ્યો નથી. તાકાત સાથે ઈઝરાયેલની સેનાને યુદ્ધ ચાલુ રાખવાનો વડાપ્રધાને આદેશ આપ્યો હોવાનું જાહેર થયું છે. આ અગાઉ અમેરિકા અને ફ્રાન્સે ઈઝરાયેલ તથા લેબેનોન બોર્ડર પર ૨૧ દિવસનો યુદ્ધવિરામ તાકીદે લાગુ કરવાની દરખાસ્ત રજૂ કરી હતી પરંતુ તેને ગણતરીના કલાકોમાં ઈઝરાયેલના વડાપ્રધાન દ્વારા દરખાસ્ત નકારી કાઢવામાં આવી છે અને ઈઝરાયેલના વિદેશ મંત્રી ઈઝરાયેલ કાત્ઝે જણાવ્યું હતું કે કોઈ યુદ્ધ વિરામ થશે નહીં. અમે આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહ સામે લડાઈ ચાલુ રાખશો અને અમારી પૂરી તાકાત સાથે વિજય ન મળે ત્યાં સુધી અને ઉત્તર વિભાગના રહેવાસીઓ તેમના ઘરોમાં સલામત પાછા ન આવી જાય ત્યાં સુધી યુદ્ધ ચાલુ રાખશો.

# RSSએ 'ઉંદરની જેમ' ઝારખંડ પર આક્રમણ કર્યું છે : ભાજપ નેતાઓને ખરીદી રહ્યું છે : હેમંત સોરેન

## સાહિબગંજ ખાતે એક રેલીને સંબોધન કરતાં હેમંત સોરેને દાવો કર્યો હતો કે, ભાજપ હિંદુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચે વિખવાદ ઊભો કરે છે

(એજન્સી) તા.૨૬

ઝારખંડના મુખ્યપ્રધાન હેમંત સોરેને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તુલના "ઉંદરો" સાથે કરી હતી અને ભાજપ અને RSS બંને પર ચૂંટણીના લાભ માટે રાજ્યમાં સાંપ્રદાયિક સૌહાર્દને બગાડવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. સાહિબગંજ ખાતે એક રેલીને સંબોધન કરતાં હેમંત સોરેને દાવો કર્યો હતો કે ભાજપ હિંદુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચે વિખવાદ ઊભો કરે છે. તેમણે કહ્યું કે, આરએસએસ ઉંદરોની જેમ રાજ્ય પર આક્રમણ કરી રહ્યું છે અને તેનો નાશ કરી રહ્યું છે. તેઓ રાજકીય લાભ માટે ચૂંટણી પહેલા સાંપ્રદાયિક અશાંતિ અને તણાવ પેદા કરવા માંગે છે. હેમંત સોરેને પીએમ મોદીને પત્ર લખીને રૂા.૧.૩૬ લાખ કરોડના લેણાં મુક્ત કરવાની માંગ કરી છે. હેમંત સોરેને આક્ષેપ કર્યો હતો કે ભાજપ સમુદાયો વચ્ચે નફરતને ઉત્તેજન આપવાનો હેતુ ધરાવે છે, મંદિરો અને મસ્જિદોમાં માંસ ફેંકવા જેવી ઉશ્કેરણીજનક ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. તેમણે ભાજપને વેપારીઓ અને ઉદ્યોગપતિઓની પાર્ટી ગણાવતા તેના પર રાજકીય નેતાઓને તેના એજન્ડા માટે ખરીદવાનો આરોપ લગાવ્યો હતો. મુખ્યમંત્રીએ ઝારખંડમાં વસ્તી વિષયક ફેરફારોના ભાજપના આરોપોને ફગાવી દીધા હતા અને સૂચન કર્યું કે ટીકાકારોએ પડોશી પશ્ચિમ બંગાળના વસ્તી વિષયક ડેટા પર ધ્યાન આપવું જોઈએ. તેમણે આસામના મુખ્યપ્રધાન પર પણ આકરા પ્રહારો કર્યા હતા, અને ઝારખંડમાં તેમની હાજરી પર સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે, તેમના પોતાના રાજ્યમાં આદિવાસીઓ અત્યાચારોનો સામનો કરી રહ્યા છે. બીજેપીના વરિષ્ઠ નેતા અર્જુન મુંડાએ દાવો કર્યો છે કે ઝારખંડના લોકોને હેમંત સોરેનની આગેવાની હેઠળની સરકાર દ્વારા "દગો" કરવામાં આવ્યો છે. ભાજપની ચાલી રહેલી પરિવર્તન યાત્રાનો ઉદ્દેશ્ય તમામ મોરચે વર્તમાન સરકારની નિષ્ફળતાને પ્રકાશિત કરવાનો છે. રાજ્ય સરકાર આદિવાસીઓના હિતોની વાત કરે છે. આદિવાસીઓને જે નુકસાન થયું છે તે આવનારા દિવસોમાં સામે આવશે.

# જમ્મુ-કાશ્મીર ચૂંટણી : જમ્મુમાં આશરે ૪૦ ટકા શરણાર્થી કાશ્મીરી પંડિતોએ મતદાન કર્યું

(એજન્સી) તા.૨૬

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં બુધવારે લગભગ ૪૦ ટકા સ્થળાંતરિત કાશ્મીરી પંડિતોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. સ્થળાંતરિત કાશ્મીરી પંડિતો માટે જમ્મુ, દિલ્હી અને ઉધમપુરમાં ૨૪ મતદાન મથકો બનાવવામાં આવ્યા હતા. રાહત અને પુનર્વસન કમિશનર અરવિંદ કારવાણીએ જણાવ્યું કે, 'વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં જમ્મુના ૧૯ મતદાન મથકો પર લગભગ ૪૦ ટકા મતદાન થયું હતું, જ્યારે ઉધમપુરમાં ૩૭ ટકા અને દિલ્હીમાં ૪૩ ટકા મતદાન થયું હતું.' સત્તાવાર આંકડાઓ અનુસાર, ૩,૫૧૪ પુરૂષો અને ૨,૭૩૬ મહિલાઓ સહિત કુલ ૬,૨૫૦ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. એક સમયે કાશ્મીરી પંડિતોનો ગઢ ગણાતા હબકદલ મતવિસ્તારમાં સૌથી વધુ ૨,૭૯૬ મત પડ્યા હતા. જે બાદ લાલ ચોકમાં ૯૦૯ અને જડીબલમાં ૪૧૭ વોટ પડ્યા હતા. ૧૮ સપ્ટેમ્બરના રોજ પ્રથમ તબક્કામાં, ૩૪,૦૦૦માંથી ૯,૨૧૮ કાશ્મીરી પંડિતોએ જમ્મુની દક્ષિણ કાશ્મીર બેઠકો માટે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જ્યારે બુધવારે બીજા તબક્કામાં મધ્ય કાશ્મીર બેઠકો માટે ૧૫,૫૦૦થી વધુ મતદારોમાંથી ૬,૨૫૦ મતદારોએ મતદાન કર્યું હતું. બુધવારે જમ્મુ-કાશ્મીરની ૨૬ વિધાનસભા બેઠકો પર મતદાન થયું.

# ગોવા પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પર્યાવરણ-સંવેદનશીલ વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રોજેક્ટ મંજૂરીઓ અંગે ચિંતા વ્યક્ત કરી, રાજ્યપાલના હસ્તક્ષેપની વિનંતી કરી

(એજન્સી) તા.૨૬

ગોવા પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં ગોવા ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એન્ડ ફેસિલિટેશન બોર્ડ (GIPFB) દ્વારા અપાયેલી ગેરકાયદેસર પ્રોજેક્ટ મંજૂરીઓ પર ચિંતા વ્યક્ત કરી છે. કોંગ્રેસના ઉપાધ્યક્ષ સુનીલ કાવંથકરના પત્ર વિશે ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, કોંગ્રેસ ઉપાધ્યક્ષ સુનીલ કાવંથકરે ગોવાના રાજ્યપાલને એક પત્ર લખ્યો હતો, જેમાં સ્પાર્ક હેલ્થલાઈન પ્રાઈવેટ લિમિટેડને પ્રોજેક્ટના સંબંધમાં હસ્તક્ષેપ કરવા વિનંતી કરવામાં આવી હતી. આ પત્રમાં ગંભીર પર્યાવરણીય ઉલ્લંઘનોની રૂપરેખા આપવામાં આવી છે, જેમ કે ટેકરી કાપવા અને ઢોળાવ પર બાંધવા, જે રાજ્યના નિયમોનું ઉલ્લંઘન કરે છે. કાવંથકરે ગોવાના રક્ષણ માટે પક્ષની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો, પર્યાવરણીય સંરક્ષણ પર કોર્પોરેટ હિતોને પ્રાધાન્ય આપવા બદલ મુખ્યમંત્રી પ્રમોદ સાવંતની ટીકા કરી. GIPFB દ્વારા આ તપાસ કોઈ નવી વાત નથી. અગાઉ, ૧૩ જૂન, ૨૦૨૪ના રોજ, ગોવામાં બોમ્બે હાઈકોર્ટે ધારગાલિમમાં વિવાદાસ્પદ ડેલ્ટિન ટાઉન પ્રોજેક્ટ અંગે IPBને નોટિસ જારી કરી હતી. ગોવા ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એન્ડ સિંગલ વિન્ડો ક્લિયરન્સ એક્ટ, ૨૦૨૧ હેઠળ સૂચિત સંકલિત રિસોર્ટની મંજૂરીએ સ્થાનિક આજીવિકાને જોખમમાં મૂકવાની અને ગોવાની નાજુક ઈકોસિસ્ટમને નુકસાન પહોંચાડવાની તેની સંભવિતતા અંગે ચિંતા ઊભી કરી છે. હાઈકોર્ટે IPB અને સંબંધિત સરકારી વિભાગો પાસેથી તેમના નિયમનકારી ઉલ્લંઘનો માટે સમર્થન માંગ્યું છે.

# દિલ્હીની મુસ્લિમ મહિલાઓનો ડ્રગ્સના દૂષણ સામે મર્દાનગી ભર્યો જંગ

**૧૦ કે ૧૨ વર્ષની ઉંમરના બાળકોથી માંડીને હટ્ટાકટ્ટા યુવાનો સુધી સમાજના યુવા પેઢીના આશા અને અરમાનોને ખતમ કરી રહેલા ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખેડી નાંખવા મહિલાઓએ મેદાનમાં આવી અભૂતપૂર્વ લડત શરૂ કરી; દિલ્હીના જામિયા નગર વિસ્તારની પ્રેરણા આપતી ગાથા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

૧૦ કે ૧૨ વર્ષની ઉંમરનો બાળક ડ્રગ્સ લેતો થઈ જાય અને હટ્ટોકટ્ટો યુવાન દીકરો ડ્રગ્સના દૂષણમાં ઘેરાઈ જાય તો કઈ માં કે કઈ બહેન સહન કરી શકે આવી જ હાલત કંઈક દિલ્હીના દક્ષિણ વિસ્તારમાં આવેલા જામિયા નગર વિસ્તારમાં જોવા મળી રહી છે અહીં નાની વયના તરૂણોથી માંડીને જુવાનિયા ડ્રગ્સની લતનો શિકાર બની ગયો હોવાથી અંતે અબળા કહેવાથી મહિલાઓએ જ અવાજ ઊઠાવ્યો છે અને મુસ્લિમ મહિલાઓના સંગઠને ડ્રગ્સના દૂષણ સામે મર્દાનગી ભરી લડાઈ શરૂ કરી છે.

જામિયા નગરના સૌથી ગીચ વસ્તી ધરાવતા શાહીબાગ અને બાટલા હાઉસ જેવા વિસ્તારોમાં નવી પેઢીનો નશીલા પદાર્થોનો શિકાર બનીને આર્થિક અને શારીરિક રીતે કુંવાર થઈ રહી છે છેવટે પોતાના સંતાનોને ડ્રગ્સની નર્કની ગર્તામાં ઉતરતા જોઈ ન શકેલી મુસ્લિમ મહિલાઓએ ડ્રગ્સના દૂષણ સામે અભૂતપૂર્વ અને પ્રેરણા આપે તેઓ જંગ શરૂ કરી દીધો હવે મામલો એટલું આગળ વધી ગયો હતો કે, તેની અવગણના થઈ શકે તેમ નહોતી કેમ કે દર સપ્તાહે કોઈ દિવસ એવો નહોતો જતો કે પોલીસે ડ્રગ્સની હેરફેર કરનારા વેચનારા અન ડ્રગ્સનું સેવન કરનારા યુવાનોને પકડી પાડ્યા ન હોય. હાલત ન શિકાર છ વર્ષની વયના શાળાના બાળકો પણ બની ગયા હોવાની ચમકાવી દેનારી હકીકતો બહાર આવવા પામે છે તેના કારણે હવે અમારે સંગઠન રચીને લડાઈ શરૂ કરવી પડી છે તેવું મુસ્લિમ સામાજિક કાર્યકર શાહીસ્તા ખાન કહે છે. તેઓ કહે છે કે, નાની ઉંમરના બાળકો પણ હવે ડ્રગ્સ લેતા થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે અને અમને પોલીસ પાસેથી રિપોર્ટ મળે છે પણ મા-બાપને આ ખબર હોતી નથી. દરરોજ અમે ડ્રગ્સના બંધાણી થઈને લથડથી હાલતમાં ચાલ્યા જતા બાળકોને જોઈને



આઘાત અનુભવી રહ્યા છીએ તેઓ અભ્યાસ કરવાને બદલે અને શાળામાં ધ્યાન પરવવાને બદલે નશીલા પદાર્થોની લતનો શિકાર બની રહ્યા છે જે આઘાતજનક છે. ઓખલા વિસ્તારના શાહીબાગ અને ઝાકીર નગરમાં પરિસ્થિતિ સૌથી વધુ ગંભીર હોવાનું જાહેર થયું છે જ્યાં ડ્રગ્સના દૂષણ સામે લડવા અને યુવાનોમાં જાગૃતિ પેદા કરવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને તાજેતરમાં 'આઓ ઓખલા કો સંવારેં, મહિલા શક્તિકરણ બેઠક' એ શીર્ષક સાથેની બેઠકો યોજીને પાયાથી જ કામ કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં અમૃત ફાઉન્ડેશન અને હમ હિન્દુસ્તાની ટ્રસ્ટ દ્વારા અબુલ ફઝલ બિલ્ડિંગ ખાતે આઓ ઓખલા સુધારે મહિલા સશક્તિકરણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં મુસ્લિમ મહિલાઓએ ભેગા થઈને ડ્રગ્સના દૂષણનો સામનો કેવી રીતે કરવો અને તેની સામે કેવી રીતે પ્રચાર કરવો તેની યોજના પર ઊંડી ચર્ચા વિચારણા કરી હતી. અમૃત ફાઉન્ડેશનમાં શાહના યામીન જણાવે છે કે, અમે આ ઝેર અમારી ચારેતરફ ફેલાઈ જતું જોઈ રહ્યા છીએ અને જો આજે તેની સામે ઊભા થઈને લડત નહીં આપીએ તો અમારા ઘર પણ બચશે નહીં અમારા બાળકો દરરોજ ડ્રગ્સની આ ભયાનક આદતનો શિકાર થઈ રહ્યા છે અને તેના વિષચક્રમાં ફસાઈ રહ્યા છે એટલે મુસ્લિમ સમાજ હવે શાંતિથી તાલ જોતો રહે એ પોસાય તેમ નથી. પશ્ચિમ અને દક્ષિણ દિલ્હીમાં ડ્રગની પરિસ્થિતિ અત્યંત ભયંકર છે એવું ખુદ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોનો અહેવાલ જણાવી રહ્યો છે. પછાત અને મધ્યમ વર્ગના વિસ્તારોથી માંડીને માલવિયા નગર તથા મહિપાલપુરા જેવા આધુનિક વિસ્તારોમાં પણ ડ્રગ્સનું દૂષણ બે રોકટોક આગળ વધી રહ્યું છે અને બેફામ બનીને યુવાનોને શિકાર બનાવી રહ્યું છે એવું બ્યુરોનો અહેવાલ જણાવે છે. જો કે, આ તમામ દૂષણ સામે લડાઈનું મુખ્ય કેન્દ્ર તો શાહીનબાગ જ બન્યું છે અને મુસ્લિમ મહિલાઓએ મર્દાનગી ભરી લડાઈ આરંભી દીધી છે. શાહિસ્તા ખાન જેવી અનેક મહિલાઓ અત્યારે મોરચા પર રહીને ડ્રગ્સના સામે સંઘર્ષ કરી રહી છે અને એમને દિલ્હી પોલીસ તથા સમાજ સુધાર ટ્રસ્ટ તરફથી પણ સતત મદદ મળી રહી છે આ મહિલાઓ એમના સંતાનોને ડ્રગ્સના ભયાનક દૂષણથી દૂર લઈ જવા માટે સખત પરિશ્રમ કરી રહી છે. એકલા ઓખલા વિસ્તારમાં જ દર અઠવાડિયે આઠથી દસ બાળકો અલગ-અલગથી ડ્રગ્સ લેતા અને સૂંઘતા પકડાયા છે અને આ બહુ ગંભીર પરિસ્થિતિ છે. એટલે વાલીઓ અને મા-બાપ ચિંતાતૂર બની જાય એ સ્વાભાવિક છે છતાં સ્થાનિક નેતાગીરી અને સત્તાવાળાઓ હજુ પણ મૌન છે એવી મહિલાઓની ફરિયાદ છે હમ હિન્દુસ્તાની સંસ્થાનના પ્રમુખ મહંમદ સત્તાવાળાઓની નિષ્ક્રિયતાથી ખૂબ જ હતાશ થઈ ગયા છે અને કહે છે કે, અમે જે જોઈ રહ્યા છીએ તે અત્યંત પીડાદાયક છે પરંતુ તંત્ર મૌન છે. જો કે, આ મહિલાઓ સરકાર પગલાં લે કે ન લે કોઈની રાહ જોવા માંગતી નથી અને પોતે જ લડતનો આરંભ કરી દીધો છે તેમ શાહના યામીન કહે છે ડઝનબંધ મહિલાઓ આ લડાઈમાં જોડાઈ રહી છે અને આખી ઝુંબેશ વેગ પકડી રહી છે શેરીઓમાં જઈ જઈને બાળકોને સમજાવવામાં આવી રહ્યા છે અને અલગ-અલગ પ્રકારે જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

# વકફ બિલ મુદ્દે સંસદીય પેનલને ૧.૨૫ કરોડ રજૂઆતો મળી છે : ભાજપના સાંસદે તેમાં વિદેશી હાથ હોવાનો આક્ષેપ કર્યો

**ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ પેનલના વડાને પત્ર લખીને કહ્યું કે, આ મુદ્દે ૧.૨૫ કરોડ સબમિશન આંકડાકીય રીતે અસંભવિત છે, તેઓએ ISI, ચીન અને કટ્ટરવાદી 'લિંક'ની તપાસ કરવા કહ્યું, AIMPLBએ કહ્યું કે તેના માધ્યમથી પાંચ કરોડ સબમિશન કરવામાં આવ્યા છે**

(એજન્સી) તા.૨૬

વકફ (સુધારા) બિલ પર સંસદની સંયુક્ત સમિતિના સભ્ય, ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ પેનલના અધ્યક્ષ જગદંબિકા પાલને પત્ર લખીને આ મુદ્દે મળેલી મોટી સંખ્યામાં રજૂઆતો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આ સબમિશનના "ભૌગોલિક મૂળ"ની તપાસની માંગણી કરી છે. દુબેએ આક્ષેપ કર્યો હતો કે કટ્ટરવાદી જૂથો, ઝાકિર નાઈક જેવી વ્યક્તિઓ અથવા વિદેશી સત્તાઓ જેવી કે ISI (પાકિસ્તાન) અથવા ચીન અથવા તેમના પ્રોક્સી તેમાં સામેલ હોઈ શકે છે કારણ કે ૧.૨૫ કરોડ રજૂઆતો પ્રાપ્ત થઈ છે. જો આવા દળો સામેલ હોય, તો આપણી કાયદાકીય પ્રક્રિયામાં ગેરરીતિનો પ્રયાસ હશે, અને તે આપણી સંસદીય પ્રણાલીના પાયા પર હુમલો છે અને તે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દા તરીકે ગણવામાં આવવો જોઈએ.

વકફ બિલ પરની સંયુક્ત સમિતિની અત્યાર સુધીમાં ૧૨ બેઠકો થઈ ચૂકી છે, જેમાં છેલ્લી બેઠક ૨૦ સપ્ટેમ્બરે મળી હતી. જેમાં પરામર્શ માટે બોલાવવામાં આવેલા આ હિતધારકોમાં સામેલ છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB), કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયો, ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ, જકાત ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા અને કેટલાક રાજ્યના વક્ફ બોર્ડ.

AIMPLBએ જણાવ્યું હતું કે તેના દ્વારા લોકોની રજૂઆત કરવાના અભિયાનના ભાગ રૂપે, "૫ કરોડ" રજૂઆતો સંસદીય સમિતિને મોકલવામાં આવી છે. બોર્ડે મોકલેલા ઈમેલનો સંપૂર્ણ રેકોર્ડ જાળવી રાખ્યો છે, AIMPLBના પ્રવક્તા SQR ઈલ્યાસે જણાવ્યું હતું કે, સમિતિને ૩.૭ કરોડથી વધુ ઈમેલ તેના દ્વારા



જનરેટ કરાયેલ QR કોડ દ્વારા મોકલવામાં આવ્યા છે, જ્યારે અન્ય ૧.૩ કરોડ અભિપ્રાયો અન્ય માધ્યમો દ્વારા મોકલવામાં આવ્યા હતા જેમ કે પોસ્ટ અને કુરિયર. જો સંયુક્ત સમિતિને આ ઈમેલની નકલો જોઈતી હોય, તો AIMPLB તેમને મોકલેલા પત્રવ્યવહારના પુરાવા તરીકે સબમિટ કરવા માટે તૈયાર છે.

પાલને લખેલા પત્રમાં દુબેએ લખ્યું છે કે: આ અભૂતપૂર્વ સબમિશન માત્ર કાયદાકીય સબમિશન માટે વૈશ્વિક વિક્રમ છે પરંતુ તેના સ્ત્રોતોની તપાસ થવી જોઈએ. અમારી કાયદાકીય પ્રક્રિયાની અખંડિતતા અને સ્વતંત્રતા સુનિશ્ચિત કરવી જોઈએ. તેમણે કહ્યું કે પ્રથમ મુદ્દો એ છે કે આ સબમિશનનું ભૌગોલિક મૂળ શું છે. ભારતની અંદરથી કેટલી રજૂઆતો આવી અને આંતરરાષ્ટ્રીય સ્ત્રોતોમાંથી કેટલી રજૂઆતો આવી છે તે નિર્ધારિત કરવું નિર્ણાયક છે.

આ સબમિશનના મોટા ભાગની સામગ્રી સમાન છે અથવા તેમાં નાના ફેરફારો છે અને આ વધુ ગંભીર મુદ્દો છે અને તે ઈસ્લામિક કટ્ટરવાદી સંગઠનોની સંભવિત સંડોવણી સૂચવે છે. તેમણે ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈકનું નામ આપ્યું, અને પાકિસ્તાનની ISI, ચીન જેવા વિદેશી અને જમાત-એ-ઈસ્લામી બાંગ્લાદેશ જેવા કટ્ટરપંથી સંગઠનોની સંડોવણી સૂચવી છે.

AIMPLBએ કહ્યું કે તેણે ૩૧ ઓગસ્ટના રોજ એક QR કોડ પ્રસારિત કર્યો હતો જેમાં લોકોને તેમના અભિપ્રાય સંસદીય પેનલને મોકલવા વિનંતી કરવામાં આવી હતી. QR કોડ સ્કેન કરનાર કોઈપણ વ્યક્તિ વકફ બિલને નકારતી ઓનલાઈન પિટિશન પર લઈ જાય છે, જેના પર તે અથવા તેણી સાઈન કરી શકે છે અને પેનલના ઈમેલ એડ્રેસ પર ફોરવર્ડ કરી શકે છે, અને AIMPLBને તેની નકલ પ્રાપ્ત થાય છે. ઈલ્યાસે જણાવ્યું હતું કે AIMPLB સમગ્ર શહેરોમાં બિલ પર પરિષદોનું આયોજન કરે છે, જ્યાં તે સૂચિત કાયદો વકફ મિલકતોને સંચાલિત કરતા કાયદાઓને કેવી રીતે બદલશે તેની વિગતો આપે છે.

વિરોધ પક્ષોએ આ સૂચિત સુધારાઓને ગેરબંધારણીય, લઘુમતી વિરોધી અને વિભાજનકારી ગણાવ્યા હતા. કોંગ્રેસના પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે ભાજપ લોકશાહીની મજાક ઉડાવી રહ્યું છે. જો આટલા મોટા દેશમાં માત્ર ૧.૫% લોકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે અને ભાજપ તેનાથી દુ:ખી થાય છે, તો તે સ્પષ્ટ છે કે તેઓ લોકશાહીમાં માનતા નથી.

કેન્દ્રીય સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ તેના પર ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું કે, મેં સંયુક્ત સમિતિ વિશે જે સમાચાર સાંભળ્યા છે તે ખૂબ જ સકારાત્મક છે. એક કરોડથી વધુ રજૂઆતો આવી છે. મને લાગે છે કે આટલી વ્યાપક સંસદીય સમિતિની સુનાવણી ભૂતકાળમાં થઈ નથી... જ્યારે અમે સંયુક્ત સમિતિની રચના કરી, ત્યારે અમે તેને સત્તા આપી. હવે ઈમેલ, કયા સંજોગોમાં મોકલવામાં આવ્યા છે, તે તો કમિટી જ જોશે. અમે તેને ટેકો આપીશું.

# પેરાસીટામોલ સહિત અન્ય ૫૦ સામાન્ય ભારતીય દવાઓ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ

**સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)એ ૪૮ દવાઓ સૂચિબદ્ધ કરી છે જે પ્રમાણભૂત ગુણવત્તા પરીક્ષણોમાં નિષ્ફળ ગઈ હતી અને અન્ય પાંચને બનાવટી, ભેળસેળવાળી અથવા ખોટી બ્રાન્ડેડ જાહેર કરી હતી**

(એજન્સી) તા.૨૬

જાહેર આરોગ્ય માટેના વિકાસ માટે ભારતના સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)એ તેના નવીનતમ માસિક અહેવાલમાં ૫૦થી વધુ સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી દવાઓને 'નોટ ઓફ સ્ટાન્ડર્ડ ક્વોલિટી' (NSQ) તરીકે જાહેર કરી છે. આ સૂચિમાં પેરાસિટામોલ, પેન્ટોપ્રાઝોલ બ્રાન્ડ, (જે એસિડિટી માટે વપરાય છે), કેલ્શિયમ સપ્લીમેન્ટ્સ અને હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ માટેની ઘણી દવાઓ જેવી વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી દવાઓનો સમાવેશ થાય છે, અને આ તમામ ભારતમાં ઉત્પાદિત થાય છે.

આ ઓળખવામાં આવેલ ઉત્પાદનો ગુણવત્તા નિયંત્રણ તપાસમાં નિષ્ફળ થયા હતા, જે તેમની સલામતી અને અસરકારકતા અંગે ચિંતા ઉભી કરે છે.

એવી મુખ્ય દવાઓ કે જે ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગઈ છે.

- Paracetamol (૫૦૦ mg) – સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતું પીડામાં રાહત માટે અને તાવ માટે
- Pan-D – એસિડીટી વિરોધી દવા
- Shelcal – લોકપ્રિય કેલ્શિયમ અને વિટામિન D૩ પૂરક
- Glimepiride – ડાયાબિટીસ માટેની દવા
- Telmisartan – હાઈ બ્લડ પ્રેશરની સારવાર માટે વપરાય છે
- Vitamin C and D૩ટેબ્લેટ્સ – સામાન્ય રીતે વિટામિન પૂરક
- Metronidazole – આંતરડાના ચેપની સારવાર માટે એન્ટિબાયોટિક

સેન્ટ્રલ ડ્રગ રેગ્યુલેટરે બે સૂચિ જારી કરી હતી – એકમાં ૪૮ દવાઓ સાથે જે ગુણવત્તા પરીક્ષણોમાં નિષ્ફળ ગઈ હતી અને બીજી શ્રેણીમાં ૫ દવાઓ સૂચવે છે કે આ દવાઓ બનાવટી, ભેળસેળવાળી અથવા ખોટી રીતે લેબલવાળી છે. આ અઠવાડિયે જ ટેલ્કમ પાઉડર અને અન્ય નિષ્ક્રિય પદાર્થોને 'એન્ટિબાયોટિક્સ' તરીકે બહાર કાઢવામાં આવ્યા છે.

CDSCO દ્વારા હવે આ યાદીમાં કેટલીક દવાઓ જાણીતી ફાર્માસ્યુટિકલ કંપનીઓ જેમ કે હેટેરો ડ્રગ્સ, અલ્કેમ લેબોરેટરીઝ,



હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડ (HAL), કર્ણાટક એન્ટિબાયોટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ અને પ્યોર એન્ડ ક્યોર હેલ્થકેર દ્વારા બનાવવામાં આવી હતી. સંભવિત બનાવટી તરીકે લેબલ કરાયેલી દવાઓમાંથી, કોલકાતાની દવા-પરીક્ષણ લેબે એલકેમ હેલ્થ સાયન્સ દ્વારા ઉત્પાદિત ક્લાવમ ૬૨૫ અને પાન-ડી યાદીમાં રાખી છે. જો કે, ઉત્પાદકોએ આ દવાઓની જવાબદારી નકારી કાઢી છે. દવા ઉત્પાદકોએ જવાબ આપ્યો છે કે, 'વાસ્તવિક ઉત્પાદકે (લેબલના દાવા મુજબ) માહિતી આપી છે કે ઉત્પાદનની આ બેચ અસ્પષ્ટ છે અને તેમના દ્વારા નિર્મિત નથી અને તે નકલી દવા છે. આ ઉત્પાદન બનાવટી હોવાનું માનવામાં આવે છે, જો કે, તે તપાસના પરિણામોને આધિન છે. વિટામિન્સ, એન્ટિબાયોટિક્સ અને લાંબી માંદગી જેવી આવશ્યક દવાઓની ખરાબ ગુણવત્તા એ માત્ર આરોગ્યસંભાળના પ્રયત્નોની નિષ્ફળતા જ નહીં, પરંતુ દર્દીની સલામતીનો મુદ્દો પણ છે. ઓગસ્ટમાં, સીડીએસસીઓએ મનુષ્યો માટે સંભવિત જોખમ માટે ૧૫૬થી વધુ ફિક્સ્ડ-ડોઝ ડ્રગ સંયોજનો પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમાં તાવ, પેઈનકિલર અને એલર્જીની દવાઓનો સમાવેશ થાય છે. એવું લાગે છે કે લોકો સંભવિત-સલામત વિકલ્પો પર પણ વિશ્વાસ કરી શકતા નથી!

# પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને મોહાલીની હોસ્પિટલમાં દાખલ કરાયા; અકાલી નેતા બિક્રમ મજીઠિયાનો દાવો; મુખ્યમંત્રી 'લિવર સિરોસિસ'ની બીમારીથી પીડાઈ રહ્યા છે

**સોશિયલ મીડિયા X પ્લેટફોર્મ પર ટ્વિટ કરતા મજીઠિયાએ દાવો કર્યો કે, હકીકતો છૂપાવવામાં આવી રહી છે, મને માહિતી મળી છે કે, CM બેથી ત્રણ વખત બેભાન થઈ ગયા અને એમને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે, શું એમની તબિયત ખરેખર સારી છે કે નહીં કે ખૂબ માંદા છે ? મજીઠિયાએ કહ્યું કે, પંજાબી પ્રજાને એમના CMના આરોગ્ય વિશે જાણકારી મેળવવાનો અધિકાર છે એટલે પારદર્શિતા હોવી જોઈએ.**

(એજન્સી) ચંદીગઢ, તા.૨૬

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એ પછી શિરોમણી અકાલી દળના મહામંત્રી બિક્રમસિંહ મજીઠિયાએ એવા ચોંકાવી દેનારા દાવા કર્યા છે કે, મુખ્યમંત્રી લિવરની ગંભીર ગણાતી સિરોસિસની બીમારીથી પીડાઈ રહ્યા છે તેમણે માનની હેલ્થ અંગે સ્પષ્ટતા કરવા અને હકીકતો આપવામાં પારદર્શિતા રાખવાની માગણી કરી હતી. મુખ્યમંત્રીના બુધવારે દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીએ એવું જાહેર કર્યું હતું કે, રાબેતા મુજબના આરોગ્ય પરીક્ષણ માટે એમને દવાખાને લઈ જવામાં આવ્યા છે પણ મજીઠિયાએ આપના દાવાઓ અંગે સવાલો ઊભા કર્યા છે અને માનની તબિયત અંગે પણ સવાલો ઊઠાવ્યા છે. મજીઠિયાએ સાચી વિગતો જાહેર કરવા માગણી કરી છે અને સવાલ કર્યો છે કે, શું ખરેખર મુખ્યમંત્રીને સારૂં છે કે, તેઓ ખૂબ બીમાર છે ? તેમણે આખી બાબતમાં પારદર્શકતાની માગણી કરી હતી અને કહ્યું હતું કે, પોતાના સીએમની તબિયત વિશે જાણવાનો પંજાબના લોકોને અધિકાર છે. તેમણે ટ્વિટ કર્યું હતું કે, હકીકતો છૂપાવવામાં આવી રહી છે અને મને એવી માહિતી મળી છે કે, બુધવારે રાત્રે તેઓ ત્રણ વખત બેભાન થઈ ગયા હતા અને શ્વાસ લેવામાં પણ એમને તકલીફ થઈ રહી છે અને એવી વિશ્વસનીય માહિતી મળી છે કે, મુખ્યમંત્રી લિવર સિરોસિસની બીમારીથી પીડાઈ રહ્યા છે જો એમની હાલત નહીં સુધરે તો એમનું લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવું પડશે. કારણ કે, એ જ એકમાત્ર વિકલ્પ રહે છે અને લિવર ટ્રાન્સલેટ કર્યા પછી પણ ઘણી



સમસ્યા ઊભી થાય છે અને રોજિંદા જીવનમાં વ્યક્તિને તકલીફ પડે છે. મજીઠિયાએ એવો પણ દાવો કર્યો હતો કે, વધુ પડતું શરાબ પીવાથી આજ સ્થિતિ થાય છે અને લિવર કામ કરતું નથી અથવા ઓછું કામ કરવા લાગે છે એ જ કારણે મુખ્યમંત્રીને એપોલો હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી હતી પણ ગઈ રાત્રે તેઓ એપોલો પહોંચી ન શક્યા અને ફોર્ટિસમાં લઈ જવા પડ્યા હતા. તેમણે કહ્યું હતું કે, હું ફોર્ટિસ હોસ્પિટલને તમિલનાડુમાં જય લલિતા સાથે થયું એવી ભૂલો ન કરવાની અપીલ કરૂં છું હું મુખ્યમંત્રીને જલ્દી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવું છું. કયા સપ્તાહે પણ માનને દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે પણ રાજ્ય સરકાર કે આપ તરફથી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નહોતી.

# QS રેન્કિંગ્સ : IIM અમદાવાદ, બેંગ્લુરૂ, કોલકાતા, ISB હૈદરાબાદ વિશ્વની ટોચની ૧૦૦ MBA સંસ્થાઓમાં સામેલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

બુધવારના દિવસે જાહેર કરાયેલ QS રેન્કિંગ ૨૦૨૫ અનુસાર, ત્રણ ભારતીય મેનેજમેન્ટ સંસ્થાઓ-IIM બેંગ્લુરૂ, IIM અમદાવાદ, IIM કોલકાતા અને ઈન્ડિયન સ્કૂલ ઑફ બિઝનેસ (ISB) હૈદરાબાદ વિશ્વના ટોચના ૧૦૦ MBA અભ્યાસક્રમોમાં સ્થાન મેળવ્યું છે. ત્રણ IIMને રોજગારી માટે ટોચના ૫૦માં સ્થાન આપવામાં આવ્યું છે. QS ગ્લોબલ MBA રેન્કિંગ્સ ૨૦૨૪માં કુલ ૧૪ ભારતીય સંસ્થાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આમાં IIM કોઝિકોડનો સમાવેશ થાય છે જેણે રેન્કિંગમાં તેની શરૂઆત કરી હતી અને તેને ૧૫૧-૨૦૦ બેન્ડમાં સ્થાન મળ્યું છે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ટેક્નોલોજી, ગાઝિયાબાદ અને સોમૈયા વિદ્યાવિહાર યુનિવર્સિટી કે જેમણે પણ તેમની શરૂઆત કરી છે તે ૨૫૧+ બેન્ડમાં સ્થાન મેળવ્યું છે. બીજી તરફ સ્ટેનફોર્ડ સ્કૂલ ઑફ બિઝનેસ, યુએસ સતત પાંચમા વર્ષે બી-સ્કૂલમાં ટોચના સ્થાને છે, ત્યારબાદ પેન (વૉર્ટન) અને હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ છે. લંડન બિઝનેસ સ્કૂલે ચોથું સ્થાન મેળવ્યું છે, જ્યારે HEC પેરિસ એકંદરે પાંચમા સ્થાને છે.

● QS રેન્કિંગ્સ ૨૦૨૫ : વૈશ્વિક MBA રેન્કિંગમાં શ્રેષ્ઠ ભારતીય સંસ્થાઓ

- IIM બેંગ્લોર-૪૮મો ક્રમ
- IIM અમદાવાદ-૫૩મો ક્રમ
- IIM કોલકાતા-૫૯મો ક્રમ
- ISB હૈદરાબાદ-૭૮મો ક્રમ

QS CEO જેસિકા ટર્નરે જણાવ્યું હતુ કે, આ રેન્કિંગ કારકિર્દી લક્ષી વિદ્યાર્થીઓ માટે વૈશ્વિક બિઝનેસ એજ્યુકેશન દષ્ટિકોણમાં સ્વતંત્ર આંતરદષ્ટિ પ્રદાન કરે છે. વિગતવાર તુલનાત્મક વિશ્લેષણ દર્શાવતા આ રેન્કિંગ સંભવિત વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીના ધ્યેયો સાથે સંરેખિત કાર્યક્રમો વિશે જાણકાર નિર્ણય લેવામાં મદદ કરે છે. ભલે કોર્પોરેશનોમાં



અગ્રણી હોય, સ્ટાર્ટ-અપ્સમાં નવીનતા કરતા હોય અથવા જાહેર ક્ષેત્રને પ્રભાવિત કરતા હોય, વિદ્યાર્થીઓ આ આંતરદષ્ટિનો ઉપયોગ તેમના વ્યાવસાયિક માર્ગોને આકાર આપવા માટે કરી શકે છે. ભારતીય સંસ્થાઓ આજના જટિલ અને ગતિશીલ બિઝનેસ વાતાવરણમાં નેવિગેટ કરવા માટે તૈયાર આગેવાનોને વધુને વધુ પોષી રહી છે. IIM બેંગ્લુરૂ, IIM અમદાવાદ અને IIM કોલકાતાનું મજબૂત પ્રદર્શન ખાસ કરીને રોજગારી અને પૂર્વ વિદ્યાર્થીઓની અસરમાં ટોચના સ્તરની વૈશ્વિક પ્રતિભાને આકાર આપવાની ભારતની ક્ષમતા દર્શાવે છે. જો કે, આંતરરાષ્ટ્રીયકરણ અને લિંગ વૈવિધ્યતા સંબંધિત ચાલુ પડકારો સુધારણા માટે નિર્ણાયક ક્ષેત્રો છે. ટર્નરે ઉમેર્યું હતું કે, આ અંતરને દૂર કરવું એ માત્ર ભારતની અગ્રણી બિઝનેસ સ્કૂલોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવાની ચાવી નથી પરંતુ વધુ સમાવેશી વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે પણ મહત્ત્વપૂર્ણ છે જે બિઝનેસ નેતૃત્વના ભાવિ સાથે સુસંગત છે.

# બી.ટેક કોર્સ માત્ર ૧૦ રૂપિયામાં; કેવી રીતે બિહાર સરકાર એન્જિનિયરિંગને સસ્તું બનાવી રહી છે

(એજન્સી) પટના, તા.૨૬

બિહાર સરકારે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણને સસ્તું બનાવવા માટે એક અનોખી પહેલ કરી છે. બી.ટેકનો અભ્યાસ હવે માત્ર ૧૦ રૂપિયા પ્રતિ માસમાં અને પોલિટેકનિકનો અભ્યાસ ૫ રૂપિયા પ્રતિ માસમાં કરી શકાશે. રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી સુમિત સિંહે જણાવ્યું હતું કે, રાજ્યમાં લેટરલ એન્ટ્રી દ્વારા એન્જિનિયરિંગ અને પોલિટેકનિક કોલેજોમાં પ્રવેશ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. તાજેતરના અહેવાલ મુજબ, બિહારના દરેક જિલ્લામાં એક એન્જિનિયરિંગ કોલેજની સ્થાપના કરવામાં આવી છે, જ્યાં વિદ્યાર્થીઓને દર મહિને માત્ર ૧૦ રૂપિયા ચૂકવવા પડે છે. આ ફી ટોકન મની તરીકે લેવામાં આવી રહી છે. ગયા કૉલેજ ઑફ એન્જિનિયરિંગના ફી માળખા અનુસાર, વિદ્યાર્થીઓ પાસેથી વાર્ષિક માત્ર ૧૦ રૂપિયા જ એનરોલમેન્ટ ફી તરીકે લેવામાં આવે છે. ટ્યુશન ફી દર વર્ષે ૧૨૦ રૂપિયા એટલે કે દર મહિને ૧૦ રૂપિયા વસૂલવામાં આવે છે. યુનિવર્સિટીની નોંધણી, પરીક્ષા ફી અને ડેવલપમેન્ટ ફી જેવી અન્ય ફી પણ ચૂકવવી પડશે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ હોસ્ટેલ અને મેસ ચાર્જ અલગથી ચૂકવવો પડે છે. બિહારમાં એન્જીનીયરીંગ અને પોલીટેકનીક કોલેજોમાં લેટરલ એન્ટ્રી દ્વારા પ્રવેશની સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે. શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૦૨૪માં, ૩,૭૩૩ વિદ્યાર્થીઓએ લેટરલ એન્ટ્રી દ્વારા પ્રવેશ લીધો હતો, જેમાંથી ૨,૫૭૨એ બી.ટેક અને ૧,૧૬૧એ પોલિટેકનિકમાં પ્રવેશ લીધો હતો. બિહાર સંયુક્ત પ્રવેશ સ્પર્ધાત્મક પરીક્ષા પરિષદ (BCECE) આ પ્રક્રિયા માટે પરીક્ષાનું આયોજન કરે છે.

લેટરલ એન્ટ્રી એ એક પ્રવેશ પ્રક્રિયા છે જેના દ્વારા વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષનો અભ્યાસ કર્યા વિના બી.ટેક અથવા પોલિટેકનિક કોર્સના બીજા કે ત્રીજા વર્ષમાં સીધો પ્રવેશ મેળવે છે. આ સુવિધા એવા વિદ્યાર્થીઓ માટે છે કે જેમણે સંબંધિત ડિપ્લોમા કોર્સ અથવા સમકક્ષ કોર્સ જેમ કે પોલિટેકનિક ડિપ્લોમા પૂર્ણ કર્યો છે.





વર્તમાન સત્ર ૨૦૨૪-૨૦૨૫ માટે, બી.ટેકમાં ૧૨,૨૮૦ બેઠકો, પોલિટેકનિકમાં ૧૩,૯૧૨ અને એમ.ટેકમાં ૩૮૬ બેઠકો માટે કાઉન્સેલિંગ ચાલી રહ્યું છે. આ પહેલ સાથે બિહારમાં ટેકનિકલ શિક્ષણને સુલભ અને સસ્તું બનાવવાની દિશામાં એક મોટું પગલું ભરવામાં આવ્યું છે.

અહેવાલો અનુસાર, બિહારમાં લગભગ ૭૦થી વધુ શ્રેષ્ઠ એન્જિનિયરિંગ કોલેજો છે. તેમાંથી, ૫૨ કોલેજો જાહેર અથવા સરકારી સંસ્થાઓની માલિકીની છે, ૨૦ કોલેજો ખાનગી માલિકીની છે અને જાહેર-ખાનગી સંસ્થાઓ ૧ એન્જિનિયરિંગ કોલેજની માલિકી ધરાવે છે.

બિહારની ટોચની એન્જિનિયરિંગ કોલેજોમાં JEE મેઈન્સ એ સૌથી વધુ સ્વીકૃત પ્રવેશ પરીક્ષા છે. કેટલીક લોકપ્રિય કોલેજોમાં IIT પટના, NIT પટના, નેતાજી સુભાષ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી, IIIT ભાગલપુર, મહાત્મા ગાંધી સેન્ટ્રલ યુનિવર્સિટી, બખ્તિયારપુર કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, મુઝફ્ફરપુર ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી અને બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, મેસરાનો સમાવેશ થાય છે.

### રખડતાં ઢોર, ખરાબ રસ્તા અને ટ્રાફિક મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણી

# બે મી.મી. વરસાદ પણ એએમસીને ભારે લાગે છે : હાઈકોર્ટે કર્યો કટાક્ષ

## અમદાવાદના રોડની સ્થિતિ અંગે કરેલ એફિડેવિટનો AMCને જવાબ આપવા આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

બિસ્માર રોડ, ઢોર અને ટ્રાફિક મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. અરજદારે આ મુદ્દે કોર્ટમાં અરજી કરતા જણાવ્યું હતું કે, સરકારના ચૂંટણી ઢંઢેરા જેવા વાયદા નહીં કામ જોઈએ. સારા રોડ, ટ્રાફિક નહીં, પાર્કિંગ વ્યવસ્થાની માગ કરવામાં આવી. કોર્ટના આદેશ છતા અમલવારી કરવામાં આવતી નથી. કોર્ટે ઘણો સમય આપ્યો છતા સ્થિતિમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

લોકો દ્વારા હજુ પણ નદીમાં કચરો નાખવામાં આવે છે. ખારીકટ કેનાલમાં હજી પણ કચરો નાખવામાં આવે છે. કર ભરનારને સારી સુવિધાઓ આપવી જોઈએ આ કેસ નવી બેન્ચ સામે પ્રસ્તુત થયો હોવાથી અરજદારે અગાઉના કોર્ટના નિરીક્ષણો ટાંક્યા હતા. જેમાં જણાવાયું હતું કે રોડ બનાવતી વખતે અને રિસર્ફેસિંગ કરતી વખતે નિરીક્ષણ કરવામાં આવતું નથી. એટલે પ્રજાના પૈસા પાણીમાં જાય છે. ખરાબ રોડ પાછળ ભ્રષ્ટાચાર અને નેપોટીઝમ પણ જવાબદાર છે. ઓફિસરોએ એક્ટિવ થવું જરૂરી છે. કર ભરનારને સારી સુવિધાઓ આપવી જોઈએ. રોડ બનાવવા હલકું મટીરીયલ વપરાય છે જેથી ભુવા પડે છે. લોકલ ઓથોરિટીનું કામ લોકોને સુવિધા પૂરી પાડવાનું છે, અમુક લોકોને રોજગારી આપવાનું નથી. બંધારણ લોકોને સારૂ જીવન જીવવાનો હક આપે છે. ઓથોરિટી તેની ફરજ નહિ નિભાવે તો કોર્ટ આદેશ આપશે.

અરજદારે જણાવ્યું હતું કે AMCનો પ્રિ મોન્સુન પ્લાન કાગળ ઉપર જ હોય છે. વરસાદમાં નાગરિકો હેરાન થાય છે. પહેલાના સમયમાં ચોમાસા પહેલા ડ્રેનેજ સાફ થતી હતી. હવે રોડ ઉપર પાણી ભરાવાથી રસ્તા ખરાબ થાય છે. કોર્ટે AMCને પૂછ્યું હતું કે રોડના નિરીક્ષણ માટે એન્જિનિયર રાખો છો કે થર્ડ પાર્ટી નિરીક્ષણ કરાવવામાં આવે છે ? AMCએ જણાવ્યું હતું કે દર વર્ષે એપ્રિલ મહિના બાદ રોડ અને ગટરને લગતા કામ કરવામાં આવે છે. ખાડા પૂરવામાં આવે છે અને રોડ રીસરફેસ કરાય છે. ચાલુ ચોમાસામાં રોડ ઉપર ખાડાને લગતા ૫૪૯૩ ફોન આવ્યા હતા. જેમાંથી ફક્ત ૮૨ ખાડા પૂરવાના બાકી છે. ૨૪ કલાકમાં તેનો નિકાલ કરાય તેવા AMCના પ્રયત્નો હોય છે.

AMCએ જણાવ્યું હતું કે શેલામાં પડેલ ભુવો પણ પૂરી દેવામાં આવ્યો છે. તે રોડ ઉપર ટ્રાફિક પણ શરૂ થઈ ગયો છે. પણ અહીં AMC ભરાઈ ગયું હતું. કારણ કે કોર્ટે કહ્યું હતું કે આ વાત ખોટી છે. ત્યાં રોડ ઉપર વાહનોની અવર જવર શરૂ થઈ નથી. જેથી એક જ બાજુનો રસ્તો ખુલ્લો હોવાનું AMC એ સ્વીકાર્યું હતું. કોર્ટે પૂછ્યું હતું કે તમે જલ્દી ખાડા ભરો છો પણ ખાડા પડે છે કેમ ? તમારી પાસે એન્જિનિયર હોવા છતાં થર્ડ પાર્ટી ટેન્ડર આપીને રોડ બનાવાય છે. તમારા એન્જિનિયર શું કરે છે ? ખૂબ વરસાદ આવે ત્યારે રોડ ઉપર પાણી ભરાઈ જાય છે. જે સંદર્ભે કોર્ટે કટાક્ષ કર્યો હતો કે ૨મીમ વરસાદ પણ AMC માટે ભારે વરસાદ કહેવાય છે. કોર્ટે AMCને આદેશ કર્યો હતો કે અરજદારે અમદાવાદના રોડની સ્થિતિ અંગે ફાઈલ કરેલ એફિડેવિટનો AMC જવાબ આપે અને કયા પગલાં લીધા તે પણ જણાવે. રોડ બનાવવાની પ્રોસેસ કોર્ટ સમક્ષ મૂકે. કોર્ટે નોંધ્યું હતું રોડ બનાવીને તુરંત બીજા કામ માટે તેને તોડવામાં આવે છે. ડ્રેનેજ લાઈનમાં લીકેજ હોવાથી ભુવા પડે છે. રખડતાં ઢોર અને ટ્રાફિક મુદ્દે પણ હાઈકોર્ટે સુનાવણી હાથ ધરી હતી.

# સ્કોલરશીપમાં રેશનકાર્ડની એન્ટ્રીને લઈ વિવાદ બાદ નિર્ણયમાં ફેરફાર કરાયો

## ● હવે સ્કોલરશીપ માટે રેશનકાર્ડ અને આધારકાર્ડને મરજિયાત કરવામાં આવ્યા ● રેશનકાર્ડની એન્ટ્રી વગર પણ સ્કોલરશીપ માટેની એન્ટ્રી કરી શકાશે

(સંવાદદાદા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ તથા ગણવેશ સહાય માટે રેશનકાર્ડના ડેટા બેઝમાં તમામ વિદ્યાર્થીઓનું આધાર બેઝ્ડ બાયોમેટ્રીક ઈ-કેવાયસી કરવાનો ફતવો બહાર પાડવામાં આવ્યા બાદ ભારે વિવાદ થયો હતો. સરકારના આ નિર્ણયની ચોમેર ટીકા થઈ હતી અને સ્કોલરશીપ માટેની આ પ્રક્રિયાને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘણા કિસ્સામાં તો હેરાનગતિના પગલે સ્કોલરશીપ લેવાનો પણ વિદ્યાર્થીઓએ ઈનકાર કરી દીધો હતો. વિરોધના પગલે હવે સરકારને પીછેહઠ કરવાની ફરજ પડી છે. જેમાં સ્કોલરશીપ માટે આધાર અને રેશનકાર્ડનું ઓપ્શન મરજિયાત કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ શાળામાં અભ્યાસ કરતાં ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, સરસ્વતી સાધના યોજનાની સહાય છેલ્લા કેટલાક વર્ષોથી સીધી વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં જ જમા થાય છે. એક બાજુ જે વિદ્યાર્થીઓ બેંક એકાઉન્ટ ધરાવે છે તેમને પણ ઘણા કિસ્સામાં સ્કોલરશીપ વિલંબથી મળતી હતી. જેના પગલે સરકારના જુદાજુદા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટા બેઝમાં તમામ વિદ્યાર્થીઓનું આધાર બેઝ્ડ બાયોમેટ્રિક ઈ-કેવાયસી કરવાનો ફતવો બહાર પાડવામાં આવ્યો હતો. આ કામગીરી કરવા માટે તમામ જિલ્લાના શિક્ષણાધિકારીઓ મારફતે શિક્ષકોને જોતરવાની સૂચના મળતા શિક્ષકોમાં પણ આક્રોશ ફેલાયો છે. આ પ્રક્રિયાને લઈને ભારે વિરોધ થયો હતો અને વાલીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જેના પગલે હવે સરકાર દ્વારા નિર્ણય પરત લેવામાં આવ્યો છે. સરકાર દ્વારા જિલ્લા મારફતે સ્કૂલને સુચના આપવામાં આવી છે કે, વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ૨૦૨૪-૨૫માં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ ધોરણ-૧થી ૮ યોજના અંતર્ગત રેશનકાર્ડ અને આધારકાર્ડની વિગતો ઓપ્શનલ કરવામાં આવે છે. જેથી હવે ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓની રેશનકાર્ડ અને આધારકાર્ડની માહિતી વિના પણ ડેટા એન્ટ્રી સેવ થશે અને પ્રપોઝલ બની શકશે. ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓની રેશનકાર્ડની માહિતી અને e-KYC વિના પણ ડેટા એન્ટ્રી સેવ થશે અને પ્રપોઝલ બની શકશે.

### સહકાર સેતુ-૨૦૨૪ અને વેસ્ટ ઈન્ડિયા અર્બન કો.ઓ. બેન્કિંગ સમિટનો મુખ્યમંત્રી દ્વારા પ્રારંભ

# કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટર ટેકનોલોજી થકી વિકાસ કરી શકે તેવો આ સુવર્ણકાળ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે, કો-ઓપરેટિવ બેક્કિંગ સેક્ટર ટેક્નોલોજીનો લાભ લઈને સંચાલનમાં પારદર્શિતા સાથે વિકાસ કરી શકે તેવો આજનો સુવર્ણ સમય છે. દેશમાં કો-ઓપરેટિવ બેક્કિંગ સેક્ટરના સસ્ટેનેબલ ગ્રોથ માટે સફળ પરિણામદાયી પ્રયાસો હાથ ધરાયા છે. કો-ઓપરેટિવ બેક્કિંગથી લઈને PACS સુધી દરેક ક્ષેત્રે 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર સાકાર થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા સહકાર સેતુ-૨૦૨૪ મેગા ઈવેન્ટ તથા વેસ્ટ ઈન્ડિયા અર્બન કો-ઓપરેટિવ બેક્કિંગ સમિટનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેક્કિંગ ફેડરેશન દ્વારા યોજાયેલા આ સમિટમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિકસિત ભારત@૨૦૪૭માં કો-ઓપરેટિવ બેક્કિંગ સેક્ટરથી લઈને સામાન્યમાં સામાન્ય માનવીના આર્થિક, સામાજિક ઉત્કર્ષ માટેના દરેક સેક્ટરમાં વડાપ્રધાનએ ટેક્નોલોજી ટ્રાન્સફોર્મેશન અને ટ્રાન્સપરન્સીનો વ્યૂહ અપનાવ્યો છે. એજ પરિપાટીએ દેશની કો-ઓપરેટિવ બેક્ક પણ વિશ્વ કક્ષાની સેવાઓ આપવા સક્ષમ બને તે માટે ટેક્નોલોજી અપગ્રેડેશન દ્વારા સહકારી બ્રાન્ડ તરીકે ''પ્રાઉડલી કો-ઓપરેટિવ''ના મંત્રથી બેક્કિંગ સેક્ટર આગળ વધી શકે તેવા એપ્રોચને પ્રોત્સાહન અપાયું. મુખ્યમંત્રીએ કહ્યું કે, અર્બન કો-ઓપરેટિવ બેંકોના પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ (PSL) લક્ષ્યો હાંસલ કરવા માટે સમય મર્યાદામાં વધારો કરી આપ્યો છે. દેશની અંદાજે ૧,૫૦૦ જેટલી શહેરી સહકારી બેંકોને IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓપરેશનલ સહયોગ પૂરો પાડવાનું કાર્ય કરાઈ રહ્યું છે. આ માટે શહેરી સહકારી બેંકિંગ સેક્ટરના વિકાસ માટે અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન તરીકે નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન(NUCFDC)ની રચના કરી છે તેની ભૂમિકા પણ તેમણે આપી હતી.

### આગામી બે-ત્રણ દિવસોમાં જ સહાયની જાહેરાત થઈ શકે : કૃષિમંત્રી

# રાજ્યમાં અતિવૃષ્ટિના કારણે થયેલા નુકસાનના સર્વે અંગેની કામગીરી પૂર્ણ

## આગામી દિવસોમાં ખેડૂતો પાસેથી કપાસની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ખાતે સેક્ટર સાતમાં આવેલા સરકારી કોમ્યુનિટી હોલ ખાતે ગુજરાત રાજ્ય ઉદવહન પિયત સહકારી મંડળીની વાર્ષિક ચોથી સામાન્ય સભા મળી હતી. સામાન્ય સભામાં ખેડૂત પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સામાન્ય સભામાં સિંચાઈ ક્ષેત્રે પ્રશ્નો અંગે મંથન થયું હતું.

જો કે સામાન્ય સભા પૂર્વે મીડિયા સમક્ષ ખેડૂતો માટે રાહતના સમાચાર અંગે વાત કૃષિ મંત્રી રાઘવજી પટેલે વાત કરી હતી. જેમાં રાજ્યમાં થયેલા ભારે વરસાદના કારણે અનેક જિલ્લામાં પાક નુકસાની સાથે લીલા દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે અતિવૃષ્ટિના કારણે થયેલા નુકસાનના સર્વેની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું કૃષિ મંત્રી પટેલે આશ્વાસન આપ્યું છે. તેમજ સરકાર ટૂંક સમયમાં કૃષિ સહાય જાહેર કરે તેવી પણ ખેડૂતોને હૈયાધરણા કરી હતી. તદુપરાંત સરકારે કપાસનો પાક ટેકાના ભાવે ખરીદી કરવા અંગે પણ મહત્વપૂર્ણ જાહેરાતની વાત મૂકતા તેમણે જણાવ્યું હતું કે, ''ખેડૂતો માટે સહાયની જાહેરાત આગામી બે દિવસમાં જ થઈ શકે છે. આગામી બે દિવસમાં ખેડૂતોને સારા સમાચાર મળશે. ભારે વરસાદના કારણે પાક ધોવાણ અને જમીન ધોવાણના સર્વેની કામગીરી પૂર્ણ થઈ છે. રાજ્ય સરકાર ટૂંક સમયમાં નુકસાનીમાં સહાયની જાહેરાત કરશે.'' આવનાર દિવસોમાં સરકાર દ્વારા કપાસની ટેકાના ભાવ ખરીદી પણ કરશે. જે અંગે રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ''સીસીઆઈ મારફતે કપાસની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જેનો ગુજરાતમાં ૧લી ઓક્ટોબરથી ખરીદીનો પ્રારંભ થશે અને ગુજરાતમાં ૧૩ કેન્દ્રો પર કપાસની ખરીદી માટેની વ્યવસ્થા કરવામાં આવશે.''

ફક્ત એવું નથી કે કપાસ ટેકાના ભાવે ખરીદી કરાશે પરંતુ કપાસની સાથે મગફળીની પણ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. મગફળીના ટેકાના ભાવ અંગે ખરીદીના મુદ્દે કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, ''કેન્દ્ર સરકાર ખરીદી માટે લક્ષ્યાંક હજી નક્કી કર્યો નથી. પરંતુ કેન્દ્ર સરકાર ખરીદીનો જથ્થો નક્કી કર્યા બાદ મગફળીની ટેકાના ભાવે ખરીદી થશે. કેન્દ્રના નિર્ણય બાદ રાજ્ય સરકાર રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી ખરીદી શરૂ કરશે.'' આમ ટેકાના ભાવે આવનાર દિવસોમાં કપાસ અને મગફળી ખરીદી અંગે કૃષિ મંત્રીએ ખેડૂતોને આશ્વસ્ત કર્યા હતાં.

### પૂજારીને ભાઈ સમજી વાતચીત કરતા મેસેજ શરૂ કરી દીધા હતા

# પત્નીને બિભત્સ મેસેજ કરવા બદલ પૂજારીને પૂછતાં પતિને પણ ફટકાર્યો

## પૂજારી સામે મણિનગર પોલીસ મથકમાં પત્નીની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

શહેરના મણિનગર વિસ્તારમાં આવેલ હનુમાન મંદિરમાં મહિલા વારંવાર જતી હોવાથી પુજારીના સંપર્કમાં આવી હતી. ત્યારબાદ પુજારી ઘરે આવતો હતો આ દરમિયાન પુજારી મહિલાની દીકરીને મેસેજ કરવા લાગ્યો હતો. જેથી મહિલાએ તેની દીકરીનું સીમ દીકરાને આપી દીધુ હતુ. જેથી ઉશ્કેરાયેલ પુજારીએ મહિલાને બિભત્સ મેસેજ કર્યા હતા. આ અંગે મહિલાના પતિને જાણ થતા તેણે પુજારીની પૃચ્છા કરી હતી. ત્યારે પુજારી ઉશ્કેરાઇ ગયો હતો અને પતિને માર માર્યો હતો. આ મામલે મહિલાએ પુજારી સામે મણિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. શહેરના મણિનગર વિસ્તારમાં સ્નેહાબહેન (ઓળખ છુપાવા નામ બદલ્યું) પરિવાર સાથે રહે છે. મણીનગર વિસ્તારમાં કાંકરિયા લેકના ગેટ પાસે દાદુ દયાલ ધામ નામનું હનુમાન મંદિર આવેલ છે. તે મંદિરમાં મનોજ કનૈયાલાલ ખલાસ રહે છે અને મંદિરમાં પુજા પાઠનું કામ કરે છે. જેથી સ્નેહાબહેન તેમને ઓળખતા હતા. મંદિરમાં અવાર નવાર સ્નેહાબહેન જતા હોવાથી તેમનો સંપર્ક મનોજ સાથે થયો હતો. સ્નેહાબહેન મનોજને ભાઇ તરીકે માનતા હતા અને તેથી તેઓ તેની સાથે વાત કરતા હતા અને મનોજ તેમના ઘરે પણ આવ જાવ કરતો હતો. આ દરમિયાન મનોજ સ્નેહાબહેનની દીકરીને મેસેજ કરવા લાગ્યો હતો. જેથી તેમણે દીકરીનું કાર્ડ બંધ કરાવી દઇ તે સીમ કાર્ડ તેમના દીકરાના મોબાઇલમાં નંખાવી દીધુ હતું.આમ છતા મનોજ અવાર નવાર મેસેજ કરતો હતો. પરંતુ તેના દીકરા પાસે મોબાઇલ હોવાથી તે કોઇ જ રિપ્લાય કરતો ન હતો. જેથી મનોજે સ્નેહાબહેનને ફોન કરી જણાવ્યું હતું કે, મોનાને પિઝા ખાવા મોકલો જો કે, તેમણે દીકરીને મોકલી ન હતી. જેથી મનોજ ઉશ્કેરાયો હતો અને સ્નેહાબહેના મોબાઇલમાં બિભત્સ મેસેજ તેમજ વોઇસ મેસેજ કરવા લાગ્યો હતો. જેથી તેમણે તેનનો નંબર બ્લેક લીસ્ટમાં મૂકી દીધો હતો. આ તમામ હકીકત સ્નેહાબહેન તેમના પતિને જણાવી હતી. આજે સવારે સ્નેહાબહેનના પતિ કાંકરિયા મોર્નિંગ વોક માટે ગયા હતા. ત્યારે મનોજ પણ મળ્યો હતો ત્યારે તેમણે મનોજને પૃચ્છા કરી હતી કે, કેમ બિભત્સ મેસેજ કરતો હતો. ત્યારે મનોજે જણાવ્યું હતું કે, મે કોઇ મેસેજ કર્યા નથી. ત્યારબાદ તે ઝઘડો કરવા લાગ્યો હતો અને પછી માર માર્યો હતો. આ મામલે સ્નેહાબહેન મનોજ સામે મણિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

### પીડિતા તેની દીકરી જેવી હતી, રક્ષક જ ભક્ષક બન્યો, ઓછી સજા કરી ના શકાય : કોર્ટ

# અમદાવાદમાં દીકરી જેવી સગીરા પર દુષ્કર્મ કરનાર કૌટુંબિક ફૂવાને ૨૦ વર્ષની સખત કેદ

## ત્રણ ગણી વધુ ઉંમરના ફૂવાએ જુદા જુદા સ્થળે લઈ જઈ અવાર-નવાર દુષ્કર્મ આચર્યું હતું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ૨૦૧૮માં એક આરોપી સામે ૧૩ વર્ષની સગીરા પર દુષ્કર્મ કરવાની ફરિયાદ થઈ હતી. આ મામલે આરોપી સામે અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની સ્પેશિયલ કોર્ટમાં ટ્રાયલ ચાલી હતી. જેમાં જજ એ.બી. ભટ્ટે સરકારી વકીલની દલીલો ધ્યાને રાખી આરોપીને ૨૦ વર્ષ સખત કેદની સજા અને પીડિતાને રૂા.૭ લાખનું સરકારી વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.

આ કેસમાં ૧૩ સાહેદો અને ૧૫ દસ્તાવેજી પુરાવા ચકાસવામાં આવ્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે, પીડિતા તેની દીકરી જેવી હતી, રક્ષક જ ભક્ષક બન્યો છે. ઉલ્લેખનીય છે કે, નરાધમ પીડિતાનો કૌટુંબિક ફુવા થતો હતો.

ફરિયાદી એક વિધવા મહિલા હતી. જેને કુલ ચાર દીકરા અને ત્રણ દીકરીઓ હતી. જેમાં સૌથી નાની દીકરીની ઉંમર ૧૩ વર્ષ અને ૭ મહિનાની હતી. જયારે આરોપી ફરિયાદીનો કૌટુંબિક નણદોઈ અને ભોગ બનનારનો કૌટુંબિક ફુવા થતો હતો. તે મૂળ બાલાસિનોરનો હતો. તે અવારનવાર ફરિયાદીના ઘરે આવતો અને રોકાતો હતો. એક દિવસે ફરિયાદીની માતા દવાખાને જઈને પરત ફરી ત્યારે સૌથી નાની દીકરી ઘરે હાજર નહોતી અને નણદોઈ પણ ઘરે નહોતો.

નણદોઈને ફોન કરતા યોગ્ય જવાબ આપ્યો નહોતો. જયારે ભોગ બનનારના ભાઈને તેના મિત્રે જણાવ્યું હતું કે, તેની બહેન અને ફુવાને એકસાથે રિક્ષામાં જતાં જોયા હતાં. ફરીથી આરોપીને ફોન કરતાં તેને સગીરા પોતાની પાસે હોવાની પહેલા ના પાડી હતી તો બાદમાં પોતે બંને મરજીથી બહાર ગયા હોવાનું કહ્યું હતું. તેને ઘરે પરત આવવાની ના પાડતા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આરોપીની પત્નીનું અવસાન પામેલ હતી, જ્યારે એક ૪ વર્ષ નાની દીકરી પણ હતી. પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. તેમજ સગીરા અને આરોપીનું નિવેદન નોંધ્યું હતું. સગીરા અને આરોપીની મેડિકલ તપાસ કરવામાં આવી હતી.

આરોપીના વકીલનું કહેવું હતું કે, આરોપી ફરિયાદીના ઘરે આવતો હોવાથી ફરિયાદીને ગમતું ન હોવાથી આ ખોટી ફરિયાદ કરાઈ છે. ફરિયાદીઓ ભોગ બનનારની ઉંમરની માન્ય પુરાવો રજૂ કરી શક્યા નથી. જો કે, પીડિતા સગીરાનો ઓસિફિકેશન ટેસ્ટ કરાતા તેની ઉંમર ૧૪ થી ૧૬ વર્ષ વચ્ચેની માલૂમ પડી હતી. આરોપીએ પીડિતાને તેની માતાને મળવા લઈ જવાનું કહીને નડિયાદ, વડોદરા, ગોધરા, મુંબઈ વગેરે જગ્યાએ લઈ જઈને લગ્ન કરવાનું કહીને અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. કોર્ટે આરોપીને સજા ફટકારતાં નોધ્યું હતું કે, આરોપી માટે પીડિતા તેની દીકરી જેવી હતી, રક્ષક જ ભક્ષક બન્યો છે. આરોપીને ઓછી સજા કરી શકાય નહીં.

નોંધનીય છે કે, આરોપી સામે IPCની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૨(૨)(I)(N) અને પોક્સો એક્ટની કલમ ૫(L)(N), ૬, 9L તેમજ ૧૦ મુજબ ગુનો નોંધાયો હતો.

### અગાઉના વર્ષ કરતાં પ્રવાસીઓની સંખ્યામાં ૨૪ ટકાનો વધારો

# ગત વર્ષમાં દેશ-વિદેશના ૧૮ કરોડથી વધુ પ્રવાસી ગુજરાતના બન્યા મહેમાન

## એકલા અમદાવાદની બિઝનેશના હેતુથી ૨.૨૬ કરોડ લોકોએ લીધી મુલાકાત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૬

ભારત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરે 'વિશ્વ પ્રવાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા પસંદગીનું રાજ્ય બન્યું છે. રાજ્યમાં ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા છે.

પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ ગુજરાતની મુલાકાતે આવેલા પ્રવાસીઓ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, ગુજરાતની વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી, આમાં ૧૭.૫૦ કરોડ સ્થાનિક પ્રવાસીઓ તેમજ ૨૩.૪૩ લાખ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૧.૩૮ કરોડથી વધુ પ્રવાસીઓએ એક દિવસ માટે જયારે ૭.૨૧ કરોડથી વધુ પ્રવાસીઓએ રાત્રિરોકાણ કર્યું હતું. જે ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રવાસીઓની સંખ્યા ૧૪.૯૮ કરોડ હતી એટલે કે, ગયા વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ૨૪.૦૭ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.

ભારતભરમાંથી મુખ્યત્વે ધાર્મિક, બિઝનેસ, હેરિટેજ અને લીઝર એટલે કે પોતાના વ્યસ્ત જીવનમાંથી આનંદ માણવા, એમ ચાર ક્ષેત્રે રસ ધરાવતા પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવે છે.

ધાર્મિક પ્રવાસન ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે ત્યારે દેશભરમાંથી સૌથી વધુ ૧.૬૫ કરોડ અંબાજી ખાતે દર્શનનો લાભ લીધો છે. જ્યારે સોમનાથ મંદિર ખાતે ૯૭.૯૩ લાખ, દ્વારકા ખાતે ૮૩.૫૪ લાખ પાવાગઢ ખાતે ૭૬.૬૬ લાખ મળી કુલ ૪૫૭.૩૫ લાખ પ્રવાસીઓએ લાભ લીધો છે. જ્યારે બિઝનેસના હેતુથી સૌથી વધુ અમદાવાદમાં ૨.૨૬ કરોડથી વધુ જયારે સુરતમાં ૬૨.૩૧ લાખ, વડોદરામાં ૩૪.૧૫ લાખ, રાજકોટમાં ૧૮.૫૯ લાખ અને ભરૂચમાં ૧૭.૭૨ લાખ એમ કુલ ૩૫૮.૭૭ લાખ પ્રવાસીઓએ મુલાકાત કરી હતી. લીઝર એટલે કે વ્યસ્ત જીવનમાંથી આનંદ માણવા અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટ પર ૭૯.૬૭ લાખ, સાબરમતી રિવરફ્રન્ટની ૪૪.૭૬ લાખ, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૪૩.૫૨ લાખ, સાયન્સ સિટીની ૧૩.૬૦ લાખ તેમજ ગુજરાતના એક માત્ર હિલ સ્ટેશન એવા સાપુતારાની ૧૧.૩૯ લાખ એમ મળીને કુલ ૧૯૨.૯૬ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. આજ રીતે હેરીટેજ એટલે કે, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોમાં વડનગરની ૬.૯૩ લાખ, પોરબંદર ખાતે કીર્તિ મંદિરની ૪.૦૬ લાખ, ગાંધીનગર અડાલજ વાવની ૩.૮૬ લાખ, યુનેસ્કોની યાદીમાં વૈશ્વિક વારસામાં સ્થાન પામેલ પાટણમાં રાણી કી વાવની ૩.૮૩ લાખ, એમ મળીને કુલ ૨૨.૪૯ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. ગુજરાત રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રને વધુને વધુ વેગ મળે અને પ્રવાસીઓને પ્રવાસનક્ષેત્રને વધુ વિકલ્પ મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા નવા પ્રવાસન સ્થળો વિકસાવવામાં આવી રહ્યા છે. પ્રવાસીઓના વધારાથી સ્થાનિક રોજગારીનું પ્રમાણ પણ વધ્યું છે.

### મોતનું કારણ અકબંધ

# IIM અમદાવાદમાં MBAના વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી

## પોલીસે મોબાઈલ-લેપટોપ જપ્ત કરી તપાસ હાથ ધરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

IIM અમદાવાદમાં અભ્યાસ કરતા MBAના વિદ્યાર્થીએ આપઘાત કરી લીધો છે. આજે બપોરના સમયે વિદ્યાર્થીઆ IIM અમદાવાદના નવા બિલ્ડિંગમાં ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મૂળ તેલંગાણામાં રહેતો આ વિદ્યાર્થી IIM અમદાવાદમાં MBAનો અભ્યાસ કરતો હતો. બનાવની જાણ થતાં વસ્ત્રાપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ મોકલવાની તજવીજ હાથ ધરી છે. IIM અમદાવાદના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા. સ્થાનિક પીઆઈ સહિતનો કાફલો સ્થળ પર પહોચ્યો હતો. પોલીસે આપઘાત અંગેની કારણ જાણવા તજવીજ હાથ ધરી છે. વિદ્યાર્થીઓ પોત પોતાના પ્રોજેક્ટ અને કામમાં વ્યસ્ત હતા. ઘણાં વિદ્યાર્થીઓ વરસાદ બંધ થઇ જતાં કેમ્પસના ગ્રાઉન્ડ પર રમતા હતા. ત્યારે જ હોસ્ટેલમાંથી કેટલાક વિદ્યાર્થીની બુમો સંભળાવા લાગી કે, અક્ષિતે આપાઘાત કરી લીધો છે. બધા વિદ્યાર્થીઓ હોસ્ટેલ તરફ દોડી ગયા અને જોયું તો રૂમમાં ગળેફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. તરતજ હોસ્ટેલના રેક્ટર અને IIM અમદાવાદના સંચાલકોને જાણ કરવામાં આવી. તેમણે પોલીસને જાણ કરતાં વસ્ત્રાપુર પોલીસની ટીમ ત્યાં પહોંચી ગઇ હતી. વસ્ત્રાપુરના ઈન્ચાર્જ ઈન્સ્પેટર વી.ડી. મોરી પણ ટીમ સાથે પહોંચી ગયા હતા. તપાસ કરતાં આપઘાત કરનાર વિદ્યાર્થીનું નામ અક્ષિત હેમંત ભુખીયા (ઉ.વ. ૨૩) હોવાનું તથા અક્ષિત તેલાંગણાનો રહેવાસી હોવાનું જાણી શકાયું હતું. ભણવામાં અત્યંત તેજસ્વી અક્ષિત IIM અમદાવાદમાં MBAનો અભ્યાસ કરતો હતો. હવે તેને એવી તો શું તકલીફ પડી કે તેણે આપઘાત કરી લીધો? તે અંગેની તપાસ ચાલી રહી રહી છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, ઉત્સાહી અક્ષિત આગામી દિવસોમાં કેમ્પસમાં યોજાનારી એક ખાસ ઈવેન્ટનું સંપૂર્ણ મેનેજમેન્ટ પણ સંભાળતો હતો. વસ્ત્રાપુરના ઈન્ચાર્જ પીઆઇ વી.ડી મોરીએ જણાવ્યું હતું કે, બપોરે ૩:૪૫ વાગે કંટ્રોલ રૂમને આત્મહત્યા માટેનો મેસેજ મળ્યો હતો. જેને લઈને પોલીસ સ્થળ પર પહોંચી હતી. ત્યારે વિદ્યાર્થીનો મૃતદેહ લટકી રહ્યો હતો. વિદ્યાર્થીના રૂમમાંથી કોઈ જ સુસાઇડ નોટ મળી નથી, પરંતુ પોલીસ દ્વારા મૃતકનો મોબાઈલ અને લેપટોપ કબ્જે કરીને તપાસ કરવામાં આવશે.

### લઘુમતી સમાજના ધાર્મિક સ્થળો પર બુલડોઝર કાર્યવાહી યથાવત્

# જૂનાગઢના મીરાનગરમાં આવેલ હઝરત મદદશાહ પીરની દરગાહ શહીદ કરાઈ

## દરગાહ કોઈપણ રૂપે નડતરરૂપ ન હતી, ૨૧મીએ નોટિસ આપી, ગઈકાલે દબાણના નામે શહીદ કરાતા અકીદતમંદોમાં રોષ

જૂનાગઢ,તા.૨૬

લઘુમતી સમાજના ધાર્મિક સ્થળો પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવવાની કાર્યવાહી જારી છે. ટૂંક સમયની નોટિસ આપી તંત્ર વાહકો દ્વારા શ્રદ્ધાળુઓની આસ્થાને અવગણી નિર્દયતાપૂર્વક ધાર્મિક સ્થળોને તોડી પાડવામાં આવી રહ્યા છે. લોકોની આસ્થા સાથે ખિલવાડ કરતા તંત્ર સામે રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. આજરોજ જૂનાગઢ ખાતે ફરી એકવાર મુસ્લિમ સમાજના ધાર્મિક સ્થળને તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી શહીદ કરાતા શ્રદ્ધાળુઓમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે.જુનાગઢ શહેરમાં આજે ફરી દબાણ ઝુંબેશના નામે કલેક્ટર



ઓફિસ સામે આવેલ મદદ શાહ પીરની દરગાહ શહીદ કરવામાં આવતા મુસ્લિમ સમાજે ભારે આઘાતની લાગણી અનુભવી છે. મીરા નગરમાં આવેલ દરગાહ કોઈપણ રૂપે નડતર રૂપ હતી નહીં . ગત તા ૨૧.૯.૨૪ ના રોજ જૂનાગઢ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર દ્વારા દરગાહનું દબાણ હટાવી લેવા માટે નોટિસ આપવામાં આવી હતી ત્યારબાદ આજે મીરા નગર ખાતે દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જેમાં મીરા નગર સોસાયટીમાં આવેલ મકાનોનાં આસામીઓ દ્વારા જે દબાણ કરવામાં આવ્યું હતું તે દબાણ , ઓટલા, ગેટ સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા છે.

# ઈઝરાયેલના લશ્કરના જમીની આક્રમણની તૈયારીઓ વચ્ચે હજારો લોકોનું લેબેનોનથી સીરિયા પલાયન

(એજન્સી) દમાસ્કસ, તા.૨૬

લેબેનોનમાં ઘૂસીને જમીનની આક્રમણ કરવાની ઈઝરાયેલના લશ્કરની તૈયારીઓ શરૂ થઈ જતા હજારો લોકો પલાયન કરીને સીરિયા પહોંચી રહ્યા છે. ઈઝરાયેલના નોર્થ કમાન્ડના અધિકારી ઓરીગોરડીને એવી ચેતવણી આપી હતી કે હવે ભૂમિ આક્રમણ શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે અને અમે યુદ્ધના નવા તબક્કામાં પ્રવેશ કરી રહ્યા છીએ. આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટ અનુસાર ઈઝરાયેલના આર્મીના લેફ્ટનન્ટ જનરલ અરજી હાલેવીએ લેબેનોન પર ભૂમિ આક્રમણ કરવાની તૈયારીઓનો સંકેત આપ્યો હતો અને એ માટે લીલી ઝડી આપી દીધી છે. પ્રતિકાર જૂથ હિઝબુલ્લાહ દ્વારા તેલ અવીવ ઉપર મિસાઈલ મારો કરવામાં આવ્યા બાદ ઈઝરાયેલનું લશ્કર હવે ભૂમિ આક્રમણ માટે તૈયાર થઈ રહ્યું છે તેવું ગોરડીને જાહેર કર્યું. જો કે લશ્કરી કાર્યવાહી લેબેનોનમાં ક્યારે શરૂ થશે તે અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી પણ એ દરમિયાન ઈઝરાયેલી સેનાના ભૂમિ આક્રમણના ડરથી હજારો લોકો લેબેનોનથી પલાયન કરી રહ્યા છે અને સીરિયા તરફ જઈ રહ્યા છે અત્યાર સુધીમાં હજારો લોકો સીરિયામાં પહોંચી ગયા હોવાનું આંતરરાષ્ટ્રીય મીડિયાએ જણાવ્યું હતું. યુનોની રેફ્યુજી એજન્સીએ જણાવ્યું હતું કે સેંકડો વાહનો સીરિયાની સરહદ પર ખટકાયેલા જોવા મળે છે અને જેટલો સામાન હાથમાં આવે એટલો લઈને લોકો લેબેનોન છોડી રહ્યા છે અને કેટલાક તો પગે ચાલીને પણ જઈ રહ્યા છે. મહિલાઓ બાળકો અને નવજાત શિશુઓની સાથે અનેક પરિવારો અત્યારે સતત ઘટતા જતા તાપમાનની વચ્ચે રાતના સમયે ખુલ્લામાં આશરો લઈ રહ્યા છે કેટલાકને સતત ચાલી રહેલા બોમ્બ મારાથી ઈજાઓ પણ થઈ છે. યુનોએ પણ સતત ચાલી રહેલી હિંસાથી અને રક્તપાતથી ચિંતાની લાગણી વ્યક્ત કરી છે અને જણાવ્યું છે કે હજારો લોકો વિસ્થાપિત થઈ રહ્યા છે અને યુદ્ધથી બચીને સીરિયામાં ઘસારો કરી રહ્યા છે. દરમિયાન પ્રતિકાર જૂથ દ્વારા પણ ઈઝરાયેલના હાઈફા તથા તેલ અવીવ તથા અન્ય યહૂદી વસાહતો તરફ જોરદાર મિસાઈલ મારો કરવામાં આવી રહ્યો છે અને વડતા પગલાં પ્રતિકાર જૂથ લઈ રહ્યું છે જેના કારણે યુદ્ધ વધુ વકી રહ્યું છે. યુનોની માનવ અધિકાર સંસ્થાના અધિકારી ગ્રંડીએ ચેતવણી આપી છે કે પશ્ચિમ એશિયા વધુ એક વિસ્થાપિત કટોકટી સહન કરી શકે તેમ નથી એટલે વિશ્વ સમુદાય વધુ વિનાશ અને તબાહી અટકાવવા માટે પગલાં લે એ જરૂરી છે.



# અમેરિકા તથા ફ્રાન્સ અને સાથી દેશો દ્વારા ઈઝરાયેલ તથા હિઝબુલ્લાહ વચ્ચે તત્કાળ ૨૧ દિવસનો વિરામ લાગુ કરવા જોરદાર માગણી

## ઈઝરાયેલ અને લેબેનોન સરહદ પર જ યુદ્ધવિરામ લાગુ કરવાની માંગ



(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬

અમેરિકા તથા ફ્રાન્સ અને અન્ય સાથી દેશોએ ઈઝરાયેલ અને હિઝબુલ્લાહનો અંત લાવવા માટે ૨૧ દિવસનો યુદ્ધ વિરામ તાત્કાલિક લાગુ કરવા માટે જોરદાર માગણી કરી છે. આ નવા સંઘર્ષને કારણે અત્યાર સુધીમાં ૬૦૦ નાગરિકો માર્યા ગયા છે.


ન્યૂયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભાની બેઠક સમયે અમેરિકા ફ્રાંસ તથા સાથે દેશોના સંયુક્ત નિવેદનમાં જાહેર કરવામાં આવ્યું છે કે તાજેતરમાં શરૂ થયેલી નવી લડાઈ અસહ્ય છે અને સમગ્ર પ્રદેશ યુદ્ધના ભરડામાં આવી જવાનો ભય રહે છે જે ચલાવી લેવાય તેમ નથી. એટલે ઈઝરાયેલ અને લેબેનોન સરહદ પર ૨૧ દિવસનું યુદ્ધ વિરામ તાકીદે જાહેર કરવા માટે અમે અપીલ કરીએ છીએ. અમેરિકા અને સાથી દેશોની અપીલ અંગે ઈઝરાયેલ તરફથી અથવા તો લેબેનોન સરકાર તરફથી અત્યારે કોઈ પ્રતિક્રિયા મળી નથી પણ અમેરિકાના સિનિયર અધિકારીઓએ જણાવ્યું હતું કે યુદ્ધમાં સંડોવાયેલા દરેક પક્ષોને અમારી અપીલની ખબર છે અને અમે એ બધા સાથે વાતચીત કરી રહ્યા છીએ યુદ્ધ વિરામમાં નહીં જોડાય પણ લેબનોનની સરકાર એ માટે તૈયાર થઈ જશે અને સંકલન કરશે એવી અમને આશા છે. અત્યારે યુદ્ધ વિરામ માત્ર ઈઝરાયેલ અને લેબેનોન સરહદ પર લાગુ કરવાની માગણી થઈ છે. અમેરિકન અધિકારીઓ કહે છે કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે બંધકોની મુક્તિ તથા યુદ્ધ વિરામ માટે સ્થગિત થયેલી વાટાઘાટો ફરી શરૂ કરાવવા માટે અમને ત્રણ સપ્તાહના યુદ્ધ વિરામથી મદદ મળશે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુરોપીય સંઘ, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, સઉદી અરેબિયા યુએઈ અને કતાર દ્વારા અપીલ કરવામાં આવી છે. અમેરિકાના પ્રમુખ જો બાઈડેનની સૂચનાથી એમની રાષ્ટ્રીય સલાહકાર સુરક્ષા ટીમ અને વિદેશ મંત્રી એન્થની બ્લિંકન તથા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલેવાનની ટીમ દ્વારા તાકીદના ધોરણે દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. બાઈડેન અને ફ્રાન્સના પ્રમુખ મેક્રોન વચ્ચે યુનો મહાસભા બેઠક બાદ થયેલી ચર્ચા વિચારણાથી કરવામાં આવી હતી અને બંને દેશોને આશા છે કે સંબંધિત પક્ષો આ દરખાસ્તને સ્વીકારી લેશે અને તાકીદનો વિરામ લાગુ કરવામાં આવશે.

લેબેનોનના વડાપ્રધાન નજીબ મિકાતીએ પણ ફ્રાન્સ અને અમેરિકા દ્વારા તૈયાર થયેલી દરખાસ્તનું સમર્થન કર્યું છે અને કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય મદદથી આ યુદ્ધનો અંત લાવી શકાશે. ઈઝરાયેલના દળો લેબેનોનનાા તમામ વિસ્તારોમાંથી પાછા હટી જાય એ સુનિશ્ચિત કરવા તેમણે યુનોની સલામતી સમિતિના અનુરોધ કર્યો હતો. ઈઝરાયેલ લોકોનો પ્રતિસાદ આ બાબતમાં સાનુકૂળ હોવાનું જાહેર થયું છે.

# આ જાન્યુઆરીમાં અબુધાબીની મુલાકાત લેવા માટે કોલ્ડપ્લેને તમારૂં કારણ બનાવો કારણ કે મુંબઈની ટિકિટો લાખોમાં વેચાઈ રહી છે

(એજન્સી) તા.૨૬

ભારતમાં કોલ્ડપ્લેના ચાહકો નિરાશ થયા કારણ કે તેમાંના મોટાભાગના મુંબઈ કોન્સર્ટ માટે ટિકિટ મેળવી શક્યા ન હતા. પરંતુ ચિંતા કરશો નહીં, અબુધાબીના કોન્સર્ટ્સ મિન્ટના એક નવા અહેવાલમાં અબુધાબીના ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં રાઉન્ડ ટ્રિપ્સ, આવાસ અને કોન્સર્ટ ટિકિટો કેવી રીતે બુક કરવી તે પ્રકાશિત કરવામાં આવ્યું છે. બજેટ-ફ્રેંડલી વિકલ્પ. ખાસ કરીને જેઓ મુંબઈ કોન્સર્ટ માટે રિસેલ ટિકિટ ખરીદવાનું વિચારી રહ્યા છે. તેઓ હાલમાં Viagogo જેવી વેબસાઈટ્સ પર રૂા. ૯ લાખ સુધી વેચી રહ્યાં છે. જો કે, આ પ્રથમ વિચાર જેટલું સરળ ન હોઈ શકે. બુધવારે કોલ્ડપ્લેએ પ્રી-સેલ્સ દરમિયાન ઊંચી માંગને પગલે ૧૨ જાન્યુઆરી માટે અબુ ધાબીમાં બીજો શો ઉમેર્યો હતો. હજુ બધી આશાઓ ઠપ થઈ નથી કારણ કે સામાન્ય વેચાણ હજુ ૨૭ સપ્ટેમ્બરે ખુલશે. શું તમે તમારૂં નસીબ અજમાવવા માંગો છો?



**અબુધાબીમાં જોવાલાયક સ્થળો**

વધુમાં જયારે તમે અબુધાબીમાં હોવ, ત્યારે તમે તમારા પ્રવાસ કાર્યક્રમમાં થોડા વધુ દિવસો ઉમેરી શકો છો અને શહેરનું અન્વેષણ કરી શકો છો.

૧. શેખ ઝાયેદ ગ્રાન્ડ મસ્જિદ : આ સફેદ આરસની મસ્જિદ એક આર્કિટેક્ચરલ અજાયબી છે જે નિર્મળ શાંતિને બહાર કાઢે છે. આરસ પર કોતરવામાં આવેલી સુંદર સુલેખન સાથેના દશ્યો ઉત્કૃષ્ટ છે. પૂલ અને ફુવારા શાંત વાતાવરણને વધારે છે અને જટિલ કાર્પેટ હૂંફનો સ્પર્શ ઉમેરે છે.

૨. લોવર અબુધાબી : આ મ્યુઝિયમમાં વિશ્વભરની કલાનો વિશાળ સંગ્રહ છે. તે મધ્ય પૂર્વના પ્રથમ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલયોમાંનું એક છે, જે UAE અને ફ્રાન્સ વચ્ચેના સહયોગથી સ્થપાયેલું છે.

૩. ડેટ્સ માર્કેટ : અબુધાબી ડેટ્સ માર્કેટ એ ઉચ્ચ ગુણવત્તાની ખજુરોનું કેન્દ્ર છે, જેમાં વિદેશી સ્વાદોનો સમૃદ્ધ સંગ્રહ છે.

૪. યાસ મોલ : એક દુકાનદારનું સ્વપ્ન, યાસ મોલ અબુધાબીનું સૌથી મોટું શોપિંગ સેન્ટર છે. તેના ત્રણ માળમાં ઘણી બ્રાન્ડ અને ખાણીપીણીની દુકાનો છે.


૫. અબુધાબી હેરિટેજ વિલેજ : તે સમયના કેપ્સ્યુલની જેમ કાર્ય કરે છે, જે તમને તેના સમૃદ્ધ આધુનિક યુગ પહેલા શહેરના ભૂતકાળમાં લઈ જાય છે. હેરિટેજ વિલેજ ઘણા કારીગરોનું ઘર છે જેઓ ધાતુશાસ્ત્ર, માટીકામ, વણાટ અને કાંતણ જેવી પરંપરાગત કળાઓનું પ્રદર્શન કરે છે.

# દક્ષિણ હેબ્રોનમાં પેલેસ્ટીની વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી

(એજન્સી) તા.૨૬

પેલેસ્ટીની ઈન્ફોર્મેશન સેન્ટરે અહેવાલ આપ્યો છે કે, ઈઝરાયેલી કબજાવાળા દળોએ ગઈકાલે રાત્રે અધિકૃત વેસ્ટ બેંકમાં દક્ષિણ હેબ્રોનમાં અલ-ફવાર શરણાર્થી કેમ્પ પર હુમલો કર્યો અને એક પેલેસ્ટીનીઓને ગોળી મારી દીધી. કબજાવાળા દળોએ સ્થાનિક લોકો પર ગોળીબાર કર્યો હતો અને કેમ્પમાં ઘરો પર દરોડા પાડ્યા હતા. ૨૯ વર્ષીય યેહ્યા અવદને આજે સવારે મૃત જાહેર કરવામાં આવ્યો હતો. તબીબી સ્ટાફે પુષ્ટિ કરી કે તેનું મોત છાતીમાં ગોળી વાગવાથી થયું હતું. ઈઝરાયેલી સૈનિકો સાથેની અથડામણ દરમિયાન અન્ય ત્રણ યુવાનોને નાની મોટી ઈજાઓ થઈ હતી. અવદ પરિણીત હતો અને તેને એક વર્ષની પુત્રી હતી અને તેની પત્ની બીજા બાળકની અપેક્ષા રાખતી હતી. તેણે હેબ્રોન નગરપાલિકા માટે કામ કર્યું. પેલેસ્ટીની સમૂહોએ અવદની શહાદતના શોકમાં અલ-ફવાર કેમ્પમાં સામાન્ય હડતાળનું આહ્વાન કર્યું છે.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# વકફ સંશોધન વિધેયકમાં તદ્દન ગેરવ્યાજબી અને અન્યાયી જોગવાઈઓ વિરૂદ્ધ જેપીસી સમક્ષ આજે રજૂઆત કરો

પોતાના શૈક્ષણિક અને આર્થિક પછાતપણાને દૂર કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહેલા ભારતીય મુસ્લિમો વિરૂદ્ધ વર્તમાન એનડીએની કેન્દ્ર સરકારે લોકાસભામાં વકફ સંશોધન વિધેયક (૨૦૨૪) રજૂ કરીને દેશના મુસ્લિમો માટે મોટી મુસીબત ઊભી કરી દીધી છે એટલે આ પ્રસાવિત સુધારા સામે મુસ્લિમોમાં દેશભરમાં ભારે વિરોધ ફાટી નીકળ્યો છે અને આ વિરોધને વિપક્ષ અને ખુદ એનડીએના ઘટક પક્ષોએ પણ સંસદમાં વાચા આપતા છેવટે મોદી સરકારે જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (સંયુકત સંસદીય સમિતિ-જેપીસી)ની નિમણૂક કરી છે અને આ જેપીસી આજે અમદાવાદ ખાતે આવી રહી છે અને વકફ સંશોધન બિલ ૨૦૨૪ બાબતે આમ નાગરિકો પાસેથી સૂચનો મેળવશે અને સુનાવણી કરશે ત્યારે આ બાબતે ગુજરાત અને આસપાસના વિસ્તારના મુસ્લિમો પણ પોતાની વાત રજૂ કરશે જેમાં આ પ્રસ્તાવિત વકફ બિલના સુધારામાં ઘણી વિસંગતતાઓ અંગે મુદ્દાસર વાત કરાશે. જેમાં વકફ બોર્ડ, કાઉન્સિલ અને ટ્રિબ્યુનલમાં બિન મુસ્લિમ સભ્યોની નિમણૂક કરવાથી માંડીને 'વકફ બાય યુઝર્સ' એટલે કે વકફના વપરાશકર્તાઓ કે જે મુસ્લિમો છે એમનો જ સાવ છેદ ઉડાડી દેવા જેવી તદ્દન અતાર્કિક, અન્યાયી અને ગેરવ્યાજબી જોગવાઈઓનો વિરોધ જેવા મુદ્દે ગુજરાતના મુસ્લિમો રજૂઆત કરવાના છે, ત્યારે એ બાબત પણ ધ્યાનમાં લેવી જોઈએ કે ગુજરાતના મુસ્લિમોની ચિંતા એ માત્ર ગુજરાત વકફ બોર્ડ કે ટ્રિબ્યુનલ પૂરતી નહીં પરંતુ સમગ્ર દેશના વકફ બોર્ડો અને કાઉન્સિલ બાબતે છે કારણ કે જે બાબતે ગુજરાતના મુસ્લિમો ગંભીર ચિંતામાં છે એ જ ચિંતા દેશભરના મુસ્લિમોની છે અને જે અંગે ગુજરાતની જેમ દેશના મુસ્લિમો પણ દરેક મંચ સમક્ષ રજૂઆતો કરી રહ્યા છે.

પ્રસ્તાવિત નવા વકફ કાયદામાં આમ તો ઘણી વિસંગતતાઓ છે જેને 'ગુજરાત ટુડે'એ પોતાના સંપાદકીય લેખોમાં અને અન્ય સમાચારો-અહેવાલોમાં સંખ્યાબંધ વખત પ્રસિદ્ધિ આપી છે અને માત્ર મુસ્લિમો જ નહીં તમામ ધર્મ-વર્ગના લોકો આ બાબતે જાગૃતિ દાખવી રહ્યા છે અને ગુજરાત ટુડેએ ઉઠાવેલા મુદ્દાઓને સમર્થન પણ આપી રહ્યા છે. ઉકત વકફ એકટમાં એક એવો સુધારો પણ સૂચવાયેલો છે કે જે અંગે મુસ્લિમ સમાજમાં ભારે બેચેની અને વિરોધ છે. આ સુધારામાં 'વકફ બાય યુઝર્સ'ની જોગવાઈને દૂર કરવાની વાત છે વકફની મિલકત વર્ષોથી વપરાશ ઉપરથી નક્કી થતી પરંતુ નવા સુધારા બીલમાં દસ્તાવેજ કે જમીન વકફ કરનારની સહી વગર હોય એ જમીન વકફ ન કહેવાય અને માલિકી સરકારની કહેવાય. હવે જો 'વકફ બાય યુઝર્સ'ને દૂર કરી દેવાય તો એનો અર્થ એ થાય કે મુસ્લિમો સદીઓથી વકફ મિલકતો તરીકે જે મસ્જિદો, દરગાહો, કબ્રસ્તાનો વગેરે વાપરી રહ્યા છે અને એનો કોઈ રેવન્યુ રેકોર્ડ ઉપલબ્ધ નથી તેવી મિલકતો 'વકફ બાય યુઝર્સ' જોગવાઈ નાબૂદ થવાથી ખતરામાં આવી જશે અને બહુ સંભવ છે કે, આ બધી જ મિલકતો કે જેમાં સદીઓ જૂની જુમ્મા મસ્જિદો પણ હોય તો તે સરકાર પોતાના હસ્તક લઈ લે કે જે ખરેખર મુસ્લિમોની જ વકફ મિકલતો છે. અંગ્રેજોના ૨૦૦ વર્ષના શાસનમાં અને એ અગાઉ રાજા-બાદશાહોના સદીઓ પુરાણા ભારત પરના શાસનમાં જે વકફ મિલકતો મુસ્લિમોના કબજામાં હતી અને તે વાપરતા આવ્યા છે તેના પરથી મુસ્લિમોનો હક લઈ લેવાની આ જોગવાઈ છે. વધુ સ્પષ્ટ રીતે કહીએ તો અંગ્રેજોએ જે કામ ન હતું કર્યું એ કામ એટલે કે મુસ્લિમોના વપરાશમાં રહેલી મસ્જિદો-દરગાહો-કબ્રસ્તાનો સહિતની મિલકતો લઈ લેવાય એવી જોગવાઈ આ એનડીએની કેન્દ્ર સરકારે કરી છે. આ બાબતે મુસ્લિમોમાં ભારોભાર અસંતોષ છે. અત્યારે પચાસ-સો વર્ષ જૂની જમીનો મિલકતોના કાગળિયા કે દસ્તાવેજો કે જે બે-ત્રણ પેઢી વાપરતી હોય એની પાસે આજે નથી મળી આવતા ત્યારે પાંચસો સાતસો કે હજાર વર્ષ પહેલાની મિલકતોના કાગળિયા કે દસ્તાવેજો મુસ્લિમોની ૫૦મી કે ૬૦મી પેઢી પાસેથી ક્યાંથી મળવાના ? અરે આ તો મુસ્લિમોની વાત થઈ પરંતુ ખુદ સરકાર પાસે એના કબજામાં રહેલી ઘણી મિલકતોના દસ્તાવેજો છે નહીં અથવા તો મળતા નથી...જેની પાસે આઝાદી વેળાનું મહેસૂલ ખાતું છે, હજારો કર્મચારીઓ છે, કચેરીઓ છે એની જો આ સ્થિતિ હોય તો અનેક દાયકાઓ વર્ષોના વ્હાણા વહી ગયા બાદ મુસ્લિમો પાસે તમામ વકફ મિલકતોના દસ્તાવેજો ક્યાંથી હોવાના ?.. હા પણ તેઓના વપરાશમાં આ મિલકતો સદીઓથી કે દાયકાઓથી રહેલી છે. એટલે કે વકફના યુઝર્સ છે અને એ સર્વવિદિત છે છતાં પણ આ 'વકફ બાય યુઝર્સ'ની જોગવાઈ દૂર કરીને કેન્દ્ર સરકાર શું કરવા માગે છે ? જો મસ્જિદો, દરગાહો કે કબ્રસ્તાનો જેવી મિલકતો મુસ્લિમોની ન હોય તો બીજા કોની હોય...? જ્યારે રાજાઓ, બાદશાહો જેવા શાસકો તરફથી તેમને આ મિલકતો મળી હોય કે જે-તે વખતના મુસ્લિમોએ એને પોતાના સમાજ માટે વકફ કરેલી હોય અને એના વપરાશકર્તા મુસ્લિમો જ હોય ત્યારે 'વકફ બાય યુઝર્સ'ની જોગવાઈને દૂર કરવા પાછળનો ઈરાદો શું છે ? આ તો એવું થયું કે જે તે વખતે ઘણા બાદશાહો, નવાબો જેવા મુસ્લિમ શાસકોએ મોટા મુસ્લિમ રાજવીઓએ અનેક મંદિરોને પણ જમીનો આપી છે જેના દાન અંગેના કાગળિયા કે દસ્તાવેજો હિન્દુ ટ્રસ્ટ કે મંદિરના સંચાલકો પાસે ન હોય તો એનું શું ? શું આવા હિન્દુ ટ્રસ્ટો પાસે રાજાઓ-નવાબો કે બાદશાહોના બધી જમીનની માલિકીના સહી-સિક્કાવાળા કાગળો-દસ્તાવેજો છે ખરા ? અને જો ન હોય તો આવી મિલકતોનું શું ? જમણેરી રાજકારણીઓ દ્વારા જેને બહુ બદનામ કરવામાં આવે છે એ બાદશાહ ઔરંગઝેબ દ્વારા ૪૦૦ જેટલા મંદિરોને જમીન દાનમાં આપી છે. જેમાં આસામના ગૌહત્તી સ્થિત પ્રસિદ્ધ કામાખ્યા મંદિરનો પણ સમાવેશ થાય છે. અયોધ્યામાં તો મુસ્લિમ નવાબોએ હિન્દુ મંદિરો બંધાવ્યાનો ઈતિહાસ છે અને આજે પણ આ એકતાની સરવાણી વહે છે જેમાં અનેક મુસ્લિમોએ દેશભરમાં મંદિરો માટે જમીનો દાનમાં આપી છે. મંદિરોના નિર્માણમાં ફાળો આપ્યો છે. પછી તે દક્ષિણ ભારત હોય, ઉત્તર ભારત હોય કે આપણું ગુજરાત હોય... ત્યારે સવાલ એ છે કે સદીઓથી જે મંદિરો તરીકે હિન્દુઓના વપરાશમાં હોય અને સદીઓથી જ જે મસ્જિદો-દરગાહો કે કબ્રસ્તાનો મુસ્લિમોના વપરાશમાં હોય એમની પાસે કાગળો કે દસ્તાવેજો ન હોય તો એમની પાસેથી આ મિલકતો કે જમીનો પરત થોડી લઈ લેવાય ? નવા વકફ એકટમાં આવી તો ઘણી વાંધાજનક અને અતાર્કિક જોગવાઈઓ રખાઈ છે જેને દૂર કરવી જ રહી...આશા રાખીએ કે જેપીસી ગુજરાતમાંથી આવેલી રજૂઆતો અંગે યોગ્ય નિર્ણય લઈ મુસ્લિમોમાં વ્યાપેલી અન્યાયની ભાવનાને દૂર કરવામાં સહયોગ આપશે.

# RSSએ જાતિ વસ્તી ગણતરીનું સમર્થન કર્યું, શું વિપક્ષનું દબાણ કામ કરી ગયું

પીએમ મોદીનું એ વક્તવ્ય મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં એ સમયે આવ્યું હતું, જ્યારે બિહારમાં નીતિશકુમારની જેડીયુ અને આરજેડી-કોંગ્રેસનું ગઠબંધન હતું. નીતિશકુમારે બિહારની જાતિ વસ્તી ગણતરી કરાવી હતી. વિપક્ષના નેતા રાહુલ ગાંધી, સપા અધ્યક્ષ અખિલેશ યાદવ, આરજેડીના તેજસ્વી યાદવ, ઘણા લાંબા સમયથી દેશવ્યાપી જાતિ વસ્તી ગણતરીની માંગ કરી રહ્યા છે. પરંતુ ભાજપ એના વિરોધમાં હતો. પરંતુ ૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ તે ઐતિહાસિક ઘટના બની ગઈ. જ્યારે આરએસએસે જાતિ વસ્તી ગણતરીનું જેમ તેમ કરીને સમર્થન કરી દીધું છેફ. જોવાનું એ છે કે ભાજપ અને વડાપ્રધાન મોદી હવે કયો દાવ રમે છે. કારણ કે અત્યાર સુધી રાહુલ ગાંધી અને અન્ય વિરોધ પક્ષ આ મુદ્દાને જોરશોરથી ઉઠાવી રહ્યા હતા. રાહુલે મોદીને પડકાર ફેંકતા કહ્યું હતું કે સરકારે જાતિ વસ્તી ગણતરી તો કરાવવી જ પડશે. એને અમે લઈને જ રહીશું.

આરએસએસે દેશવ્યાપી જાતિ વસ્તી ગણતરીની વકીલાત કરતા કહ્યું હતું કે આ એક સંવેદનશીલ મુદ્દો છે. અને એને રાજનૈતિક સાધનના રૂપમાં ઉપયોગ કરવો જોઈએ નહીં. કેરળના પલક્કડમાં ત્રણ દિવસીય સંમેલન બાદ એક સંવાદદાતા સંમેલનને સંબોધિત કરતા, આરએસએસના મુખ્ય પ્રવકતા સુનીલ અંબેકરે સોમવારે કહ્યું, જાતિ વસ્તી ગણતરી એક ઘણો જ સંવેદનશીલ મુદ્દો છે. અને એ અમારી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે મહત્ત્વપૂર્ણ છે. એને ઘણી ગંભીરતાથી ઉકેલવો જોઈએ. ક્યારેક ક્યારેક સરકારને સંખ્યાની જરૂરિયાત હોય છે અને એણે પહેલાં પણ આ પ્રકારની પ્રેક્ટિસ કરી છે.

સંઘના મુખ્ય પ્રવક્તા અંબેકરે કહ્યું, પરંતુ તે (જાતિ વસ્તી ગણતરી) માત્ર એ સમુદાયો અને જાતિઓના કલ્યાણને ફાયદો પહોંચાડવા માટે હોવો જોઈએ. એનો ઉપયોગ રાજકીય સાધન કે ચૂંટણી પ્રચાર માટે કરવો જોઈએ નહીં. સંઘની આ ટિપ્પણી વિપક્ષ ઈન્ડિયા ગઠબંધનની રાષ્ટ્રવ્યાપી જાતિ વસ્તી ગણતરી કરાવવાની લાંબા સમયથી લંબાયેલી માંગની પૃષ્ઠભૂમિમાં આવી છે, જ્યારે આ વાત પર દબાણ કરવામાં આવ્યું છે કે એનાથી સરકારને વિભિન્ન સમુદાયો માટે એમની વસ્તીના આધાર પર નીતિઓ બનાવવામાં મદદ મળશે. આરએસએસ પ્રચાર પ્રભારી સુનીલ અંબેકરે પત્રકારોને કહ્યું, આરએસએસ વિચારે છે કે નિશ્ચિતરૂપથી, બધી કલ્યાણકારી ગતિવિધિઓ માટે વિશેષ રૂપથી આવા સમુદાયો અથવા જાતિઓને ટાર્ગેટ કરનારાઓ માટે જે પછાત રહ્યા છે- જેના માટે વિશેષ ધ્યાન આપવાની આવશ્યકતા છે. ક્યારેક-ક્યારેક સરકારને આંકડાઓની જરૂર પડતી હોય છે. આ એક સારી રીતે સ્થાપિત પ્રથા છે. પહેલા પણ તે (સરકાર) આવા ડેટા લઈ ચૂકી છે અને તેથી તે ફરીવાર આવું કરી શકે છે. પરંતુ આ એ સમુદાયો અને જાતિઓના કલ્યાણ માટે જ કરવું જોઈએ.

## દૃષ્ટિકોણ

એને ચૂંટણી માટે રાજનીતિના સાધન તરીકે ઉપયોગ કરવો જોઈએ નહીં. તેથી અમે એને બધા માટે સાવધાનીની સાથે સામે રાખ્યો છે. રાહુલ ગાંધીએ 'X' પર લખ્યું હતું, 'મોદીજી, જો તમે જાતિ વસ્તી ગણતરી રોકવાનું વિચારી રહ્યા હોવ તો તમે દિવાસ્વપ્ન જોઈ રહ્યા છો. હવે એને કોઈ શક્તિ રોકી શકતી નથી. ભારતનો આદેશ આવી ગયો છે. જલ્દી જ ૯૦ ટકા ભારતીય સમર્થન કરશે અને માંગ કરશે જાતિ વસ્તી ગણતરી કરાવવામાં આવે. અત્યારે આદેશ લાગુ કરો, નહીં તો તમે આવનાર વડાપ્રધાનને આવું કરતા જોઈ શકશો. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ માંગને નક્કર રૂપમાં રાખતાં હાલમાં જ અલ્હાબાદમાં કહ્યું હતું- આ સમાજ માટે એક એક્સ-રેની જેમ છે અને તે 'સીધું બંધારણ સાથે જોડાયેલું છે.'

**મોદીએ બતાવી ચાર જાતિઓ :-**

મોદીએ ૧ ડિસેમ્બરે કહ્યું હતું કે વિપક્ષ દેશને જાતિઓમાં વહેંચવા ઈચ્છે છે. પરંતુ એમની નજરમાં માત્ર ચાર જાતિઓ છે- ગરીબ, યુવાનો, મહિલાઓ અને ખેડૂત 'જે સૌથી મોટી જાતિ છે' મોદીએ એ પ્રવચન ૨૦૨૩માં પાંચમાંથી ત્રણ રાજ્યોમાં વિજય પ્રાપ્ત કર્યા બાદ આપ્યું હતું. મોદીએ કહ્યું હતું કે 'મારા માટે માત્ર ચાર જાતિઓ છે. મહિલા, યુવાનો, ખેડૂત અને ગરીબ. એમને સશક્ત બનાવવાથી દેશ મજબૂત થશે. આપણા ઓબીસી અને આદિવાસીઓનો એક મહત્ત્વપૂર્ણ ભાગ એ જ વર્ગોમાંથી આવે છે. આજે દરેક ગરીબ, વંચિત, દરેક ખેડૂત, આદિવાસી, નવયુવાનો કહી રહ્યા છે કે તે જીતી ગયા. પહેલી વખત મતદાન કરનારા કહી રહ્યા છે કે એમના મતથી જીત મળી છે. દરેક મહિલાને લાગે છે કે તે જીતી ગઈ છે. એ એમના સારા ભવિષ્યની જીત છે. જાતિ વસ્તી ગણતરીના મુદ્દા પર ઈન્ડિયા ગઠબંધનના નેતૃત્વમાં વિપક્ષ એકજૂટ તો છે જ પરંતુ ભાજપના નેતૃત્વવાળા એનડીએના બે પક્ષો જેડીયુ અને એલજેપી (રામવિલાસ પાસવાન)એ એનું સમર્થન કર્યું છે. બિહારમાં જેડીયુના નેતૃત્વવાળી સરકારે ગત વર્ષે રાજ્યમાં જાતિ સર્વેક્ષણ કરાવ્યું હતું. જો કે ભાજપે જાતિગત વસ્તી ગણતરીની માંગનો સખત વિરોધ કર્યો નહીં, પરંતુ કોઈ પ્રતિબદ્ધતા પણ બતાવી નહીં. જાતિ વસ્તી ગણતરીને એક કલ્યાણકારી પગલાના રૂપમાં બતાવનારા આરએસએસે ભાજપને હવે એક રસ્તો બતાવ્યો છે. જેનાથી મોદી સરકાર હિન્દુ ધર્મની અંદર વિવિધ સમુદાયોને ખુશ કરવા માટે એક વચગાળાનો રસ્તો શોધી શકે છે. અંબેકરે ભારપૂર્વક કહ્યું કે સંઘ હિન્દુ એકતાની સાથે સાથે રાષ્ટ્રીય એકતા અને અંખડિતતા માટે સતત કામ કરે છે. આપણે આપણા બંધારણનું ૭૫મું વર્ષ મનાવી રહ્યા છીએ. આપણું બંધારણ ન્યાય, સમાનતા, ભાઈચારાની વાત સારી રીતે કરે છે. પરંતુ આ વાતને રેખાંકિત કરવામાં આવી છે કે રાષ્ટ્રની અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે ભાઈચારો હોવો જોઈએ.

**(સૌ. : સત્યહિન્દી.કોમ)**

# ઈસ્લામી સમાજમાં સ્વતંત્રતાનું મહત્ત્વ

વર્તમાન યુગમાં સ્વતંત્રતા શબ્દ પોતાની ચર્ચાની ચરમસીમા સુધી પહોંચી ચૂક્યો છે. સંસારનો કોઈપણ સમાજ એવો નહીં હોય જ્યાં આ વિષયે વાત કરવામાં આવી ન હોય. આનું એક મહત્ત્વપૂર્ણ કારણ આ પણ છે કે લગભગ તમામ ધર્મોમાં આનાથી સંબંધિત દિશા-નિર્દેશ આપવામાં આવ્યા છે. સાથોસાથ આમાં મનુષ્ય અને સમાજના મૌલિક અધિકારોમાં પણ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

આ વિષય સાથે સંબંધિત ઈસ્લામી શિક્ષાઓમાં સ્પષ્ટપણે આ વાત કહેવામાં આવી છે કે પ્રત્યેક મનુષ્ય પોતાના જન્મને અનુરૂપ સ્વતંત્ર છે. સ્વતંત્રતા પ્રત્યેક મનુષ્ય અને સમાજનો અધિકાર છે. અત્રે સ્વતંત્રતાનો અભિપ્રાય માત્ર દાસતા (ગુલામી)થી મુક્તિ અને છૂટકારો જ નહીં પરંતુ ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજનીતિક, શૈક્ષણિક, વૈચારિક તથા અભિવ્યક્તિ તમામ પ્રકારની સ્વતંત્રતા આમાં સમ્મિલિત કે સમાવિષ્ટ છે.

જો આ સંબંધમાં ઈસ્લામી શિક્ષાઓ વિશેષ સ્વરૂપે પ્રારંભિક ઈસ્લામી ઈતિહાસનું અધ્યયન કરવામાં આવે તો આપણને ઘણી બધી એવી ઘટનાઓ જોવા મળે છે કે જે ઉપર વર્ણવવામાં આવેલી સ્વતંત્રતા સંબંધિત અવધારણા પ્રત્યે માત્ર સંકેત આપે છે. એટલું જ નહીં પરંતુ તેને સંપૂર્ણપણે સ્પષ્ટ પણ કરે છે.

દાસતા (દાસત્વ કે ગુલામી)થી સંબંધિત દ્વિતીય ઈસ્લામી ખલીફાનું આ પ્રસિદ્ધ કથન રજૂ કરી શકાય છે કે લોકોને તમે ક્યારથી ગુલામ બનાવી દીધા જ્યારે તેમની માતાઓએ તો સ્વતંત્ર જન્મ આપ્યો હતો.

આ જ રીતે ધાર્મિક, રાજનીતિક, આર્થિક, વૈચારિક સ્વતંત્રતાના સંબંધમાં મદીનાની સંધિને રજૂ કરી શકાય છે. જેમાં અંતિમ પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.)સાહેબે મદીનામાં રહેતા તમામ વ્યક્તિઓને સ્વતંત્રતા પ્રદાન કરી હતી.

વૈચારિક અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના સંબંધમાં ઈસ્લામના દ્વિતીય ખલીફા હઝરત ઉમર (રદી)ના કાળની વિભિન્ન ઘટનાઓને પ્રસ્તુત કરી શકાય છે, જેમાં સાધારણ વ્યક્તિઓએ ખલીફાની વિરૂદ્ધ પોતાના વિચાર પ્રગટ કર્યા અને ખલીફાને તેમની વાતો સાંભળવા તેને માનવા માટે વિવશ બનવું પડ્યું.



**ઈસ્લામની ઝલક**

**- પ્રો. અખ્તરૂલ વાસે**

અત્રે એક વાસ્તવિકતાની વ્યાખ્યા પણ આવશ્યક છે. તે આ કે અસીમિત વ્યક્તિગત આઝાદીની અવધારણા સંપૂર્ણપણે નિરર્થક છે. માનવ ઈતિહાસમાં કોઈપણ યુગમાં વ્યક્તિગત સ્વતંત્રતાની કોઈપણ અવધારણા સંપૂર્ણપણે સ્વતંત્ર રહી નથી. પ્રત્યેક સકારાત્મક અને વિશ્વસ્ત સ્વતંત્રતા અમુક નિયમો અને સીમાઓની અંદર જ પ્રગટ થાય છે. અસીમિત સ્વતંત્રતા મનુષ્યના ભૌતિક લાભો તથા તેના માનસિક અને ભાવુક ઉદ્દેશોને ન તો કોઈ દિશા પ્રદાન કરે છે ન તો તેની ઉપર કોઈ અંકુશ મૂકે છે. પૂર્ણ વ્યક્તિગત આઝાદી સામાજિક અને સામૂહિક વ્યવસ્થાની સ્થાપના અને સુદૃઢતામાં સહાયક થતી નથી પરંતુ તેને ક્ષતિ પહોંચાડે છે.

ઈસ્લામી શિક્ષાઓ દ્વારા પ્રત્યેક પ્રગતિનો આધાર એક નૈતિક નિયમને બનાવવામાં આવ્યો છે. આ નિયમ વ્યક્તિ વિશેષ અને સમૂહમાં કોઈપણ પ્રકારનું કોઈપણ ઘર્ષણ ઉત્પન્ન થવા દેતા નથી પરંતુ બંનેને પોતાની સીમાઓ કે મર્યાદામાં રાખે છે. આ રીતે આ વાત સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જાય છે કે ઈસ્લામી સામાજિક વ્યવસ્થા એક એવો વૃત્ત છે જેમાં હજારો વ્યક્તિગત વૃત્ત પોતાના સ્વરૂપ, આકૃતિ અને વાસ્તવિકતામાં કોઈપણ પ્રકારનું પરિવર્તન કર્યા વિના સમાવિષ્ટ કરી શકે છે અને આ સમાજમાં વ્યક્તિગત આઝાદીની સાથોસાથ સામૂહિક એક સામાજિક આઝાદીની સંકલ્પના પણ સંભવ છે. આ સન્માન વિશેષ પ્રકારના આત્મનિર્ભર અને સ્વતંત્ર એકમોનો એક સમૂહ છે તથા આ સમાજને પોતાની આઝાદીની સુરક્ષા માટે કોઈપણ વ્યક્તિ વિશેષની આઝાદીમાં કમી (ઘટાડા)ની આવશ્યકતા નથી.

**(લેખક ડો. ઝાકીર હુસૈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈસ્લામિક સ્ટડીઝના ડાયરેક્ટર છે.)**

# જાહેર આરોગ્ય કે ભેદભાવ : સ્વચ્છતાના બહાને પજવણી ? હિમાચલ અને ઉત્તરપ્રદેશ સરકારોના આદેશોની શું અસર થશે ?

## વ્યક્તિગત વિગતો અને ઓળખના પ્રદર્શનને ફરજિયાત બનાવતા નવા ખાદ્ય સુરક્ષા નિયમો વચ્ચે જાહેર આરોગ્યના પગલાંની આડમાં પછાત વિક્રેતાઓને પસંદગીના લક્ષ્યાંકને લઈને ચિંતાઓ વધી રહી છે

(એજન્સી) તા.૨૬

હિમાચલપ્રદેશમાં રાજ્યના પ્રધાન વિક્રમાદિત્યસિંઘ દ્વારા ખાણીપીણી માટે ઓળખના નિયમ અંગેની જાહેરાતના એક દિવસ પછી હિમાચલપ્રદેશ સરકારે તેમની ટિપ્પણીથી પોતાને દૂર રાખ્યા હતા અને સ્પષ્ટતા કરી હતી કે, રાજ્ય કેબિનેટે આ બાબતે હજુ ઔપચારિક નિર્ણય લેવાનો બાકી છે.

ભાજપની આગેવાની હેઠળની ઉત્તરપ્રદેશ સરકારની વિભાજનકારી અને ભેદભાવપૂર્ણ નીતિઓનો વિરોધ કરનાર કોંગ્રેસની આગેવાની હેઠળની હિમાચલ સરકાર સામે આ આદેશ પછી વ્યાપક પ્રતિક્રિયાના જવાબમાં આ પગલું લેવામાં આવ્યું છે. જો કે, એ નોંધવું અગત્યનું છે કે, સરકારે સિંઘની ટિપ્પણીઓથી પોતાને દૂર રાખ્યા હોવા છતાં આવી વિવાદાસ્પદ નીતિઓ શા માટે વિચારણા હેઠળ છે તે અંગે હજુ સુધી સ્પષ્ટ સમજૂતી આપી નથી.

૨૫ સપ્ટેમ્બરના રોજ કોંગ્રેસની આગેવાની હેઠળની હિમાચલપ્રદેશ સરકારે રાજ્યના તમામ ખાદ્ય વિક્રેતાઓ અને ભોજનાલયોને તેમના માલિકોના નામ અને સરનામા પ્રદર્શિત કરવા ફરજિયાત કર્યા હતા, જેનો હેતુ ગ્રાહકો માટે 'પારદર્શિતા' વધારવાનો છે. મંગળવારે રાજ્યના શહેરી વિકાસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની બેઠક બાદ હિમાચલપ્રદેશ વિધાનસભાના અધ્યક્ષ કુલદીપસિંહ પઠાનિયાએ ફેસબૂક પોસ્ટમાં આ નિર્ણયની જાહેરાત કરી હતી. તેના યોગ્ય અમલીકરણની ખાતરી કરવા માટે, મંત્રી વિક્રમાદિત્યસિંહ અને અનિરુદ્ધસિંહ સહિત સાત સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. વધુમાં હોકર્સ માટે નવા નિયમો રજૂ કરવામાં આવશે, જેમાં તેમને ઓળખ કાર્ડ મેળવવાની જરૂર પડશે. પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને જાહેર આરોગ્યને સુરક્ષિત કરવાના પગલાં તરીકે આ નિર્ણય ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા ખાદ્ય પદાર્થોમાં ભેળસેળને રોકવા અને ખાદ્ય ઉદ્યોગમાં જવાબદારી સુનિશ્ચિત કરવાના સમાન નિર્દેશને પ્રતિબિંબિત કરે છે. જો કે, આ પહેલોએ ફરી એકવાર પસંદગીના રૂપરેખા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો, ખાસ કરીને મુસ્લિમ અને દલિત વિક્રેતાઓને નિશાન બનાવવાની આશંકા પેદા કરી છે, જે સ્વચ્છતાના અમલના બહાના હેઠળ આ નિયમોના સંભવિત દુરુપયોગ અંગે ચિંતા ઊભી કરે છે.

ઉત્તરપ્રદેશમાં આ ડાયરેક્ટિવ ૨૪ સપ્ટેમ્બરના રોજ ખોરાકના દૂષણની અનેક આઘાતજનક ઘટનાઓ અંગે બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં વ્યક્તિઓ ખોરાક પર થૂંકતા અને પીણાંમાં પેશાબ ભેળવતા દર્શાવતા વાયરલ વીડિયો અંગે મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે આ કૃત્યો પર આક્રોશ વ્યક્ત કર્યો, તેમને માત્ર 'ઘૃણાસ્પદ' જ નહીં પરંતુ જાહેર આરોગ્ય માટે ગંભીર ખતરો પણ ગણાવ્યો. જવાબમાં તેમણે આદેશ આપ્યો કે, જવાબદારી અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે તમામ ખાદ્ય સંસ્થાઓ ઢાબા અને નાના ખાણીપીણીથી લઈને રેસ્ટોરન્ટ્સ ઓપરેટરો, માલિકો અને સંચાલકોના નામ અને સરનામા પ્રદર્શિત કરવામાં આવે.

તેવી જ રીતે હિમાચલપ્રદેશના શહેરી વિકાસ મંત્રી વિક્રમાદિત્યસિંહે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે, રાજ્યમાં દરેક રેસ્ટોરન્ટ અને ફાસ્ટ-ફૂડ આઉટલેટને માલિકની ઓળખ દર્શાવવી જરૂરી રહેશે. આ સુનિશ્ચિત કરશે કે જનતાને કોઈ મુશ્કેલીઓનો સામનો કરવો નહીં પડે અને જવાબદારી પણ વધારશે.

આ આદેશોના સ્પષ્ટ ઉદ્દેશ્ય હોવા છતાં આ પગલાં મુસ્લિમ અને દલિત વિક્રેતાઓને અપ્રમાણસર રીતે કેવી રીતે અસર કરી શકે છે તે અંગે અસ્વસ્થતા વધી રહી છે. ઘણાને ડર છે કે, સ્વચ્છતાના ધોરણોને લાગુ કરવાની આડમાં આ નિયમો આ સંવેદનશીલ સમુદાયોની પસંદગીની પ્રોફાઈલિંગ અને વ્યક્તિઓને લક્ષ્ય બનાવવાનું સાધન બની શકે છે. ઉત્તરપ્રદેશ અને હિમાચલપ્રદેશ બંનેમાં સ્ટ્રીટ ફૂડ વિક્રેતાઓ અને નાના ખાણીપીણીના માલિકો હાંસિયામાં ધકેલાઈ ગયેલા પૃષ્ઠભૂમિમાંથી હોય છે. ઉત્તરપ્રદેશમાં ઘણા વિક્રેતાઓ-ખાસ કરીને મુસ્લિમો અને દલિતો-પહેલેથી જ શંકા અને સામાજિક કલંકનો સામનો કરે છે. માટે એવી આશંકા વધી રહી છે કે, તેમના નામ અને સરનામાના ફરજિયાત પ્રદર્શનથી તેઓને સ્થાનિક સત્તાવાળાઓ અથવા સાંપ્રદાયિક જૂથો તરફથી ઉત્પીડનનો સામનો કરવો પડી શકે છે. આવી ચિંતાઓ પાયાવિહોણી નથી. તાજેતરના વર્ષોમાં મુસ્લિમ અને દલિત સમુદાયો બંનેએ વધતી દુશ્મનાવટ અને લક્ષિત હિંસાનો સામનો કરવો પડ્યો છે.

ઉત્તરપ્રદેશમાં સરકારનો આદેશ નામ પ્રદર્શિત કરતા પણ વધુ છે. યોગી આદિત્યનાથે તમામ ખાદ્ય સંસ્થાનો પર સીસીટીવી કેમેરા લગાવવાનો પણ નિર્દેશ આપ્યો છે અને આ સર્વેલન્સ માત્ર જમવાના વિસ્તારોને જ નહીં પરંતુ ખાદ્યપદાર્થો તૈયાર કરવાના ક્ષેત્રને પણ આવરી લેશે. આ ઉપરાંત રાજ્યવ્યાપી કર્મચારી ચકાસણી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન, પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમોને ખાદ્ય સંસ્થાઓ પરના તમામ કામદારોની કાયદેસરતા ચકાસવાનું કામ સોંપવામાં આવ્યું છે. કાગળ પર આ પહેલ જાહેર સલામતીને મજબૂત કરવાનો હેતુ છે, પરંતુ કાર્યકરો દલીલ કરે છે કે, તે પસંદગીના લક્ષ્યાંકો, ખાસ કરીને મુસ્લિમ અને દલિત કામદારોને પરેશાનીમાં મૂકી શકે છે. ઉત્તરપ્રદેશ સરકારના તાજેતરના આદેશો પહેલા કાવડ યાત્રાના રૂટ પર ખાદ્યપદાર્થોના વેચાણકર્તાઓએ તેમના નામ, સરનામા અને ફોન નંબર દર્શાવવા જરૂરી છે એવો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરીને ૨૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ આ આદેશના અમલીકરણ પર સ્ટે જારી કર્યો હતો. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, જ્યારે ખાદ્યપદાર્થોના વેચાણકર્તાઓએ તેઓ જે પ્રકારનું ખાદ્યપદાર્થ વેચી રહ્યા હતા તે દર્શાવવાની જરૂર હોઈ શકે છે, પરંતુ તેમને તેની વ્યક્તિગત વિગતો જાહેર કરવાની ફરજ પાડવી જોઈએ નહીં.

આ અસ્થાયી સ્ટે છતાં આ આદેશો સમગ્ર રાજ્યોમાં ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સામે ભેદભાવનો ઈતિહાસ ધરાવતા પ્રદેશોમાં કેવી રીતે અમલમાં આવશે તે અંગે ચિંતા રહે છે. કાર્યકરોએ ધ્યાન દોર્યું છે કે, જો સુપ્રીમ કોર્ટનો વચગાળાનો આદેશ રહે તો પણ સ્થાનિક સત્તાવાળાઓ સ્વાસ્થ્ય અને સલામતીના ધોરણોને લાગુ કરવાના બહાના હેઠળ મુસ્લિમ અને દલિત વિક્રેતાઓને પસંદગીયુક્ત રીતે નિશાન બનાવવા માટે સ્વચ્છતાના મુદ્દાઓનો ઉપયોગ કરવાનું ચાલુ રાખી શકે છે. જાહેર આરોગ્ય સમસ્યાઓ અને ખાદ્ય સુરક્ષાની જરૂરિયાત નિર્વિવાદ છે, ત્યારે આ આદેશોનો અમલ એ પ્રશ્ન ઊભો કરે છે કે, શું સ્વચ્છતાની ચિંતાઓનો ઉપયોગ ચોક્કસ સમુદાયોને વધુ હેરાન કરવા માટે કરવામાં આવી રહ્યો છે. મુસ્લિમ અને દલિત વિક્રેતાઓ, જેઓ પહેલાથી જ સામાજિક અને આર્થિક પડકારોનો સામનો કરી રહ્યા છે. હિમાચલપ્રદેશ અને ઉત્તરપ્રદેશના નિર્દેશો સાંપ્રદાયિક અને જાતિ આધારિત ભેદભાવમાં વધારો કરી શકે છે. અત્યંત ધ્રુવીકરણ વાતાવરણમાં મુસ્લિમ અથવા દલિત નામોનું દૃશ્યમાન પ્રદર્શન સાંપ્રદાયિકતાને પ્રોત્સાહિત કરી શકે છે, જે આ વિક્રેતાઓની સલામતી અને આજીવિકાને જોખમમાં મૂકે છે.

વધુમાં CCTV ઈન્સ્ટોલેશન એ વિક્રેતાઓને અપ્રમાણસર અસર કરી શકે છે જે નાની, અનૌપચારિક સંસ્થાઓ માટે નેવિગેટ કરવા મુશ્કેલ છે. આનાથી આર્થિક અસમાનતા વધુ ઊંડી થઈ શકે છે. સરકારોએ તેમના આદેશોમાં ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા અને નબળા સમુદાયોના અધિકારોનું રક્ષણ કરવા વચ્ચે સંતુલન જાળવવું આવશ્યક છે અને ધ્યાન માત્ર સ્વચ્છતા પર જ નહીં પરંતુ વિક્રેતાઓની ગરિમા અને આજીવિકાની સુરક્ષા પર પણ હોવું જોઈએ. સાવચેતીપૂર્વક અમલીકરણ અને કાનૂની સલામતી વિના, આ નિયમો આજના સામાજિક-રાજકીય વાતાવરણમાં ભેદભાવ વધારી શકે છે.

# ભારતને UNSCની કાયમી બેઠક મળવી જોઈએ : ફ્રાન્સના પ્રમુખ મેક્રોન

(એજન્સી) તા.૨૬

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરતી વખતે ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને મોટું નિવેદન આપ્યું છે. તેમણે તેમના સંબોધનમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં વિસ્તરણની જરૂરિયાત વ્યક્ત કરી હતી અને તેમાં ભારતને કાયમી બેઠક આપવા માટે સમર્થન આપ્યું હતું. નોંધનીય છે કે આ પહેલા અમેરિકા સહિત ઘણા મોટા દેશોએ પણ ભારતને સુરક્ષા પરિષદમાં કાયમી બેઠક આપવાનું સમર્થન કર્યું છે.

ઈમેન્યુઅલ મેક્રોને પોતાના સંબોધનમાં કહ્યું કે 'ફ્રાંસ સુરક્ષા પરિષદના વિસ્તરણના પક્ષમાં છે અને જર્મની, જાપાન, ભારત અને બ્રાઝિલ પણ સુરક્ષા પરિષદના સ્થાયી સભ્યો હોવા જોઈએ. તેમજ આફ્રિકાના બે દેશોને તેમાં પ્રતિનિધિત્વ મળવું જોઈએ.' નોંધનીય છે કે, અમેરિકાએ પણ ભારતને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી બેઠક આપવાનું સમર્થન કર્યું છે. તાજેતરમાં જ સંયુક્ત રાષ્ટ્રમાં યુએસ એમ્બેસેડર લિન્ડા થોમસે પણ એક નિવેદનમાં કહ્યું હતું કે 'ભારત, જાપાન અને જર્મનીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી બેઠકો આપવી જોઈએ.' જોકે, અમેરિકાએ બ્રાઝિલને સુરક્ષા પરિષદમાં કાયમી બેઠક આપવા પર કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો નહતો. અમેરિકાએ સુરક્ષા પરિષદમાં કેરેબિયન દેશો અને લેટિન અમેરિકન દેશોને સ્થાન આપવાનું પણ સમર્થન કર્યું હતું. ભારત લાંબા સમયથી સુરક્ષા પરિષદમાં સુધારાની માંગ કરી રહ્યું છે અને હવે વૈશ્વિક મંચ પર ભારતનું મહત્વ વધી રહ્યું છે ત્યારે વિશ્વના ઘણા દેશો પણ સુરક્ષા પરિષદમાં ભારતને કાયમી બેઠક આપવાનું સમર્થન કરી રહ્યા છે.

# કર્ણાટક : ભાજપના પૂર્વ સાંસદ પર નફરતી ભાષણ બદલ કેસ નોંધવામાં આવ્યો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૬

મૈસુર ભાજપના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ સિમ્હા જે ઈસ્લામોફોબિક ટિપ્પણીઓ અને દ્વેષપૂર્ણ ભાષણ માટે કુખ્યાત છે તેમના પર ગુરૂવારે મુસ્લિમ સમુદાય વિરુદ્ધ તેમની ભડકાઉ ટિપ્પણી બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. તેમણે ૨૧ સપ્ટેમ્બરે કર્ણાટકના યાદગીરી જિલ્લાના શાહપુર શહેરમાં 'હિન્દુ મહા ગણપતિ વિસર્જન શોભાયાત્રા'માં આ ટિપ્પણી કરી હતી. આ સભાને સંબોધતા તેમણે ગણેશ મૂર્તિ વિસર્જન સરઘસ દરમિયાન પથ્થરમારાની ઘટનાઓમાં મુસ્લિમ સમુદાયની સંડોવણી પર સવાલ ઊઠાવ્યા હતા અને કહ્યું હતું કે, પથ્થર ફેંકવાની વૃત્તિ માત્ર મુસ્લિમોમાં જ કેમ જોવા મળે છે ? જો બધા હિંદુઓએ હાથમાં એક પથ્થર પકડ્યો હોય તો તમે જાણો છો કે શું થશે ?

મુસ્લિમ સમુદાયને નિશાન બનાવતી સિમ્હાની ટિપ્પણી પર વ્યાપક પ્રતિસાદ આવી રહ્યો છે અને કોમી અશાંતિની ચિંતાઓ ઊભી થઈ છે. આ ભાષણ બાદ મુસ્લિમ સમુદાયના સભ્યોએ સિમ્હા વિરુદ્ધ ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી. શાહપુરના ઈન્સ્પેક્ટર ડી.વી. નાયકની આગેવાનીમાં પોલીસે ફરિયાદના આધારે એફઆઈઆર નોંધી હતી. સિમ્હા અને ઈવેન્ટ સાથે સંકળાયેલા અન્ય લોકો પર ઉશ્કેરણીનો આરોપ મૂકવામાં આવ્યો છે.

સિમ્હાના આ ભાષણમાં તેઓએ ધમકીઓ આપી હતી અને વિભાજનકારી નિવેદનો સાથે મુસ્લિમ સમુદાયને ચેતવણી આપી હતી કે, તેઓ હિંદુઓને અવગણે નહીં. એવા હિંદુઓ જેમણે પરમાણુ બોમ્બ બનાવ્યા, તેમના માટે એવું ન માનો કે તેઓ પેટ્રોલ બોમ્બ બનાવી શકતા નથી. આ હિંદુઓ જેઓ વિશ્વનો સોફ્ટવેર ઉદ્યોગ ચલાવે છે, એવું ન માનો કે તેઓ તમારા પર હુમલો કરી શકશે નહીં. જો બધા હિન્દુઓ તેમના હાથમાં એક પથ્થર લેશે તો તમે લાંબા સમય સુધી ટકી શકશો નહીં.

**હદીસ બોધ**

ગરીબ તે છે જેના જીવનમાં સારા કર્મો દેખાતા નથી.
- હદીસ બોધ

**બોધ વચન**

દુનિયામાં કોઈ દુઃખી વ્યક્તિને થોડી ઘણી મદદ પણ ઢગલાબંધ સલાહો કરતાં ઘણી સારી છે. -બુલવર

**આજની આરસી**

૨૭ સપ્ટેમ્બર શુક્રવાર ૨૦૨૪
૨૩ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬
ભાદરવા વદ દસમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૧૧
ખત્મે ઝવાલ ૧૨-૩૧
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૩૨

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસૂફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**દયાર-એ-ઈશ્કમેં અપના મકામ પૈદા કર**
**નયા ઝમાના નયે સુબહ શામ પૈદા કર**

કવિએ તેમના પુત્ર જાવેદને લખેલ પત્રનો અંશ. આ દુનિયામાં મહેનત કરીને તારું પોતાનું સ્થાન બનાવ, સ્વબળે જિંદગીમાં સુખ મેળવજે. અલ્લામા ઈકબાલ નવી પેઢીને કહે છે કે તેમણે પિતા કે વડવાઓની મિલકત અને ઈજ્જત ઉપર આધાર રાખવાને બદલે પોતાના પગ ઉપર સ્વનિર્ભર બનવું જોઈએ, પોતાના સ્વબળથી સામ્રાજ્ય બનાવવું જોઈએ.
- (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# આ અમારી જમીન છે, અમે ચૂપ નહીં થઈએ : દલિતો આગના હુમલા પછી જમીનના અધિકારની માંગ કરી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

બિહારમાં દલિત સમુદાયના સંઘર્ષના ઉત્તેજક પ્રદર્શનમાં, સરકારી માલિકીની જમીન પરના કઠોર માલિકી વિવાદને ઉકેલવા જમીન પટ્ટા માટે વિનંતી કરી રહ્યા છે. આ તાકીદની અપીલ એવા સમયે કરવામાં આવી છે જ્યારે નવાડા જિલ્લામાં તેમના ખેસ અને વાંસની ઝૂંપડીઓને આગ લગાડ્યા પછી વિનાશનો સામનો કરી રહેલા મુશહર અને રવિદાસ સમુદાયોના ડઝનેક ગરીબ પરિવારો બેઘર બન્યા છે. પાસવાન અને દુસાધ સમુદાયના શક્તિશાળી લોકો દ્વારા આગ લગાડવામાં આવી હતી, જેઓ દલિત જૂથો પણ છે, જે જાતિના તણાવવાળા પ્રદેશમાં જમીન અને સન્માન માટેના સંઘર્ષ વિશે ચિંતાજનક પ્રશ્નો ઉભા કરે છે.



આ ઘટનામાં બચી ગયેલા લોકો ૧૮ સપ્ટેમ્બરની રાતથી ખુલ્લા આકાશ નીચે જીવી રહ્યા છે. તેઓ દાવો કરે છે કે,જ્યાં તેમની ઝૂંપડીઓ હતી તે જમીન પર કબજો કરવાના હેતુથી મુખ્યત્વે પાસવાનની આગેવાની હેઠળના સશસ્ત્ર ટોળાએ સળગાવી દીધી હતી. રાજ્યમાં ચાલી રહેલી જમીન સર્વેક્ષણ દરમિયાન આ ગેર મજરૂઆ મલિક ઝમીન (સરકારી માલિકીની જમીન)ને તેમની પોતાની હોવાનું જણાવ્યું હતું. જો કે, પીડિતો જમીન પર પોતાનો દાવો જાળવવા માટે મક્કમ છે અને વિલંબ કર્યા વિના જમીનના પટ્ટા પ્રદાન કરવા માટે સરકારના હસ્તક્ષેપની માંગ કરી છે.

સ્થાનિક મુફાસિલ પોલીસ સ્ટેશનથી માત્ર ૧ કિમીના અંતરે આવેલા કૃષ્ણા નગર ગામના દલિત ટોલામાં ૩૪ ઝૂંપડીઓ, ૨૧ સંપૂર્ણ નુકસાન અને ૧૩ આંશિક રીતે સળગાવવાની ઘટના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA) સરકાર માટે નોંધપાત્ર રીતે શરમજનક બની છે. રાજ્યમાં મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં આ ઘટનામાં માત્ર દલિત પીડિતો જ સામેલ નથી પણ કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ યાદવ સમુદાયને, એક શક્તિશાળી ઓબીસી જાતિને આગચંપી માટે જવાબદાર ઠેરવતા જોયા છે. જો કે, તે ટૂંક સમયમાં બહાર આવ્યું કે આ દલિત વિરૂદ્ધ દલિત સંઘર્ષ હતો. મુખ્ય આરોપી, નંદુ પાસવાન, તેના ૬૦ના દાયકાના અંતમાં એક નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલ, જે સ્થાનિક રીતે દબંગ તરીકે ઓળખાય છે, તેણે ટોળાનું નેતૃત્વ કર્યું અને પોલીસ દ્વારા ૧૪ અન્ય લોકો સાથે ધરપકડ કરવામાં આવી. પોલીસ નિવેદનો અનુસાર, ધરપકડ કરાયેલા ૧૫માંથી માત્ર એક જ યાદવ જાતિનો છે. પોલીસે આ કેસમાં ૨૮ નામના આરોપીઓ અને અન્યો વિરૂદ્ધ FIR દાખલ કરી છે અને ફરાર આરોપીઓને પકડવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવી છે. વ્યંગાત્મક રીતે, માંઝી, બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હિન્દુસ્તાની આવામ મોરચા (એચએએમ)ના સ્થાપક, સત્તાધારી ભાજપની આગેવાની હેઠળના એનડીએના સાથી, જેઓ પોતે મુશાહર સમુદાયના છે, તેમણે વિપક્ષ સાથે સંકળાયેલા યાદવ સમુદાયનું નામ લઈને દોષને દૂર કરવાનો પ્રયાસ કર્યો. રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના વડા લાલુ પ્રસાદને ઝૂંપડાઓ સળગાવવા માટે જવાબદાર ગણવામાં આવ્યા છે. જો કે, પાસવાનની સંડોવણીની પુષ્ટિ કરતા અહેવાલો બહાર આવ્યા, તે NDA માટે શરમજનક બની ગયું, કારણ કે પાસવાન કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (R), જે ભાજપની આગેવાની હેઠળની NDAની સાથી છે, તેને જબરજસ્ત સમર્થન આપે છે. બચી ગયેલા મોટાભાગના માંઝીના સમર્થકો હતા, જ્યારે આરોપીઓ ચિરાગ પાસવાનના સમર્થક હતા.


આરજેડી નેતાઓએ માંઝીને ઘટના સાથે જોડાયેલ ખોટી માહિતી ફેલાવવા માટે નિશાન બનાવ્યા હતા. જિલ્લા પોલીસ દ્વારા આ ઘટનાની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે હુમલો કરનાર અને ઝૂંપડાંને સળગાવી નાખનાર આરોપીઓ સરકારી માલિકીની જમીનને પોતાની હોવાનું જણાવી અને આ જમીન પર કબજો જમાવવામાં આવ્યા હોવા છતાં તેઓ લાંબા સમયથી કબજો મેળવવા નજર રાખી બેઠાં હતા એ જાણતા હોવા છતાં કે વર્ષોથી મુશહર અને રવિદાસના કેટલાક પરિવારો જમીન પર વસે છે.

જ્યારે તે સ્પષ્ટ છે કે નવાડામાં આ તાજેતરની હિંસક ઘટના જમીન વિવાદ સાથે સંબંધિત છે, તે અગાઉના સંઘર્ષોથી અલગ છે. તે દલિતો વિરૂદ્ધ શક્તિશાળી ઉચ્ચ જાતિનો મામલો નહોતો. આ કિસ્સામાં, ગરીબ અને ભૂમિહીન મુશહર અને રવિદાસ, અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહ્યા હતા, પાસવાનના એક જૂથ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા, જેઓ રાજકીય રીતે શક્તિશાળી દલિત સમુદાય તરીકે ઉભરી આવ્યા છે. એવું લાગે છે કે તેમની ઝૂંપડીઓને બાળવી એ તેમને જમીન પરથી જબરદસ્તીથી દૂર કરવાના ગણતરીપૂર્વકના પ્રયાસનો એક ભાગ હતો જ્યાં તેઓ વર્ષોથી રહેતા હતા. આ ઘટનામાં એક પ્રબળ પરિબળ એ છે કે પાસવાન, મુશહર અને રવિદાસની સરખામણીમાં મોટાભાગે વધુ સારા ગણાતા, ગરીબ દલિતો સામે સામંતવાદી બળ જેવું વર્તન કરતા હતા, જેઓ રોજેરોજ મૂળભૂત અસ્તિત્વ માટે લડતા હતા. ગયા વર્ષે નવેમ્બરમાં જાહેર કરાયેલા બિહાર જાતિ સર્વેક્ષણ અહેવાલના સામાજિક-આર્થિક ડેટા અનુસાર, દલિતો સહિત વિવિધ જાતિઓમાં જમીનની માલિકીની જમીની વાસ્તવિકતા તદ્દન ગંભીર છે.

# દલિત કોન્સ્ટેબલને બરતરફ કરવા બદલ પૂર્વ DGP સહિત ૧૦ સામે કેસ નોંધાયો

(એજન્સી) શિમલા, તા.૨૬

શિમલા પોલીસે રાજ્યના પૂર્વ ડીજીપી અને અન્ય નવ પોલીસ અધિકારીઓ સામે દલિત કોન્સ્ટેબલને કથિત રીતે હેરાન કરવા અને બનાવટી આરોપોના આધારે તેને સેવામાંથી બરતરફ કરવા બદલ કેસ નોંધ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, કોન્સ્ટેબલની બરતરફી સમયે આઠ વર્ષનો સેવા સમય બાકી હતો. બરતરફ કરાયેલા કોન્સ્ટેબલ ધરમસુખ નેગીની પત્ની મીના નેગીએ જણાવ્યું હતું કે, તેણે તેની પોલીસ ફરિયાદમાં નવેમ્બર ૨૦૨૩માં તેના પતિ સાથે થયેલા અત્યાચાર અને અમાનવીય વર્તન વિશે



મુખ્યમંત્રી, મુખ્ય સચિવ, સચિવ (ગૃહ) અને શિમલા એસપીને જાણ કરી હતી. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે, તેના પતિને ૯ જુલાઈ,૨૦૨૦ના રોજ બનાવટી આરોપોના આધારે સતામણી કરવામાં આવી હતી અને તેમને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા, જ્યારે તેમની પાસે હજુ પણ આઠ વર્ષનો સેવા સમય બાકી હતો. સરકારી આવાસ ખાલી કરવામાં વિલંબ બદલ ૧.૪૩ લાખ રૂપિયાથી વધુની વસૂલાત માટેનો ઓર્ડર પસાર કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, ફરિયાદના આધારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(બ) હેઠળ પૂર્વ ડીજીપી અને અન્ય નવ પોલીસ અધિકારીઓ સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, IGP (સધર્ન રેન્જ)ના નિર્દેશ પર સોમવારના દિવસે FIR નોંધવામાં આવી હતી. આ દંપતી કિન્નૌર જિલ્લાના રહેવાસી છે.

# દલિત બહિષ્કાર કેસમાં FIR નોંધવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

તેલંગાણાના પોલીસ મહાનિર્દેશક જિતેન્દ્રએ મંગળવારે જણાવ્યું હતું, પોલીસે FIR નોંધી છે અને મેડકમાં દલિત પરિવારના કથિત સામાજિક બહિષ્કારની તપાસ કરી રહી છે. મોટો સમુદાય સામેલ હોવાથી, કેસ સંવેદનશીલ છે અને સાવચેતીપૂર્વક સંચાલનની જરૂર છે. મંગળવારના રોજ તેલંગાણા પોલીસ હેડક્વાર્ટરમાં બોલતા જીતેન્દ્રએ ખાતરી આપી હતી કે પોલીસ તમામ પ્રક્રિયાઓનું પાલન કરી રહી છે. તેમણે જૈનૂરમાં તાજેતરની અથડામણોને પણ




સંબોધિત કરી હતી, જે આદિવાસી મહિલા પર બળાત્કારના પ્રયત્નના વિરોધ દરમિયાન ફાટી નીકળી હતી. જિતેન્દ્રએ કહ્યું, તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ઘટના હતી. દેખાવકારોએ સ્થાનિક પોલીસને વચન આપ્યું હતું કે, તે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરશે. જોકે, અચાનક તે હિંસક બની ગયું હતું. અત્યાર સુધીમાં ૩૮ જેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે અને કોઈને જામીન આપવામાં આવ્યા નથી. સેરીલિંગમ્પલ્લી ધારાસભ્ય અરેકાપુડી ગાંધી અને BRS નેતા કૌશિક રેડ્ડીની તાજેતરની ઘટના દરમિયાન પોલીસ કાર્યવાહી સામેના આક્ષેપો અંગે DGPએ જણાવ્યું, પોલીસનો ઉદ્દેશ્ય ધારાસભ્યને રોકવાનો હતો, એસ્કોર્ટ કરવાનો નહીં. આ અંગે કેસ નોંધવામાં આવ્યા છે અને કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

## ભારત ત્રણ સ્પિનરો સાથે ઊતરી શકે, કુલદીપને હોમ ગ્રાઉન્ડ પર તક મળી શકે

# બાંગ્લાદેશને ક્લિન સ્વીપ કરવા ટીમ ઈન્ડિયા ઊતરશે

કાનપુર, તા.૨૬

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બે ટેસ્ટ મેચોની સિરીઝની અંતિમ મેચ કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં રમાશે. સિરીઝની પ્રથમ મેચમાં ટીમ ઈન્ડિયાએ ૨૮૦ રને શાનદાર જીત મેળવી હતી. આવામાં રોહિત શર્માના નેતૃત્વવાળી ટીમ ઈન્ડિયાનો પ્રયાસ કાનપુર ટેસ્ટ જીતી બાંગ્લાદેશને ક્લિન સ્વીપ કરવાની સાથે-સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલ તરફ આગળ વધવાનો હશે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે અત્યાર સુધી કુલ ૧૪ ટેસ્ટ મેચ રમાઈ ચૂકી છે. આમાં પૂરી રીતે ટીમ ઈન્ડિયાનું વર્ચસ્વ રહ્યું છે. ભારતીય ટીમે ૧૨ ટેસ્ટ મેચ જીતી બાંગ્લાદેશ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. જ્યારે બે મેચ ડ્રો રહી છે. ઘરેલુ મેદાન પર ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશ સામે રમેલી ચારેય ટેસ્ટ જીતી છે. આ ઉપરાંત ટીમ ઈન્ડિયા બાંગ્લાદેશમાં જઈ તેની સાથે ૧૦ ટેસ્ટ મેચ રમી છે. આ દરમ્યાન ભારતીય ટીમે આઠ મેચ જીતી છે. જ્યારે બે મેચ ડ્રો રહી છે. આવામાં બાંગ્લાદેશ વિરુદ્ધ ભારતીય ટીમનો રેકોર્ડ દમદાર રહ્યો છે. બાંગ્લાદેશની ટીમ આજ સુધી ભારત વિરુદ્ધ ટેસ્ટ મેચમાં ક્યારેય જીત મેળવી શકી નથી. વાત કરીએ કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં ભારતનો રેકોર્ડ શાનદાર રહ્યો છે. કાનપુરમાં ભારતે ૨૩ ટેસ્ટ મેચ રમી છે, એમાંથી ૭ મેચ જીતી છે, જ્યારે ત્રણમાં હારનો સામનો કરવો પડ્યો છે અને ૧૩ મેચ ડ્રો રહી છે. કાનપુર ટેસ્ટની વાત કરીએ તો ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર થવાની સંભાવના છે. ચેન્નાઈ ટેસ્ટમાં ત્રણ ઝડપી બોલર રમ્યા હતા. જ્યારે કાનપુરમાં બે ઝડપી બોલર અને



**ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં આજથી બીજી અને નિર્ણાયક ટેસ્ટ મેચનો પ્રારંભ**

ત્રણ સ્પિનરોના કોમ્બિનેશન સાથે ટીમ ઈન્ડિયા મેદાનમાં ઊતરી શકે છે. ટીમ ઈન્ડિયાના સહાયક કોચ અભિષેક નાયરને જ્યારે મેચના એક દિવસ પહેલા સ્થાનિક ખેલાડી કુલદીપ યાદવને ભારતની પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળવાની સંભાવના વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, આ બધું મેચના દિવસે પરિસ્થિતિઓ પર નિર્ભર કરશે. તેમણે કહ્યું કે, ભારતને આ વાતની જાણકારી નથી કે ગ્રીન પાર્કમાં કઈ પિચ પર રમશે. સિરીઝની નિર્ણાયક મેચ માટે બે પિચો તૈયાર કરવામાં આવી છે. પિચને જોયા બાદ જ ટીમ મેનેજમેન્ટ નિર્ણય કરશે કે કઈ પ્લેઈંગ ઈલેવન સાથે મેચ રમવી યોગ્ય રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટેસ્ટ મેચના એક દિવસ પહેલા ગુરૂવારે કાનપુરમાં આકાશમાં વાદળો ઘેરાયેલા રહ્યા અને પ્રથમ અને બીજા દિવસે વરસાદ પડવાની સંભાવના છે. કાનપુરમાં સંભવિત રીતે એક કાળી માટી અને એક લાલ માટીની પિચ તૈયાર કરવામાં આવી છે.

# નેટ બોલર આલમે ૨૪ બોલમાં બે વખત કોહલીને આઉટ કર્યો

કાનપુર, તા.૨૬

વિરાટ કોહલીનું ફોર્મ ભારત માટે ચિંતાનો વિષય છે. કોહલી છેલ્લી કેટલીક મેચોમાં આશા મુજબ પ્રદર્શન કરી શક્યો નથી અને સતત રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. નેટ્સમાં પણ તેને બોલર આઉટ કરી રહ્યા છે. કાનપુર ટેસ્ટ પહેલા કોહલી નેટ્સમાં પણ ફીકો દેખાઈ રહ્યો હતો અને સતત ઓવરોમાં આઉટ થયો છે. લખનૌના નેટ બોલર આલમે પણ તેને બે વખત આઉટ કર્યો. સ્પિનર રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલ વિરુદ્ધ પણ કોહલી સંઘર્ષ કરતો દેખાયો. ભારતીય બોલરો ઉપરાંત કોહલી નેટ બોલર જમશેદ આલમ વિરુદ્ધ પણ આઉટ થયો. લખનૌના ઝડપી બોલરે લગભગ ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરી અને કોહલીને બે વાર આઉટ કર્યો. કોહલીએ આલમ સાથે વાત પણ કરી અને સતત સારૂં પ્રદર્શન કરતા રહેવા માટે કહ્યું હતું. આલમે કહ્યું કે, મેં વિરાટ કોહલીને ૨૪ બોલ ફેંક્યા. મારી સ્પીડ લગભગ ૧૩૫ કિ.મી. પ્રતિ કલાકની આસપાસ હતી અને મેં બે વખત તેને આઉટ કર્યો. પ્રેક્ટિસ પિચ પર ઝડપી બોલરોને મદદ મળી રહી હતી. જો કે, કાનપુર પિચો સ્પિનરોને મદદ કરે છે. વિરાટે મને કહ્યું કે, મહેનત કરતા રહો. તેમને આઉટ કરવાથી હું ઘણો ખુશ છું.

# 'બેડા ગર્ક કર દિયા પાકિસ્તાન ક્રિકેટ કા' : એહમદ શેહઝાદે ટેસ્ટ ટીમ પસંદગીની ટીકા કરી



કરાચી, તા.૨૬

પૂર્વ બેટ્સમેન અહમદ શેહઝાદે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ પાકિસ્તાનની ટેસ્ટ ટીમમાં અમુક ઘરેલુ ખેલાડીઓની અવગણના કરવા બદલ પીસીબી પસંદગીકાર મોહમ્મદ યુસુફની ટીકા કરી છે. તે કામરાન ગુલામને બહાર કરવાથી વધારે નારાજ હતો અને તેણે બોર્ડ પર અબ્દુલ્લા શફીક પ્રતિ પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો છે. આ સપ્તાહની શરૂઆતમાં પીસીબીએ પાકિસ્તાન ટેસ્ટ ટીમની જાહેરાત કરી અને ટીકાઓથી ઘેરાયેલા શાન મસૂદને કપ્તાન બનાવી રાખવાનો નિર્ણય કર્યો પણ ૧૫ ખેલાડીઓની પસંદગી કરવા લેવાયેલા અમુક નિર્ણય શેહઝાદ સહિત પૂર્વ ખેલાડીઓને પસંદ આવ્યા નથી. શેહઝાદ ખાસ કરીને બેટ્સમેન કામરાન ગુલામની બાદબાકીથી ઘણો નારાજ છે. સોશિયલ મીડિયા પર શેર કરેલા એક વીડિયોમાં શેહઝાદે કહ્યું કે, તમને ટેસ્ટ ટીમમાં એકપણ એવો ખેલાડી દેખાશે નહીં જેણે સારૂં પ્રદર્શન કર્યું છે. તેણે કહ્યું કે, 'બેડા ગર્ક કર દિયા હૈ યારિયો-દોસ્તિયો મેં પાકિસ્તાન ક્રિકેટ ટીમ કા' તમને કોઈ શરમ કે ભય છે? તેણે આરોપ લગાવ્યો કે, જે રીતે અબ્દુલ્લા શફીકને સતત નબળા પ્રદર્શન છતાં તક આપવામાં આવી રહી છે તે બીજા સાથે અન્યાય છે. જે રીતે શફીકને ઝડપથી આગળ વધારવામાં આવી રહ્યો છે, તે કોઈ સામાન્ય વાત નથી. તેની પાછળ કોણ છે ? શેહઝાદે પૂછ્યું કે, કોણ એ સુનિશ્ચિત કરે છે કે, તેને ટીમની બહાર ના કરવામાં આવે. શફીકે બહુ પહેલા બેવડી સદી ફટકારી હતી. તે સમયના પેડ પણ ખરાબ થઈ ચૂક્યા છે અને તમે તેને ટીમની બહાર કરી રહ્યા નથી. ગુલામ જે બાંગ્લાદેશ વિરુદ્ધ ટેસ્ટ સિરીઝનો હિસ્સો હતો. તેણે હજુ સુધી પોતાનું ટેસ્ટ ડેબ્યુ કર્યું નથી. તેના ફર્સ્ટ ક્લાસ ક્રિકેટના આંકડા ૯૮ ઈનિંગોમાં ૪૯.૧૭ની સરેરાશથી ૪૩૭૭ રન બનાવી પ્રભાવશાળી છે, જેમાં ૧૬ સદી અને ૨૦ અર્ધસદી સામેલ છે. તો મુલતાનમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ પ્રથમ ટેસ્ટ માટે ટીમનો હિસ્સો નથી. શેહઝાદે પૂછ્યું, તમે કામરાન ગુલામને કેવી રીતે હટાવી શકો છો. તમે આના માટે શું તર્ક આપશો ? મો. યુસુફ તમે અયોગ્ય છો.

## દ.આફ્રિકા સિરીઝ બાદ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેશે

# શાકીબુલ હસનની સંન્યાસની જાહેરાત કાનપુર ટેસ્ટ પણ અંતિમ હોઈ શકે

કાનપુર, તા.૨૬

બાંગ્લાદેશના દિગ્ગજ ઓલરાઉન્ડર શાકીબુલ હસને ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી દીધી છે. જો કે, તેનું રિટાયરમેન્ટ તાત્કાલિક અસરથી નથી. જો કે, ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી તેણે તાત્કાલિક અસરથી સંન્યાસ લેવાની જાહેરાત કરી દીધી છે. શાકીબુલ હસન ભારત વિરુદ્ધ શુક્રવારથી કાનપુરમાં શરૂ થનારી બીજી ટેસ્ટ રમશે. ત્યારબાદ તે વધુ એક સિરીઝમાં તે બાંગ્લાદેશ માટે ટેસ્ટ ક્રિકેટ રમશે અને પછી તે રેડ બોલ ક્રિકેટને અલવિદા કહી દેશે. શાકીબે ખુલાસો કર્યો છે કે, દ.આફ્રિકા વિરુદ્ધ આગામી ઘરેલુ ટેસ્ટ સિરીઝ આ ફોર્મેટમાં તેની અંતિમ સિરીઝ હશે. આ જાહેરાત પહેલા આ અનુભવી ઓલરાઉન્ડરે કાનપુર ટેસ્ટ મેચ પહેલા ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી તાત્કાલિક અસરથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. શાકીબ ભારત વિરુદ્ધ બીજી ટેસ્ટ પહેલા કાનપુરમાં મીડિયાને સંબોધિત કરી રહ્યો હતો. આ દરમ્યાન તેણે પોતાના રિટાયરમેન્ટની જાણકારી આપી. દ.આફ્રિકાને ઓક્ટોબરમાં બે મેચોની ટેસ્ટ સિરીઝ માટે બાંગ્લાદેશનો પ્રવાસ કરવાનો છે. જો કે, આ વાત પર નિર્ભર કરે છે કે, શાકીબને ઘરેલુ સિરીઝમાં રમવા માટે સુરક્ષા મંજૂરી મળી જાય. જો શાકીબ તે ટેસ્ટમાં નહીં રમી શકે તો ભારત વિરુદ્ધ કાનપુર ટેસ્ટ બાંગ્લાદેશ માટે તેની અંતિમ ટેસ્ટ હોઈ શકે છે.


**જાહેર નિવિદા નંબર – ૫ સને ૨૦૨૪–૨૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બાંધકામ પેટા વિભાગ, ધોળકા, મામલતદાર કચેરી કંપાઉન્ડ, ધોળકા–૩૮૨૨૨૫ (ફોન નં.૦૨૭૧૪–૨૨૧૭૨૬) ની કચેરી દ્વારા બિલ્ડીંગના ખાસ મરામતના બે કામો કે જેની અંદાજીત કિંમત ૨.૪૯ થી ૨.૫૨ લાખ થવા જાય છે. તેના માટે ગુજરાત રાજયના બાંધકામ વિભાગના માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૦૩/૧૦/૨૦૨૪ તેમજ પરત લેવાની તા.૧૦/૧૦/૨૦૨૪ રાખવામાં આવી છે.

આ કામની વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવી છે. તેમજ વધુ માહિતી માટે ઉકત કચેરીના જાહેર રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે. ક્રમાંક/સંમાનિ/અમદ/૮૮૬/૨૦૨૪

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.
**તારીખ અને સ્થળઃ**
શુક્રવાર, 27 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
રિયો રેસ્ટોરન્ટ, બીજો માળ, પરિમલ રોડ, ગુજરાત કોલેજ રોડ, સદભાવ ઈમર્જિંગ સેન્ટર પાસે, એલિસબ્રિજ, અમદાવાદ – 380 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દિવ્યેશ જોષી, મોબાઈલ : 98793 61437.
શુક્રવાર, 27 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
પીવીઆર આઈનોક્સ, રેસકોર્સ, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.
શનિવાર, 28 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ સિલ્વર હાઈટ્સ, પાસપોર્ટ ઓફિસની બાજુમાં, મીઠાખળી, નવરંગપુરા, અમદાવાદ – 380 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દિવ્યેશ જોષી, મોબાઈલ : 98793 61437.
રવિવાર, 29 સપ્ટેમ્બર 2024; સવારે 10:30 વાગ્યાથી.
ફોર્ચ્યુન પાર્ક, ગુજરાત કોલેજની સામે, એલિસબ્રિજ, અમદાવાદ – 380 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કુશલ ભગટે, મોબાઈલ : 98988 46478.
રવિવાર, 29 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
આશાપુરા રેસ્ટોરન્ટ–ઓનેસ્ટ, ભચાઉ – 370 140, કચ્છ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ પરાગ સોની, ફોન : 02836–222772.
રવિવાર, 29 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ ફન સિટી, એનએચ 8 પાસે, નવસારી, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કેયુર ઠક્કર, મોબાઈલ : 98987 24101.
રવિવાર, 29 સપ્ટેમ્બર 2024; સાંજે 7:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.
સૂર્ય પેલેસ, પારસી અગિયારીની સામે, સયાજીગંજ, વડોદરા – 390 020, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કેયુર ઠક્કર, મોબાઈલ : 98987 24101.
સોમવાર, 30 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ બ્લુઆઈવી, ગણેશ મંદિરની પાસે, 80 ફીટ રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરલ જોષી, મોબાઈલ : 701669 5863.
સોમવાર, 30 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
એક્વેનોસ રેસ્ટોરન્ટ, ઉત્તરસંડા રોડ, ડીડીયુ ફાર્મસી કોલેજની સામે, નડિયાદ – 387 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક સોલંકી, મોબાઈલ : 99797 39737.
સોમવાર, 30 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
સ્ટાર હોટેલ, એનએચ નં. 27, અમદાવાદ ઈન્દોર હાઈવે, કુકરવાડા બસ સ્ટેન્ડ, કાથલાલ – 387 630, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક સોલંકી, મોબાઈલ : 99797 39737.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે.
વોક–ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.
**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**
**રજિ.ઓફિસ** : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ -૪ એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ
અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂા. ૩૪૯૮૬૪.૨૪/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૬ - એપ્રિલ -૨૦૨૩ | ૨૨૪૪૧૦૦૪ | ભરતસિંહ ઝક, દીતુભા ઝાલા અને કૈલાસબા ઝાલા | ભા. રૂા. ૮૬૯૨૬૮.૦૦/- | ભા. રૂા. ૮૬૯૨૬.૮૦/- | ૨૯-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૨૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી બપોરે ૪.૦૦ સુધી | નામ : વિનય કનોજા સંપર્ક નં. ૯૭૨૭૭૮૧૬૦૩ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું** : તે તમામ ભાગ અને હિસ્સાઓ જમીન ધરાવતા મગુના ગ્રામ પંચાયત મિલકત નં.૧/૧૩૭, એસેસમેન્ટ સિરીયલ નં.૨૬૨, 'વીર મહારાજ વાલો વાસ' ગામતળમાં, કુલ ક્ષેત્રફળ ૭૮૦.૦૦ ચો.ફૂટ, સ્થિત મગુના સીમ, તા. મહેસાણા, જિ. મહેસાણા, રાજ્ય : ગુજરાત-૩૮૪૪૧૦, આ મુજબ ખૂંટ : પૂર્વ : કાંતિભાઈ ગંગારામ પટેલ, પશ્ચિમ : વાડો, ઉત્તર : કિરાટસિંહ ઝાલા/રોડ અને દક્ષિણ : વાડો

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.
**તારીખ : ૨૭.૦૯.૨૦૨૪**
**સહી/- અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**
**રજિ.ઓફિસ** : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ -૪ એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ
અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂા. ૬૪૬૨૩૦.૭૪/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૫ - ઓક્ટો -૨૦૨૨ | ૩૨૭૩૦૨૦૧ | માવજીભાઈ રબારી અને અનીતાબેન રબારી | ભા. રૂા. ૧૩૭૭૯૯૪.૦૦/- | ભા. રૂા. ૧૩૭૭૯૯.૪૦/- | ૨૯-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૨૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી બપોરે ૪.૦૦ સુધી | નામ : અભિષેક ગૌસ્વામી સંપર્ક નં. ૮૨૦૦૩૨૮૩૮૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું** : તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રામ પંચાયત મિલકત નં.૬૯૧/૧, સ્થિત અત્રે રબારી વાડ, ભાગોળ પાસે, ભાદમ, તા.-નાંદોદ, જિ. નર્મદા, ગજરાત, મિલકત વિસ્તાર ૨૭૨૮ ચો.ફૂટ અને આ મુજબ ખૂંટ : પૂર્વ : રોડ, પશ્ચિમ : શંકરભાઈ ભીખાભાઈ રબારીનું ઘર, ઉત્તર : લાલજીભાઈ કરસનભાઈ રબારીનું ઘર અને દક્ષિણ : હરેશભાઈ વિહાભાઈ રબારીનું ઘર

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.
**તારીખ : ૨૭.૦૯.૨૦૨૪**
**સહી/- અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

# ભિખારીઓને ના મોકલશો : સઉદીએ પાકિસ્તાનને કહ્યું; હજ વિઝાનો દુરૂપયોગ કરનારા લોકોને પ્રતિબંધિત કરો

(એજન્સી) તા.૨૬

પાકિસ્તાનના ભિખારીઓ તેમના વ્યવસાયને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ ગયા છે. તેઓ વિવિધ દેશોમાં ફેલાઈ ગયા છે. યોગ્ય વિઝા મળ્યા બાદ તેઓ ફ્લાઈટમાં બેસીને વિદેશ જાય છે અને ત્યાં ભીખ માંગે છે. આ લોકો માત્ર અન્ય દેશો માટે માથાનો દુખાવો જ નથી બન્યા પરંતુ ખુદ પાકિસ્તાનના લોકો પણ તેમનાથી પરેશાન છે. તેના કારણે પાકિસ્તાનના લોકોને વિઝા મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ કેસ પાછળ માફિયા નેટવર્ક હોવાનું કહેવાય છે. પાકિસ્તાનના ભિખારીઓ પવિત્ર શહેરો મક્કા અને મદીનામાં ભીખ માંગવા માટે ઉમરાહ વિઝાનો દુરૂપયોગ કરી રહ્યા છે. અહેવાલ છે કે સઉદી અરેબિયાએ પાકિસ્તાનને આવા ભિખારીઓને રોકવા માટે કાર્યવાહી કરવા કહ્યું છે. પાકિસ્તાનના એક્સપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, સઉદી અરેબિયાના ધાર્મિક બાબતોના મંત્રાલયે ચેતવણી આપી છે કે જો પરિસ્થિતિ પર નિયંત્રણ નહીં આવે તો પાકિસ્તાની ઉમરાહ અને હજ યાત્રીઓ પર તેની નકારાત્મક અસર પડી શકે છે. અહેવાલ છે કે આ ભિખારીઓના કારણે મહત્ત્વપૂર્ણ કામ માટે વિદેશ જતા પાકિસ્તાનીઓને વિઝા મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાકિસ્તાન પોતે ઈચ્છે છે કે મધ્ય પૂર્વ અને ખાડીના દેશો પાકિસ્તાની ભિખારીઓની આયાત રોકવા માટે તેમના વિઝા ચેક કડક કરે.



FIAના એક વરિષ્ઠ અધિકારીએ ડૉનને જણાવ્યું કે, આ દેશોએ સંભવિત ભિખારીઓ, ગુનેગારો અને ગેરકાયદેસર વસાહતીઓને રોકવા માટે પાકિસ્તાની સત્તાવાળાઓ પર દબાણ લાવવાને બદલે તેમની વિઝા આપવાની સિસ્ટમ પર પણ ધ્યાન આપવું જોઈએ. માત્ર સઉદી અરેબિયામાં જ નહીં, પાકિસ્તાની ભિખારીઓ સંયુક્ત આરબ અમીરાતના દુબઈ અને અબુ ધાબી સહિત મધ્ય પૂર્વના ઘણા દેશોમાં પણ જોવા મળ્યા છે. ગયા સપ્ટેમ્બરમાં ઓવરસીઝ પાકિસ્તાની સેક્રેટરી ઝીશાન ખાનઝાદાએ કહ્યું હતું કે પશ્ચિમ એશિયાના દેશમાં અટકાયતમાં લેવાયેલા ભિખારીઓમાંથી ૯૦% પાકિસ્તાનના છે. ખાનઝાદાએ પાકિસ્તાનના જિયો ન્યૂઝ ઉર્દુને કહ્યું, ઈરાક અને સઉદી અરેબિયાના રાજદૂતોએ અમને જણાવ્યું છે કે પાકિસ્તાની ભિખારીઓ ઉમરાહ વિઝા પર તીર્થયાત્રાની આડમાં વિદેશ પ્રવાસ કરે છે અને બાદમાં રસ્તાઓ પર ભીખ માંગે છે. ભિખારીઓ કેવી રીતે કામ કરે છે ? ઈસ્લામાબાદના રહેવાસી ઉસ્માને એક પોસ્ટમાં લખ્યું, હું હમણાં જ ઉમરાહથી પાછો આવ્યો છું અને હું તમને ખાતરી આપું છું કે મને પાકિસ્તાની હોવા પર શરમ આવે છે. તે બિન દાઉદ સ્ટોરમાં ભીખ માંગી રહ્યો છે. તેઓ ઉમરા દરમિયાન ભીખ માંગે છે. શેરીઓમાં ભીખ માંગે છે. પાકિસ્તાનના ગૃહપ્રધાન મોહસિન નકવીનું કહેવું છે કે આ કોઈ એક વ્યક્તિનું કામ નથી, પરંતુ તેમાં મોટી મશીનરી સામેલ છે. નકવીએ સઉદી રાજદૂત નવાફ બિન સઈદ અહેમદ અલ-મલ્કી સાથેની બેઠકમાં કહ્યું કે સઉદી અરેબિયામાં ભિખારીઓ મોકલવા માટે જવાબદાર માફિયાઓ વિરૂદ્ધ કડક પગલાં લેવામાં આવશે.

# IAS દિવ્યા મિત્તલે ૧૨મા ધોરણની વિદ્યાર્થિનીને બે કલાક માટે યુપીના દેવરિયાની DM બનાવી

(એજન્સી) તા.૨૬

આ મામલો ઉત્તરપ્રદેશના દેવરિયા જિલ્લાનો છે. અહીંના ડીએમ દિવ્યા મિત્તલ (આઈએએસ) છે. જો કે દિવ્યા મિત્તલ ઘણી બાબતોમાં ચર્ચામાં રહી ચૂક્યા છે. તે અલગ-અલગ જિલ્લાઓની જિલ્લા મેજિસ્ટ્રેટ રહ્યા, તે સમયે પણ તેમણે ઘણી હેડલાઈન્સ બનાવી હતી. હવે જ્યારથી તેમની દેવરિયામાં બદલી કરવામાં આવી છે, ત્યારથી તે અહીં પણ એકદમ સક્રિય જોવા મળી રહ્યા છે. હાલમાં જ તેમનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં તે એક અધિકારીને કહી રહી છે કે 'અરે યાર તડકો જ છે તે પીગળી નહીં જાય'. તેમણે એક વિદ્યાર્થીનીને બે કલાક સુધી જિલ્લા મેજિસ્ટ્રેટની ખુરશી પર બેસાડ્યા. ડીએમની ખુરશી પર બેઠેલી વિદ્યાર્થીનું નામ ખુશી મણિ ત્રિપાઠી છે. તે પીએમશ્રી સરકારી ઈન્ટર કોલેજમાં ૧૨મા ધોરણમાં અભ્યાસ કરે છે. તે શહેરના રામનાથ દેવરિયાની શિવપુરમ કોલોનીની રહેવાસી છે. ખુશીએ હાઈસ્કૂલમાં ૯૨ ટકા માર્ક્સ મેળવ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે ખુશીની પસંદગી અન્ય ઘણી ગર્લ સ્ટુડન્ટ્સના ઈન્ટરવ્યુ બાદ કરવામાં આવી હતી. ખુશી જ્યારે બે કલાક માટે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ બની ત્યારે તેણે



લોકોની ફરિયાદો પણ સાંભળી અને અધિકારીઓને સૂચનાઓ આપી. ખુશીએ પાછળથી કહ્યું કે તેણીને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ બનવાનો આનંદ આવ્યો અને તે ભવિષ્યમાં પણ અધિકારી બનીને દેશની સેવા કરશે. દિવ્યા મિત્તલ ૨૦૧૩ બેચની IAS ઓફિસર છે. દેવરિયા પહેલા દિવ્યા મિત્તલ મિર્ઝાપુર, બસ્તી વગેરે જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ રહી ચૂક્યા છે. દિવ્યા મિત્તલ મૂળ હરિયાણાના રેવાડી જિલ્લાની છે. તેમનો જન્મ દિલ્હીમાં થયો હતો. તેણે ૨૦૦૧-૦૫માં IIT દિલ્હીમાંથી B.Tech કર્યું. ત્યારબાદ CATની પરીક્ષા આપી. CATમાં સફળતા પછી તેમણે ૨૦૦૫-૦૭માં IIM બેંગ્લોરમાંથી MBA કર્યું. આઈઆઈએમમાંથી પાસ આઉટ થયા બાદ તેણે લંડનમાં જેપી મોર્ગનમાં કામ કર્યું. એક વર્ષ પછી તે ભારત પરત આવી, ત્યારબાદ તેમણે યુપીએસસીની તૈયારી શરૂ કરી અને ૨૦૧૨માં પ્રથમ વખત યુપીએસસી પાસ કરી. તેમણે ગુજરાત કેડરમાં આઈપીએસની પોસ્ટ મળી, પરંતુ તેમણે ફરી એકવાર યુપીએસસી પરીક્ષામાં નસીબ અજમાવ્યું અને વર્ષ ૨૦૧૩માં આઈએએસ બની.



**પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘને એમના ૯૨મા જન્મદિન પર હૃદયભીની શુભેચ્છા પાઠવતા PM મોદી, રાહુલ ગાંધી અને અન્ય રાજકીય નેતાઓ.**



**મોદીએ લીધો ચેસનો આનંદ**
**ચેસ ઓલિમ્પિયાડના પ્રજ્ઞાનંદ અને અર્જુન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા અને એમની ચેસ નિપુણતાથી PMને પ્રભાવિત કર્યા.**

# સગીરોના નામે મિલકત : હવે ધનિક ભારતીયો બાળકોના નામે વિદેશમાં સંપત્તિ ખરીદી રહ્યા છે

(એજન્સી) તા.૨૬

ભારતીયો સતત વિદેશમાં પ્રોપર્ટી ખરીદી રહ્યા છે. ઘણા અહેવાલોમાં સામે આવ્યું છે કે સંપત્તિના મામલામાં વિશ્વના ઘણા શહેરો ભારતીયો માટે હોટ ડેસ્ટિનેશન બની ગયા છે. આમાં કેલિફોર્નિયા, દુબઈ, લંડન વગેરે અગ્રણી છે. મોટાભાગની પ્રોપર્ટી યુએઈમાં ભારતીયો દ્વારા ખરીદવામાં આવી રહી છે. હવે વધુ એક વાત સામે આવી છે. ઘણા ભારતીયો તેમના સગીર બાળકોના નામે વિદેશમાં પ્રોપર્ટી ખરીદી રહ્યા છે. રિઝર્વ બેંકની લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS) હેઠળ સગીરો વિદેશમાં નાણાં મોકલી રહ્યાં છે. અહેવાલ મુજબ, LRS ધોરણો હેઠળ, કોઈ પણ વ્યક્તિ મિલકત ખરીદવા અથવા અન્ય કોઈ હેતુ માટે પ્રતિ વર્ષ ૨.૫૦ લાખ ડોલરથી વધુ વિદેશ મોકલી શકતો નથી. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૨થી અમલમાં આવેલા સુધારા અનુસાર, જો તે ૧૮૦ દિવસની અંદર તે રકમનું રોકાણ નહીં કરે તો તે રકમ ભારત પરત મોકલવી પડશે. વિદેશી રોકાણો પર વધતી જતી ચકાસણી અને બ્લેક મની એક્ટ હેઠળ બિન-જાહેરાત માટેના કડક નિયમોને જોતાં, ઉચ્ચ નેટવર્થ વ્યક્તિઓ (HNIs) નિષ્ણાતની સલાહ માંગી રહ્યા છે. અગાઉ નિયમ એવો હતો કે વિદેશમાં મોકલવામાં આવેલ નાણાં વિદેશી ખાતામાં જમા કરાવી શકાતા હતા. જ્યારે વધુ પૈસા જમા થાય છે, ત્યારે તેનો ઉપયોગ દુબઈ અથવા અન્ય દેશોમાં મિલકત ખરીદવા માટે થઈ શકે છે. જમા રકમ માટે કોઈ સમય મર્યાદા ન હતી. પરંતુ હવે ૧૮૦ દિવસની મર્યાદાને કારણે લાંબા સમય સુધી વિદેશ મોકલવામાં આવતા નાણાં રોકવા મુશ્કેલ બની ગયા છે. આવી સ્થિતિમાં હવે લોકો વિદેશમાં મોકલવામાં આવેલા આ પૈસાનો ઉપયોગ સગીરોના નામે પ્રોપર્ટી ખરીદવા માટે કરી રહ્યા છે. CNK એન્ડ એસોસિએટ્સના ટેક્સ પાર્ટનર ગૌતમ નાયકના જણાવ્યા અનુસાર, ભારતમાં માતા-પિતા તરફથી મળેલી ભેટનો ઉપયોગ કરીને LRS હેઠળ સગીર વતી વિદેશમાં નાણાં મોકલી શકાય છે. વધુમાં, ભારતમાં માતા-પિતા દ્વારા બાળકોને આપવામાં આવતી ભેટો પર કોઈ ટેક્સ નથી. અનિલ હરીશ, એડવોકેટ અને પાર્ટનર, ડીએમ હરીશ એન્ડ કંપની સમજાવે છે કે જો કોઈ દંપતી અને તેમના બે સગીર બાળકો દુબઈમાં મિલકત ખરીદવા માટે પૈસા મોકલે છે, તો મિલકત સગીર સહિત ચારેયના નામે હોવી જોઈએ. દુબઈના રિયલ એસ્ટેટ નિષ્ણાતો કહે છે કે સગીર માતા-પિતા અથવા ટ્રસ્ટી દ્વારા મિલકતના માલિક બની શકે છે. જો કે, આવકવેરા રિટર્ન (ITR)માં આ મિલકત જાહેર કરવી જરૂરી છે. આમ કરવામાં નિષ્ફળતા પર બ્લેક મની એક્ટ હેઠળ ૧૦ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. વિદેશમાં સગીરની માલિકીની મિલકત અને તેના પર ટેક્ષ વસૂલવામાં આવતો હોવાના મામલામાં ઘણી જટિલતાઓ છે. રૂત્વિક સંઘવી, પાર્ટનર, રશ્મિન સંઘવી એન્ડ એસોસિએટ્સ જો કોઈ વ્યક્તિ



વિદેશી મિલકતમાંથી આવક મેળવતી હોય (ભાડાની આવક કહો), તો તે આવક માતા-પિતા સાથે જોડવામાં આવે છે. વિદેશી સંપત્તિના 'લાભાર્થી', જ્યાં આવક અન્ય વ્યક્તિ સાથે જોડવામાં આવે છે, તેણે ITR ફાઈલ કરવાની જરૂર નથી. કલમ ૧૩૯(૧)ની પાંચમી જોગવાઈમાં આનો ઉલ્લેખ છે.

# બેંગ્લુરૂ મર્ડર : 'મહાલક્ષ્મીના વર્તનથી કંટાળીને તેના ૫૯ ટુકડા કરી નાખ્યા,' : મુખ્ય આરોપી મુક્તિ રંજન રોયની સુસાઈડ નોટમાં ઘટસ્ફોટ

(એજન્સી) તા.૨૬

સુસાઈડ નોટ મુજબ, રોય અને મહાલક્ષ્મીએ તેની હત્યા કરતા પહેલા અંગત બાબતોને લઈને દલીલ કરી હતી. નોટમાં લખવામાં આવ્યું હતું કે, "હું તેના વર્તનથી કંટાળી ગયો હતો. અંગત બાબતોને લઈને હું તેની સાથે લડતો હતો અને મહાલક્ષ્મીએ મારા પર હુમલો કર્યો હતો. તેના કૃત્યોથી ગુસ્સે થઈને મેં તેની હત્યા કરી હતી."

બેંગ્લુરૂની મહિલા મહાલક્ષ્મીની હત્યાના મુખ્ય આરોપી મુક્તિ રંજન રોયનું ઓડિશામાં આત્મહત્યા કરીને મૃત્યુ થયું હતું. મુક્તિએ કથિત રીતે મહાલક્ષ્મીના શરીરના ૫૦થી વધુ ટુકડા કરી ફ્રિજમાં સંગ્રહિત કર્યા હતા.

પોલીસે મુક્તિ રોયે લખેલી સુસાઈડ નોટ કબજે કરી હતી, જેમાં તેણે ગુનાની કબૂલાત કરી હતી. અહેવાલો અનુસાર, રોયે ૩ સપ્ટેમ્બરના રોજ મહાલક્ષ્મીની હત્યા કરી હતી અને ૨૧ સપ્ટેમ્બરના રોજ તેમના નિવાસસ્થાનના રેફ્રિજરેટરમાં તેના ટુકડા કરેલા શરીર મળી આવ્યા હતા. પીડિતાના મૃતદેહને રિકવર કર્યા બાદ પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી હતી. હત્યા કર્યા બાદ રોય શહેર છોડીને ભાગી ગયો હતો. સુસાઈડ નોટ મુજબ, રોય અને મહાલક્ષ્મીએ તેની હત્યા કરતા પહેલા અંગત બાબતોને લઈને દલીલ કરી હતી. નોટમાં લખવામાં આવ્યું હતું કે, "હું તેના વર્તનથી કંટાળી ગયો હતો. અંગત





બાબતોને લઈને હું તેની સાથે લડતો હતો અને મહાલક્ષ્મીએ મારા પર હુમલો કર્યો હતો. તેના કૃત્યોથી ગુસ્સે થઈને મેં તેની હત્યા કરી હતી."

તેની ડાયરીમાં રોયે લખ્યું છે કે, "તેની હત્યા કર્યા પછી, મેં તેના શરીરના ૫૯ ટુકડા કરી દીધા હતા અને તેને ફ્રીજમાં સ્ટોર કરી દીધા હતા. મેં આ કર્યું કારણ કે હું તેના વર્તનથી હતાશ હતો." રોયના ઘરે તપાસ કરતી વખતે પોલીસને આ ડાયરીની એન્ટ્રી મળી આવી હતી. રોયે બુધવારે ઓડિશાના ભદ્રક જિલ્લાના એક ગામમાં ઝાડ પર લટકીને આત્મહત્યા કરી હતી. અહેવાલો દર્શાવે છે કે રોય બુધવારે પાંડી ગામમાં પાછો ફર્યો હતો, ઘરે રોકાયો હતો અને પછી ટુ-વ્હીલર પર નીકળી ગયો હતો. બાદમાં સ્થાનિકોએ તેનો મૃતદેહ શોધી કાઢ્યો હતો.

પોલીસે ઘટના સ્થળેથી તેની બેગ, લેપટોપ અને મોબાઈલ ફોન સહિત અનેક અંગત સામાન પણ કબજે કર્યો હતો.

પીડિતાના પતિ હેમંત દાસે મીડિયામાં દાવો કર્યો હતો કે તેની પત્ની મહાલક્ષ્મીનું અશરફ નામના વ્યક્તિ સાથે અફેર હતું. તેણે જણાવ્યું કે છેલ્લી વખત તેણે તેને લગભગ એક મહિના પહેલા જોઈ હતી જ્યારે તે તેમની પુત્રીને જોવા માટે નેલમંગલામાં તેની દુકાનની મુલાકાત લીધી હતી. દાસે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે તેઓ છ વર્ષથી લગ્ન કર્યા હતા પરંતુ મતભેદોને કારણે નવ મહિના પહેલા અલગ થઈ ગયા હતા. તેમણે ઉમેર્યું હતું કે મહાલક્ષ્મીએ તેમની સામે વિવાદને લઈને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.




## મહારાષ્ટ્ર પર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય

# રાજ્યમાં ત્રણ દિવસ અતિભારે વરસાદની આગાહી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ફરી વરસાદી રાઉન્ડની શરૂઆત થઈ ગઈ છે. હવે મધ્ય મહારાષ્ટ્ર પર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ગઈકાલ બાદ આજે પણ વરસાદી માહોલ યથાવત્ રહ્યો હતો. આજે ભાવનગર, અમરેલી, ગાંધીનગર સહિત અનેક વિસ્તારોમાં સવારથી જ વરસાદ પડવાનું શરૂ થયું હતું. આજે સવારે ૬ વાગ્યા સુધી છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૧ તાલુકામાં વરસાદ વરસ્યો હતો, જેમાં સૌથી વધુ ઉમરપાડામાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

### અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં થઈ મેઘમહેર

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે, દાસના જણાવ્યા અનુસાર, હાલમાં મધ્ય મહારાષ્ટ્ર પર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, જેને કારણે આજે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારેથી ભારે વરસાદની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્રમાં પણ કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે. આ સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને પગલે આજે વલસાડમાં રેડ એલર્ટ તો સુરત, નવસારી, તાપી, ડાંગ જેવા જિલ્લાઓમાં યલો જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ સૌરાષ્ટ્રના અમરેલીમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. લાંબા સમયના વિરામ બાદ જૂનાગઢમાં વરસાદી માહોલ જામ્યો હતો.

અમદાવાદના અનેક વિસ્તારમાં આજે વરસાદ વરસ્યો હતો. અમદાવાદના શાહીબાગ, સુભાષ બ્રિજ, આર ટી ઓ, એરપોર્ટ, અસારવા, રાણીપ સહિતના વિસ્તારોમાં ભારે પવન અને વીજળીના ચમકારા સાથે વરસાદ વરસ્યો હતો.

પાલનપુરમાં વરસાદી ઝાપટું પડ્યું હતું. ઘણા દિવસોનાં વિરામ બાદ આજે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. તળાજાના અલંગ ખાતે ધોધમાર વરસાદના પગલે રોડ પર ગુંઠણસમાં પાણી ભરાયા હતા.

ભાવનગરમાં સવારથી ધીમીધારે વરસાદ વરસી રહ્યો હતો, આજે ઓરેન્જ એલર્ટના પગલે ભાવનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. શહેરમાં વરસાદના પગલે રોડ પર પાણી ફરી વળ્યાં હતા. સાવરકુંડલા શહેરમાં વાતાવરણમાં પલટો આવ્યાં બાદ વરસાદ વરસ્યો હતો. જેથી રસ્તાઓ પર વરસાદી પાણી વહેતા થયા હતા. ભારે બફારા બાદ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

અમરેલી શહેરમાં ધીમીધારે વરસાદ શરૂ થતા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. કપાસ અને મગફળીના પાકમાં ખુબ ફાયદો થશે.

# સુરતમાં ગેરકાયદે કેમિકલના ગોડાઉનમાં આગ લાગતા અફરાતફરી : એકનું મોત, શેડ તોડી પાડવા આદેશ

## નવ કામદારોને દાઝેલી હાલતમાં બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયા : રૂમની અંદર કારીગરો કામ કરતા હતા બહારથી તાળું મારી દેવાતું હતું, મેયરે મુલાકાત લીધી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૬

સુરત શહેરના સરથાણા સીમાડા વિસ્તારમાં આવેલા વાલમનગરમાં એક કેમિકલના ગોડાઉનમાં આજે સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. ગોડાઉનમાં આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ફાયરના કાફલાએ ઘટના સ્થળે દોડી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી ૯ કામદારોને દાઝેલી હાલતમાં બહાર કાઢી સારવાર માટે એમ્બ્યુલેન્સ મારફતે હોસ્પિટલ ખસેડયા હતા. જ્યાં એકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. મેયર ઘટના સ્થળે દોડી આવી ગેરકાયદેસર શેડ તોડી પાડવા આદેશ આપ્યા હતા. શહેરના સીમાડા વિસ્તારમાં આવેલા વાલમનગર વિભાગ-૧માં જયેશ વસાવા પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર શેડ બનાવી સાડી ટીંચીગનું કારખાનું ચલાવે છે. આજે સવારે અચાનક તેમના કેમિકલના ગોડાઉનમાં આગ લાગી હતી. ગોડાઉનમાં કેમિકલ હોય આગે ગણતરીની મિનિટોમાં ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતું. ગોડાઉનની અંદર કામ કરતા કામદારો ફસાઈ ગયા હતા. બીજી તરફ આગની જ્વાળાઓ ઉઠવા લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આસપાસના મકાનો ખાલી થઈ ગયા હતા. લોકોએ આગ ઓલવવા પ્રયાસ કર્યો પરંતુ કેમિકલ સળગતું હોવાના લીધે નિષ્ફળતા મળી હતી. લોકટોળાએ જાણ કરતા ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પાણીનો મારો ચલાવી આગ ઓલવવા પ્રયાસ કર્યો હતો જેમાં ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી. ગોડાઉનની અંદર ફસાયેલા ૯ કામદારોનું રેસ્ક્યુ કર્યું હતું. વધુમાં મળતી માહિતી અનુસાર વાલમનગરમાં આવેલા આ કેમિકલના ગોડાઉનમાં પતરાંના શેડનો ગેરકાયદે ડોમ બનાવાયો હતો, જે આગની ઝપેટમાં આવી ગયો હતો. આ દુર્ઘટનામાં એક કામદારનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. ૮ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગને કારણે ઉમરવાડા વિસ્તારમા રહેતો ૨૫ વર્ષિય પરેશ વસાવાનું મોત થયુ છે. આ ઘટના બાદ મેયર દક્ષેશ માવાણી ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તાત્લીક ગેરકાયદેર બાંધકામ તોડી પાડવાના આદેશો આપ્યા છે. આ અંગે ફાયરબ્રિગેડના અધિકારીએ કહ્યું કે, ૫ લોકો ફસાયા હતાં. જેમને બહાર કાઢવામાં આવ્યા હતાં. એક મૃતદેહ પણ મળી આવ્યો છે. સમગ્ર પતરાનો શેડ ગેરકાયદેસર રીતે ઊભો કરવામાં આવ્યો હતો. તેમાં કેમિકલનો જથ્થો હોવાથી આગ લાગી ગઈ હતી. આ ઘટનામાં દાઝી ગયેલા અખિલેશ ઉર્ફે કુંદનના ભાઈ ભાભી ધર્મેન્દ્ર અને સુનિતાએ જણાવ્યું હતું કે કારીગરો રૂમની અંદર કામ કરતા હતા અને શેઠ દ્વારા બહારથી રૂમને તાળું મારી દેવામાં આવતું હતું. કોઈ કારીગર બહાર ગુટકા ખાવા કે ચા પીવા કે કોઈપણ પ્રકારનું ટાઈમપાસ કરવા નહીં જાય તે માટે તેઓને રૂમની અંદર જ કામ કરાવવામાં આવી રહ્યું હતું. આ ચોંકાવનારી વિગતો સામે આવતા પ્રશ્નનો ઉઠવા પામ્યા હતા કે અહીં કારીગરો પાસેથી કામ કરાવવામાં આવી રહ્યું હતું કે તેમને કેદીને જેમ રૂમની અંદર કેદ રાખીને કેદી જેવું કામ કરાવવામાં આવી રહ્યું હતું.

**ઈજાગ્રસ્તોના નામ**

જયેશ વસૌયા (ઉ.વ.૨૩ ),
કુંજનબેન વસૌયા (ઉ.વ.૨૦),
દિનેશ રબારી (ઉ.વ.૧૮ ),
રોહિત વસાવા (ઉ.વ.૧૮),
વિવેક વસાવા (ઉ.વ.૧૭),
અખિલેશ યાદવ (ઉ.વ.૨૦),
દિશાંત વસાવા (ઉ.વ.૧૭)
અને વિકાશ રાય (ઉ.વ.૨૦ )

### કારીગરોએ સૂઝબૂઝ વાપરી બારીમાંથી કૂદતા બચાવ થયો

કારીગર ધવલ વસાવાએ જણાવ્યું હતું કે તેઓ એક જ કુટુંબના છ જેટલા સભ્યો અહી સાથે કામ કરતા હતા.જેમાં નેહા વસાવા, રોહન વસાવા, કુંજરા વસાવા અને દિશાંત વસાવાનો સમાવેશ થાય છે .આજે સવારે બધા રૂમની અંદર પોતાનું કામ કરી રહયા હતા. ત્યારે રૂમમાં અચાનક આગ લાગતા ઝડપથી આખા રૂમની અંદર પ્રસરવા લાગી હતી. ત્યારે ભાગદોડ અને અરેરાટી મચી ગઈ હતી. આ પરિસ્થિતિ વચ્ચે તેણો અને અવિનાશે મળીને રૂમની બારી તોડી નાખી હતી. તમામને લઈને બારીમાંથી બાજુના મકાનની છત પર કૂદી ગયા હતા.

### દાઝેલા અખિલેશનો કામનો પહેલો જ દિવસ હતો

આગની આ ઘટનામાં દાઝી ગયેલા અખિલેશ ઉર્ફે કુંદનને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ અંગે ખબર પડતા તેની ભાભી સુનિતા અને ભાઈ ધર્મેન્દ્ર ત્યાં દોડી આવ્યા હતા. ત્યારે દંપતીએ કહયુ હતું કે અખિલેશ મૂળ બિહારનો વતની છે. જે જગ્યા પર ઘટના બની ત્યાં આજે તેનો પહેલો જ દિવસ હતો. આજે પહેલા દિવસે કામ ઉપર ગયો હતો. રૂમમાં તે કામ કરતો હતો અને અચાનક આગ લાગતા તે આગની ઝપેટમાં આવી ગયો હતો અને દાઝી ગયો છે.

# અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના ડાયરેક્ટર કુમાર મંગલમ્ બિરલા તથા અન્યોને હાઈકોર્ટની રાહત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૬

દીવાની દાવો પડતર હોવા છતાં ફોજદારી ફરિયાદના એક કેસમાં ગુજરાત હાઈકોર્ટે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના ડાયરેકટર કુમાર મંગલમ્ બિરલા, તેમની માતા અને અન્ય સાત ડિરેકટરોને રાહત આપતા વચગાળાના ચુકાદામાં વડોદરા કોર્ટ દ્વારા જારી સમન્સ અને પ્રોસીડીગ્સ સામે જસ્ટિસ નિર્ઝર એસ.દેસાઈએ મનાઈહુકમ ફરમાવી દીધો છે. હાઈકોર્ટે આ હુકમ સાથે કેસની વધુ સુનાવણી તા.૩જી ડિસેમ્બરે રાખી હતી અને સરકારપક્ષ અને ફરિયાદીને નોટિસ જારી કરી હતી.

અરજદાર ડાયરેકટરો તરફથી રજૂઆત કરાઈ હતી કે, શ્રીમેક અને અલ્ટ્રાટેક વચ્ચે મધ્યપ્રદેશમાં માઈનીંગને લઈ કોન્ટ્રાકટ થયો હતો. જો કે, કેટલાક કારણોસર કંપની દ્વારા કરાર રદ કરવામાં આવ્યો હતો. જેને લઈને શ્રીમેક તરફથી મધ્યપ્રદેશના રેવા જિલ્લાની કોમર્શીયલ કોર્ટમાં દાવો પણ દાખલ કરવામાં આવ્યો હતો.

અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું કે, શ્રીમેકના પ્રોપરાઈટર અભિષેક શ્રીવાસ્તવે ઉપરોકત કોમર્શીયલ કોર્ટનો દાવો પડતર હોવા છતાં આ જ મુદ્દે વડોદરાની કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જે બિલકુલ ગેરકાયદેસર અને કાયદાકીય પ્રક્રિયાના દૂરપયોગ સમાન છે. આ એક દિવાની તકરાર છે અને ફરિયાદી પાસે દિવાની વિકલ્પ ઉપલબ્ધ છે ત્યારે આ મામલામાં ફોજદારી કાર્યવાહી અસ્થાને છે. ફરિયાદીએ ખરેખર કાયદાકીય પ્રક્રિયાનો દૂરપયોગ કર્યો છે. વળી, જયારે મધ્યપ્રદેશમાં કોમર્શીયલ કોર્ટમાં આ જ મુદ્દા પરનો દાવો પેન્ડીંગ હોય ત્યારે વડોદરા કોર્ટને આ મામલામાં કોઈ કાર્યવાહી કરવાની સત્તા કે અધિકારક્ષેત્ર નથી. તેથી હાઈકોર્ટે અરજદારો વિરૂદ્ધ વડોદરા કોર્ટ દ્વારા જારી સમન્સ અને આનુષંગિક પ્રક્રિયા સામે મનાઈહુકમ ફરમાવવો જોઈએ.

# શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં સંચાલક મંડળના જે.વી. પટેલનો ૪૦૨ મતે વિજય

● સંચાલક મંડળની બેઠક પર જે.વી. પટેલને ૧૯૯૦ અને પ્રિયવદન કોરાટને ૧૫૮૮ મત મળ્યા

● સરકારી શાળાના શિક્ષકની બેઠક પર કચ્છના દિવ્યરાજ જાડેજા ૧૧૭૮ મતે વિજેતા બન્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં સંચાલક મંડળની બેઠક પર રસાકસીનો જંગ જામ્યો હતો. જેમાં છેલ્લી પાંચ ટર્મથી ચૂંટાતા ડો. પ્રિયવદન કોરાટને હરાવી સંચાલક મંડળના માન્ય ઉમેદવાર તરીકે ચૂંટણી લડનાર જે.વી. પટેલ વિજેતા બન્યા છે. જે.વી. પટેલ ૪૦૨ મતે વિજેતા જાહેર કરાયા હતા. જયારે સરકારી શાળાના શિક્ષકની બેઠક પરથી કચ્છના દિવ્યરાજસિંહ જાડેજાની જીત થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સંચાલક મંડળની બેઠક માટે સમગ્ર રાજ્યમાં ૬૩૧૦ મતદારો નોંધાયા હતા. જેમાં મતદાનના દિવસે કુલ ૪૪૩૩ મતદારોએ મતદાન કર્યું હતું. આમ, સંચાલક મંડળની બેઠક માટે ૭૦.૩૫ ટકા મતદાન થયું હતું. જ્યારે જ્યારે સરકારી શિક્ષકમાં કચ્છના દિવ્યરાજસિંહ જાડેજા, અમદાવાદના ચેતનાબેન ભગોરા અને ભાવનગરના વિજય ખટાણા સહિત ચાર ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ હતો. આ બેઠક માટે સમગ્ર રાજયમાંથી ૪૬૭૭ મતદારો નોંધાયા હતા. જેમાંથી મતદાનના દિવસે ૩૬૯૮ મતદારોએ મતદાનનો ઉપયોગ કર્યો હતો. આમ, સરકારી શાળાના શિક્ષક વિભાગ માટે કુલ ૭૯.૦૩ ટકા મતદાન થયું હતું. મતદાન પુર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા ગુરૂવારના રોજ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં સંચાલક મંડળની બેઠક પરનો જંગ ખુબ જ રસપ્રદ હોવાથી તમામની નજર આ બેઠક પર રહી હતી. આ બેઠક પર ડો.પ્રિયવદન કોરાટ અને જે.વી. પટેલ વચ્ચે સીધી સ્પર્ધા હતી. મતગણતરી શરૂ થયા બાદ પ્રથમ રાઉન્ડથી જ સંચાલક મંડળના ઉમેદવાર જે.વી. પટેલ આગળ ચાલતા હતા. છેક, છેલ્લે સુધી તેમણે લીડ જાળવી રાખી હતી અને તેમને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ૪૪૩૩ મત પૈકી જે.વી. પટેલને ૧૯૯૦ મત મળ્યા હતા. જ્યારે ડો. પ્રિયવદન કોરાટને ૧૫૮૮ મત મળ્યા હતા. જ્યારે મેહુલ પરડવાને ૮૨૫ મત મળ્યા હતા. જ્યારે સરકારી શાળાના શિક્ષકની બેઠક પર કચ્છના દિવ્યરાજ જાડેજા એકતરફી વિજેતા બન્યા હતા. સરકારી શાળાના શિક્ષકની બેઠક પર થયેલા કુલ ૩૬૯૮ મત પૈકી દિવ્યરાજ જાડેજાને ૨૦૨૮ મત મળ્યા હતા. જ્યારે તેમના હરીફ ચેતના ભગોરાને ૮૫૦ મત મળ્યા હતા. જ્યારે ૨૧ મત રદ થયા હતા. આમ, દિવ્યરાજ જાડેજાનો ૧૧૭૮ મતે વિજય થયો હતો.

# તપાસમાં બેદરકારી બદલ DCPએ રામોલના PSIને કર્યા સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

શહેરના રામોલ પોલીસ સ્ટેશનના PSI જ્યોતિ ચરણને ઝોન ૫ ડીસીપીએ સસ્પેન્ડ કર્યા છે. એપ્રિલ મહિનામાં બનેલા રાયોટિંગના ગુનાની યોગ્ય તપાસ કરી નહોતી. જે બાદ એક મહિનામાં જ હત્યાના પ્રયાસનો બન્યો હતો, જેથી DCP દ્વારા મહિલા PSIને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રામોલ પોલીસ સ્ટેશનમાં એપ્રિલ મહિનામાં રાયોટિંગનો બનાવ બન્યો હતો. જે મામલે PSI જ્યોતિ ચારણ તપાસ કરી રહ્યા હતા. PSI જ્યોતિ ચારણે તપાસ દરમિયાન ચાર્જશીટ કરી નહોતી. આ ઉપરાંત પંચમાં પણ આરોપીઓના પાડોશીઓને જ રાખ્યા હતા. ગુનાની તપાસમાં આરોપીઓની ઓળખ પરેડ કરી નહોતી. આરોપીઓના મોબાઈલ ફોન કબ્જે કર્યા નહોતા. સાહેદોના નિવેદન પણ નોંધ્યા હતા. આ બનાવ બાદ આરોપીઓએ જ હત્યાના પ્રયાસની પણ ફરિયાદ નોંધાવી હતી. આમ તપાસમાં બેદરકારી બદલ PSIને DCP સફીન હસન દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ અંગે DCP સફિન હસને જણાવ્યું હતું કે, PSIની તપાસમાં બેદરકારી સામે આવી હતી. જેને ધ્યાને રાખીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તપાસ યોગ્ય કરવામાં આવી હોત તો બીજો બનાવ ના બનતો.

# કોસંબા પાસે ટ્રકની પાછળ પોલીસકર્મીઓની કાર ઘૂસી જતાં એક પોલીસ જવાનનું મોત

## અકસ્માતમાં પોલીસ કારનો કચ્ચરઘાણ નીકળી ગયો : ઈજાગ્રસ્તો-મૃતકને કટરની મદદથી પતરૂં કાપીને બહાર કઢાયા : ચાર ઘાયલ

અંકલેશ્વર, તા.૨૬

અંકલેશ્વર નજીક કોસંબા પાસે હાઈવે પર રાજકોટના પોલીસકર્મીઓની ખાનગી કારને અકસ્માત નડતાં એક પોલીસકર્મીનું મોત નિપજ્યું હતું જયારે ચારને ઈજાઓ થતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. મળતી વિગતો મુજબ રાજકોટ ગ્રામ્ય એલસીબીના હેડ કોન્સ્ટેબલ ગોંડલમાં રહેતા દિગ્વિજયસિંહ રાઠોડ, ઉપલેટામાં રહેતા અરવિંદસિંહ જાડેજા, જેતપુરમાં રહેતા દિવ્યેશભાઈ સુવા અને ગોંડલમાં રહેતા ઘનશ્યામસિંહ જાડેજા ગોંડલની એક છેતરપીંડીની તપાસમાં સુરત ગયા હતાં જ્યાં સુરતમાં તપાસ કર્યા બાદ ત્યાંથી રાજકોટ જિલ્લાના એક ગુનાના આરોપીને સુરત પોલીસે પકડ્યો હતો જેથી છેતરપીંડીની તપાસમાં ગયેલ ટીમ આ આરોપીને લઈ રાજકોટ પરત આવતી હતી. ત્યારે સુરત-વડોદરા હાઈવે પર



કોસંબા નજીક એલસીબીની ટીમ જે કારમાં હતી તે કાર આગળ બંધ પડેલ એક ટ્રક પાછળ ઘુસી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા એલસીબીના હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ રાઠોડનું મોત થયું હતું. જ્યારે ગોંડલના ઘનશ્યામસિંહ જાડેજા, ઉપલેટાના અરવિંદસિંહ અને જેતપુરના દિવ્યેશભાઈ સુવા તેમજ સુરતથી જે આરોપીને સાથે લાવતા હતા તે આરોપી વિજય પરમારને ઈજા થઈ હતી. આ તમામને સારવાર માટે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. બનાવની જાણ થતાં પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અકસ્માતમાં પોલીસકર્મીઓની ખાનગી કાર બે વાહનો વચ્ચે સેન્ડવીચ બની ગઈ હતી. જેમાં હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ રાઠોડનું ઘટનાસ્થળે જ મોત થયું હોય જયારે ઈજાગ્રસ્તો અકસ્માત બાદ કારની અંદર ફસાઈ ગયા હતા જેથી મૃતક અને ઈજાગ્રસ્ત અરવિંદસિંહ તથા દિવ્યેશભાઈ સુવા અને ઘનશ્યામસિંહ તેમજ કારમાં બેઠેલા આરોપીને બહાર કાઢવા માટે કટરની મદદથી પતરું કાપીને તેમને બહાર કાઢી સારવાર માટે ખસેડાયા હતા.

# મહેસાણામાં ફરી એકવાર લૂંટેરી દુલ્હનનો આતંક, રૂપિયા લઈ ફરાર

## લૂંટેરી દુલ્હને યુવકને લગ્નની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

મહેસાણામાં ફરી એકવાર લુટેરી દુલ્હનનો આતંકનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. લુટેરી દુલ્હને યુવકને લગ્નની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી કરી છે. આ યુવક કડીના રણછોડપુરા ગામનો છે. રણછોડપુરા ગામના આ યુવકને લુટેરી દુલ્હને પોતાની વાતોમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી. યુવક યુવતી સાથે લગ્નના સપના જોવા લાગ્યો હતો. ત્યારે બાદ જે યુવતી સાથે લગ્ન થવાના હતા તેણે બહાનુ બતાવી યુવક પાસે મદદ માટે રૂપિયાની માંગણી કરી. યુવકે વિશ્વાસ સાથે યુવતીને ૨.૫ લાખ જેટલા રૂપિયા આપ્યા. રૂપિયા મળવાની સાથે જ થોડા જ દિવસમાં યુવતી ગાયબ થઈ ગઈ. લગ્નની લાલચ આપી યુવતીએ યુવક સાથે છેતરપિંડી કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ૨૨ વર્ષીય લગ્ન વાચ્છુક યુવાનને લગ્નની લાલચ આપી ઠગાઈ કરવાના મામલામાં પોલીસે લગ્નના નામે ગેંગ ચલાવનાર યુવતી સામે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હાલમાં લગ્નની લાલચ આપનાર આ યુવતીની ઓળખ નાયકા તેજલ બતાવી હતી. પોલીસને શંકા છે કે આ યુવતી સાથે અન્ય લોકો પણ ગુનામાં સામેલ હોઈ શકે. એજન્ટ દ્વારા યુવક સાથે નાયકા તેજલ નામની યુવતીની ઓળખ થઈ હતી. યુવક પાસેથી પૈસા લીધા બાદ એજન્ટો પણ ફરાર થતાં પોલીસની શંકા વધી ગઈ છે. યુવકે ચાર એજન્ટ અને યુવતી તેજલ નાયકા સામે કડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી. યુવતી તેજલ નાયકા ઉપરાંત ચાર એજન્ટના નામ રમણભાઈ, પટેલ રવજી, પ્રવીણ સોલંકી અને સોલંકી પૂજા હોવાનું જણાવ્યું. નોંધનીય છે કે અત્યાર સુધી મોટા મોટા શહેરમાં લુટેરી દુલ્હનના કિસ્સા જોવા મળતા હતા. જયારે હાલમાં રણછોડપુરા ગામમાં લુટેરી દુલ્હનનો કિસ્સો સામે આવતા લોકોમાં ગુનાની માનસિકતા કેટલી હદે વધી છે તે સામે આવ્યું છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બિનવારસી વાહનો જપ્ત કરવાની ડ્રાઈવ

## લાંબા સમય સુધી પડેલા શંકાસ્પદ બિનવારસી વાહનોના ફોટા અને લોકેશન વ્હોટસએપ કરો ને ઈનામ મેળવો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૬

અમદાવાદમાંથી બિનવારસી વાહનો જપ્ત કરવા માટેની ખાસ ડ્રાઈવ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધી આ ડ્રાઈવમાં ૬૫થી વધુ બિનવારસી વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. કોઈપણ નાગરિક ક્રાઈમ બ્રાન્ચે જાહેર કરેલા નંબર પર બિનવારસી વાહનોના ફોટા વિગત અને લોકેશન મોકલીને જાણ કરી શકે છે. જે પણ વ્યક્તિ માહિતી આપશે તેની ઓળખ પણ ગુપ્ત રાખવામાં આવશે. શહેરમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યા તથા બિનવારસી વાહનો અનેક જગ્યાએ જોવા મળી રહ્યા છે, જેને લઈને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બિનવારસી વાહનો જપ્ત કરવા માટેની ખાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. કોઈપણ સામાન્ય નાગરિક ક્રાઈમ બ્રાન્ચને વ્હોટ્સએપ દ્વારા ૬૩૫૯૬૨૫૩૬૫ નામના પર લાંબા સમય સુધી પડેલા શંકાસ્પદ બિનવારસી વાહનોના ફોટા અને લોકેશન મોકલી શકે છે. જે પણ વ્યક્તિ ક્રાઈમ બ્રાન્ચને બિનવારસી વાહનોની માહિતી મોકલશે તેની ઓળખ પણ ગુપ્ત રાખવામાં આવશે. આ ઉપરાંત નાગરિકને ઈનામ પણ આપવામાં આવશે. અત્યાર સુધી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બિનવારસી વાહનો જપ્ત કરવાની ડ્રાઈવ દરમિયાન ૬૫થી વધારે વાહનો જપ્ત કર્યા છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ શહેરના અલગ-અલગ વિસ્તારમાં બિનવારસી વાહનોને લઈને પેટ્રોલિંગ કરી રહી છે. આ દરમિયાન કોઈપણ વાહન શંકાસ્પદ લાગે તો તેના માલિકની તપાસ કરવામાં આવે છે. ત્યારબાદ વાહન બિનવારસી જણાય તો તેને જપ્ત કરવાની કાર્યવાહી ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે.

### ફેડરલ બેન્કના નવા એમડી તરીકે કેવીએસ મેનિયનની નિમણૂક



અમદાવાદ,તા.૨૬

ફેડરલ બેન્કે નવા મેનેજિંગ ડિરેકટર અને સીઈઓ તરીકે કેવીએસ મેનિયનની નિમણૂક કરી છે. મેનિયન પોતાની સાથે બેન્કિંગ ઉદ્યોગમાં સફળતાનો અઢળક અનુભવ અને સિદ્ધ ટ્રેક રેકોર્ડ લઈને આવે છે. તેમની અગાઉની ભૂમિકામાં મેનિયને વેલ્થ મેનેજમેન્ટની સાથે કોર્પોરેટ સંસ્થાકીય અને ઈન્વેસ્ટમેન્ટ બેન્કીંગ ક્ષેત્રોનું નેતૃત્વ કર્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ, આ વ્યવસાયોએ ઉચ્ચ ગુણવત્તાયુકત, સંકલિત અને નફાકારક ફ્રેન્ચાઈઝી હાંસલ કરી છે. મેનિયનનો બહોળો અનુભવ અને દૂરંદેશી નેતૃત્વ બેંકને સફળતાની નવી ઉંચાઈઓ પર લઈ જશે.

# વડોદરામાં વાવાઝોડાએ તબાહી મચાવી ૩૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી, એક વ્યક્તિનું મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૬

વડોદરા શહેરમાં બુધવારે ૧૧૦ કિ.મી.ની ઝડપે ફૂંકાયેલા વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે. આ વાવાઝોડાને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ૩૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી છે. જેના કારણે ૫૦થી વધુ વાહનો દબાયા છે. ફાયર વિભાગની ટીમ ગઈકાલ સાંજથી રસ્તા પડી ગયેલા ઝાડને હટાવવાની કામગીરી હાથ ધરી છે. વડોદરા શહેરની સાથે જિલ્લાના અનેક વિસ્તારમાં પણ ભારે વરસાદે તારાજી સર્જી છે. ઝાડ નીચે દબાઈ જવાથી પાદરા તાલુકાના પીપળી ગામના કિરણસિંહ રાઠોડનું મૃત્યુ થયું છે. ૫૦ વર્ષીય કિરણસિંહ પાદરાથી પોતાનું બાઈક લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં નીલગીરીનું ઝાડ તેમના ઉપર પડતા માથામાં ગંભીર ઈજા થતાં તેમનું મૃત્યુ થયું હતું. વડોદરામાં વાવાઝોડા સાથે તૂટી પડેલા ધોધમાર વરસાદના કારણે ઠેર-ઠેર વૃક્ષો ધરાશાયી થવાની સાથે પશુઓના દબાવાની પણ ઘટનાઓ બની. ગાજરાવાડી વિસ્તારમાં વૃક્ષો નીચે ઘોડા દબાતા હતા જેમને ફાયર વિભાગની ટીમે રેસ્ક્યુ કર્યા હતા. જયારે કિશનવાડી વિસ્તારમાં એક મકાન નજીક બકરા દબાતા તેમને પણ રેસ્ક્યુ કરાયા હતા. હાલ યુદ્ધના ધોરણે તૂટી પડેલા વૃક્ષોને હટાવી રસ્તા ખુલ્લા કરવાની તેમજ વાહનો બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી રહી છે. ફાયર બ્રિગેડને હજુ પણ વૃક્ષો ધરાશાયી થવા સહિતના વિવિધ કોલ મળી રહ્યા છે.

### અનેક વાહનો અને પશુ દબાયા

### ફાયર વિભાગનો કર્મચારી થયો ઘાયલ

વૃક્ષા હટાવવાની કામગીરી દરમિયાન એક દુર્ઘટના ઘટી. વાઘોડિયા રોડ પર વીજ પુરવઠો ચાલુ રહી જતાં પાણીગઢ પારસ સ્ટેશનના શામળભાઈ નામના ફાયરકર્મીને વીજ કરંટ લાગ્યો. જેના કારણે તેમના હાથમાં ઈજા પહોંચી હતી.

### શેલામાં સ્પોર્ટ્સ ફેસ્ટનું ઉદ્ઘાટન કરાયું

અમદાવાદ,તા.૨૬

ચીરીપાલ ગ્રુપે ચિરીપાલ સ્પોર્ટ્સ ફેસ્ટની પ્રથમ આવૃત્તિને લોન્ચ કર્યાની જાહેરાત કરી છે તેનો ઉદઘાટન સમારંભ અમદાવાદના શેલા વિસ્તારમાં આવેલી કલબ ૦૭ ખાતે યોજાયો હતો. પોતાના કર્મચારીઓમાં ટીમ ભાવનાને પ્રોત્સાહન આપવા તથા રમતગમતના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય દેખાવ કરનારાઓને સન્માનિત કરવાના ઉદ્દેશ્યની સાથે ચિરીપાલ ગ્રુપ દ્વારા આ પહેલ હાથ ધરવામાં આવી છે. ચિરીપાલ સ્પોર્ટ્સ ફેસ્ટ ૨૧ સપ્ટેમ્બરથી ૫ ઓકટોબર ૨૦૨૪ સુધી એટલે કે ત્રણ અઠવાડિયા ચાલશે.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ હારૂન કાસમભાઈ મેમણ હતું જે બદલીને નવું નામ હારૂનભાઈ કાસમભાઈ મેમણ કરેલ છે.

સરનામું : ૧, ગોવિંદ પટેલની ચાલી, સામીયાના ફ્લેટ પાસે, દાણીલીમડા, અમદાવાદ.

**નામ બદલેલ છે**

જૂનું નામ : કૌશલ્યાબહેન લાલચંદ હતું. નવું નામ કૌશલ્યાબેન લાલચંદ વાસવાની કરેલ છે.

સરનામું : A/૧૨, નિરંકાર સોસાયટી, ગોપાલચોક, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ.

# કેરાલામાં આરએસએસના હોદ્દેદારો સાથે અધિક DGPની બેઠક અંગે તપાસ શરૂ કરતી સરકાર

## DGP શેખ દરવેશ સાહેબને વિવાદિત IPS અધિકારીના મામલામાં તપાસનો હવાલો સોંપાયો





(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

કેરાલાના એડિશનલ ડીજીપી એમ.આર અજિત કુમાર અને આરએસએસના કેટલાક પદાધિકારીઓ વચ્ચેની બેઠકના મામલામાં માર્ક્સવાદી પક્ષની આગેવાની હેઠળની કેરાલા રાજ્ય સરકારે પોલીસ તપાસનો આદેશ આપ્યો છે અને રાજ્યના પોલીસ વડા શેખ દરવેશ સાહેબને પોલીસ તપાસનો હવાલો સોંપવામાં આવ્યો છે.

ડીજીપી અજીત કુમારે આરએસએસના નેતાઓ અને ખાસ કરીને દત્તાત્રેય હોજાબાલે તથા રામ માધવ સાથે બેઠકો કરી હતી. એ પછી ભારે રાજકીય વિવાદ ઊભો થતા રાજ્ય સરકારે ડીજીપી શેખ સાહેબને તપાસનો હવાલો સોંપી દીધો છે. રાજ્ય સરકારનો આ નિર્ણય અજીત કુમાર માટે મોટી પીછેહઠ સમાન છે કેમ કે આ અધિકારી સામે ભ્રષ્ટાચારના પણ અનેક આક્ષેપો થયેલા છે. દર વર્ષે ત્રીસ્સુર વડક્કુન્નાથન મંદિર ખાતે યોજાતા પુરમ ફેસ્ટિવલમાં વિઘ્ન આવ્યું એ અંગે પણ અને ફેસ્ટિવલ રદ થયો એ માટે પણ અજીત કુમાર દોષિત હોવાના અક્ષેપો થયા છે. ઉપરાંત ડાબેરી પક્ષના ધારાસભ્ય અનવરે પણ અજીત કુમાર સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યા છે. સંઘના નેતાઓ સાથેની એડિશનલ ડીજીપીની બેઠકોને કારણે મુખ્યમંત્રી રાજકીય વિવાદનો સામનો કરી રહ્યા હતા. ધારાસભ્ય અનવરે મંત્રીઓ તથા રાજકીય નેતાઓ અને પત્રકારોના ટેલીફોન અજીતકુમાર દ્વારા ટેપ કરાવવામાં આવતા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો અને સોનાની દાણચોરી તેમજ બીજા અન્ય કેટલાક ગંભીર અપરાધોમાં પણ અજીત કુમારની સંડોવણી હોવાના આક્ષેપો કર્યા હતા. જેના પગલે રાજકીય ગરમાવો સર્જાયો હતો અને વિપક્ષ યુડીએફ દ્વારા એવું આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સંઘની સાથે મળીને અજીત કુમારે પુરમ ફેસ્ટિવલને રદ કરાયો છે અને ચૂંટણીઓમાં ભાજપને લાભ કરાવવા માટે જ આવું કરવામાં આવ્યું છે. cbi દ્વારા પણ આવી જ પ્રતિક્રિયા આપવામાં આવી હતી. તાજેતરમાં સીપીએમના સિનિયર નેતા જયરાજને ભાજપના નેતા પ્રકાશ જાવડેકર સાથે બેઠક કરી એ બદલ પણ એમને ઠપકો અપાયો હતો અને ત્યાર પછી આ બીજી ઘટના બની છે જેમાં એડિશનલ ડીજીપીની સંઘના હોદ્દેદારો સાથેની બેઠકને પગલે જબરો રાજકીય વિવાદ ઊભો થઈ ગયો છે. અજીત કુમારે આ બેઠકો અંગત ગણાવી છે પણ અનેક સવાલો ઊભા થયા છે.

દરમિયાન ડીજીપીએ તપાસ શરૂ કરી દીધી છે અને સંઘના એક પ્રચારક તથા અજીત કુમારના એક સમયના વિદ્યાર્થીકાળના સાથી એ જયકુમાર સહિતના કેટલાક નેતાઓને નોટિસો આપવામાં આવી છે. જોકે ધારાસભ્ય અનવરે આ તપાસ એક મજાક સમાન ગણાવી છે અને તેના પરિણામ અંગે શંકા દર્શાવી છે. તેમણે કહ્યું છે કે આ મુદ્દા પર મારી લાગણી બધા જાણે છે. આ તપાસ એક મજાક જેવી છે પણ તેનું પરિણામ શું આવશે એ મારે જાણવું છે. અજીત કુમારે દસ દિવસમાં બે વખત સંઘના નેતા હોઝાબાલે અને રામ માધવ સાથે બેઠકો કરી હતી જે ત્રિસ્સુર ખાતે યોજાઇ હતી. પોતાના મિત્ર જયકુમાર મારફત અજીત કુમારે દત્તાત્રેય હોઝાબાલેને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને સંઘની કારમાં જ એ મળવા પહોંચી ગયો હતો અને એક કલાક સુધી બેઠક કરી હતી જ્યારે રામ માધવ સાથેની બેઠક કોવાલમ ખાતે યોજાઇ હતી જ્યાં નેશનલ મીડિયા જૂથ દ્વારા એક સંવાદ યોજાયો હતો ત્યાં અજીત કુમારે માધવ સાથે બેઠક ગોઠવી લીધી હતી અને એ વખતે પણ સંઘની કાર લેવા આવી હતી. આ બેઠકો અને ત્રિસ્સુર પુરમ ફેસ્ટિવલના વચ્ચે એક કડી હોવાનું કોંગ્રેસ અને સીપીઆઈ કહી રહ્યા છે. લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવાર સુરેશ ગોપીને મદદરૂપ બનવા માટે ફેસ્ટિવલ રદ કરાવવામાં આવ્યો હતો એવો આક્ષેપ થઈ રહ્યો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારી સંગઠનના હોદ્દેદારોને મળે એ ઘટના cpiની રાષ્ટ્રીય કારોબારીના સભ્ય કે પ્રકાશ બાબુએ વખોડી કાઢી હતી. તેમણે જણાવ્યું હતું કે પોલીસના ઉચ્ચ અધિકારીની આવી બેઠકને પગલે સમગ્ર વહીવટી માળખાની નિષ્ઠા પર શંકા ઉભી થાય છે. તેમણે અજીત કુમારને તાત્કાલિક હોદ્દા પરથી દૂર કરવાની માગણી કરી હતી.

વિપક્ષના નેતા વીડી સતીસને આ પરિસ્થિતિને નવો વળાંક આપ્યો હતો અને એવું આક્ષેપ કર્યો હતો કે અજીત કુમાર તો મુખ્યમંત્રી પી. વિજયનના દૂત તરીકે સંઘના નેતાઓને મળ્યા હતા અને ભાજપની નેતાગીરી સાથે વધુ વ્યાપક વાટાઘાટો શરૂ કરવાના ભાગરૂપે આ બેઠક યોજાઈ હતી. સતીસને દાવો કર્યો હતો કે અજીત કુમારે ત્રિસ્સુરમાં જ પોતાની સરકારી કાર મૂકી દીધી હતી અને પોલીસનો ડ્રેસ કાઢીને સાદા વસ્ત્રો પહેરી લીધા હતા અને સંઘના નેતાઓની ગાડીમાં તેઓ સંઘના નેતાને મળવા ગયા હતા અને સીએમના સંદેશા વાહક તરીકે તેઓ ગયા હતા. તેમણે એવું લાગશે પણ કર્યો હતો કે આવી બેઠકો પછી જ સુરેશ ગોપીની હિમાયત કરીને એલડીએફના ઉમેદવાર વીએસ સુનિલ કુમારને હટાવી લેવામાં આવ્યા હતા એટલું જ નહીં માર્કસવાદી પક્ષના નેતાઓ સામે કરૂવન્નુર સહકારી બેંક કૌભાંડ અંગેની ચાલી રહેલી તપાસ પણ ઈડી દ્વારા અટકાવી દેવામાં આવી હતી. આ બેઠકના પરિણામે જ આ બધું થયું છે એવો તેમણે આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસના મુરલીધરને જણાવ્યું હતું કે પૂરમ ફેસ્ટિવલને સંઘ પરિવાર જ રદબાતલ કરાયો હતો જેથી કરીને ભાજપના ઉમેદવાર સુરેશ ગોપીને ચૂંટણીમાં સફળતા મળે. આરએસએસ કયા પ્રકારનું સંગઠન છે એ આખું કેરાલા જાણે છે. એટલે મુખ્યમંત્રીએ જનતાને જવાબ આપવો જોઈએ કેરળની પોલીસ મુખ્યમંત્રીના હાથ નીચે જ કામ કરતી હોય તો એમણે ત્યારે તપાસનો આદેશ કેમ ના આપ્યો. અમને લાગે છે કે ભાજપ અને માર્ક્સવાદી પક્ષ વચ્ચે સોદાબાજ કરવા માટે જ આ બેઠકો યોજાઈ હતી એ કારણે જ સુરેશ ગોપીને ત્રિસ્સુરમાં વિજય મળ્યો છે.

# તિરુપતિ મંદિરમાં ભેળસેળવાળું ઘી સપ્લાય કરવા અંગે પાકિસ્તાની કંપની 'એ.આર. ફૂડ્સ' ની વિગતો સાથે સાંપ્રદાયિક કોણ સાથે ખોટો દાવો વાયરલ થયો છે

## મુસ્લિમો વિરૂદ્ધ આક્ષેપો સાથે વાયરલ કરવામાં આવેલ તસવીરમાં ન તો લોકો દેખાઈ રહ્યા છે અને ન તો આ કંપની ભારતમાં સ્થિત છે

(એજન્સી) તા.૨૬

તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ગાયની ચરબી અને ફિશ ઓઈલ જેવા પદાર્થો મળી આવતા હોવાના અહેવાલો વચ્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેને લગતા અનેક ભ્રામક દાવાઓ વાયરલ થઈ રહ્યા છે.

એક સ્ક્રીનશોટ સાથે એવો દાવો પ્રસારિત કરવામાં આવી રહ્યો છે કે તે મંદિરમાં ઘી સપ્લાય કરનાર કંપનીના ઉચ્ચ અધિકારીઓના નામ દર્શાવે છે. તે સૂચવે છે કે આ કંપનીનું સંચાલન મુસ્લિમ સમુદાય કરે છે. વપરાશકર્તા દ્વારા આ પોસ્ટ દૂર કરવામાં આવી તે પહેલાં આ પોસ્ટને પ્લેટફોર્મ પર એક લાખથી વધુ વ્યૂઝ મળ્યા હતા.




**શું આ દાવો સાચો છે ?:** ના, બિલકુલ નહીં..... આ દાવો ખોટો છે. વાયરલ પોસ્ટમાં ભારતીય કંપની AR ડેરી ફૂડ પ્રાઈવેટ લિમિટેડમાં કામ કરતા લોકોના નામ દર્શાવવામાં આવ્યા નથી.

તે વાસ્તવમાં 'AR Foods (Pvt) Limited' નામની પાકિસ્તાની કંપની માટે કામ કરતી વ્યક્તિઓના નામ દર્શાવે છે. તિરુપતિ બાલાજી મંદિર માટે ઘી સપ્લાય કરનારી ભારતીય કંપની ડિંડીગુલ, તમિલનાડુમાં સ્થિત છે. જો કે, આંધ્ર પ્રદેશમાં તેલુગુ દેશમ પાર્ટી (TDP)ની આગેવાની હેઠળની સરકારની રચના પછી, કર્ણાટક મિલ્ક ફેડરેશનના નંદિની ઘીનો પ્રસાદ માટે ઉપયોગ કરવામાં આવે છે. મુખ્યપ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ આક્ષેપ કર્યો હતો કે મંદિરમાં પ્રસાદમાં વપરાતું ઘી અગાઉની વાયએસઆરસીપીની આગેવાની હેઠળની સરકારના કાર્યકાળ દરમિયાન પ્રાણીની ચરબી સાથે ભેળસેળયુક્ત હતું.

આના પગલે, તેલુગુ દેશમ પાર્ટી (TDP)ના પ્રવક્તા અનમવેંકટારમણ રેડ્ડીએ એક દસ્તાવેજ બતાવ્યો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે ગુજરાતમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા પ્રસાદ પર કરવામાં આવેલા પરીક્ષણોના રિપોર્ટમાં તેની પુષ્ટિ કરવામાં આવી છે. આ દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પ્રસાદમાં બીફ ફેટ, ફિશ ઓઈલ અને લાળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. YSRCP અને AR Dairy Food Pvt Ltdએ આ તમામ દાવાઓને ફગાવી દીધા છે.

પાકિસ્તાનમાં સ્થિત કંપનીના નામનો ઉલ્લેખ 'AR Foods (Pvt) Limited' તરીકે કરવામાં આવ્યો હતો. AR Foods (Pvt) Limitedની અધિકૃત વેબસાઈટ પર આ કંપની વાસ્તવમાં પાકિસ્તાનમાં નોંધાયેલ છે. ઉક્ત કંપની પાકિસ્તાનમાં મસાલા, ચોખા, નાસ્તા, મીઠાઈ અને આરોગ્ય ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. AR Foods (Pvt) Limited દ્વારા કોઈપણ પ્રકારના ઘીનું ઉત્પાદન કર્યું હોવાના કોઈ પુરાવા નથી. આ કંપની પાકિસ્તાનમાં રજિસ્ટર્ડ છે. ભારતીય કંપનીનું ભૌગોલિક સ્થાન ગૂગલ મેપ્સની મદદથી એ. આર. ડેરી ફૂડ પ્રાઈવેટ લિમિટેડ તમિલનાડુમાં ડિંડીગુલ પાસે સ્થિત છે. આ કંપની છે જે પ્રસાદ માટે વિવાદના કેન્દ્રમાં છે. આ તમિલનાડુ સ્થિત કંપની ૧૯૯૫માં શરૂ કરવામાં આવી હતી. કંપનીની અધિકૃત વેબસાઈટ પર ત્રણ ડિરેક્ટરો રાજશેકરન આર, સુરિયાપ્રભા આર અને શ્રીનિવાસન એસઆર છે. દાવાથી વિપરીત, કંપનીના માલિકો અથવા બોર્ડ ડિરેક્ટરોમાંથી કોઈપણ મુસ્લિમ સમુદાયના નથી.

# મધ્ય પ્રદેશમાં રાજકારણ માટે કોલેજનો ઉપયોગ કરવા બદલ ABVP દ્વારા ભાજપની સદસ્યતા અભિયાનનો વિરોધ

## “જ્યારે વિદ્યાર્થી બોલે છે, સિંહાસન હલી જાય છે”ના નારા સાથે એબીવીપીના વિદ્યાર્થીઓએ ઈન્દોર-૩ ધારાસભ્ય ગોલુ શુક્લા અને સરકારી હોલકર સાયન્સ કોલેજમાં પ્રિન્સિપાલનો વિરોધ કર્યો હતો અને બીજેપી ઈન્દોર શહેર પ્રમુખ ગૌરવ રણદીવે વિદ્યાર્થીઓ સાથે દલીલ કરવાનો પ્રયાસ કર્યો હતો

(એજન્સી) તા.૨૬

ભાજપે મધ્યપ્રદેશના ૬૪,૮૭૧ બૂથમાંથી દરેકમાં ૧૦૦ સભ્યોની નોંધણી કરવાનું લક્ષ્ય રાખ્યું છે. મંગળવારે, જ્યારે કોલેજમાં એબીવીપીના વિદ્યાર્થીઓ વર્ગોમાં ભાગ લઈ રહ્યા હતા, ત્યારે તેઓએ ભાજપના કેટલાક કાર્યકરોને સભ્યપદ અભિયાન માટે કેમ્પસમાં પ્રવેશતા જોયા હતા. મધ્યપ્રદેશમાં ભાજપ દ્વારા હાથ ધરવામાં આવેલી મેગા સભ્યપદની કવાયતને ઈન્દોરની સરકારી કોલેજમાં વિરોધનો સામનો કરવો પડ્યો છે. આરએસએસ-સંલગ્ન વિદ્યાર્થી સંગઠન, એબીવીપી એ અ ડ્રાઈવનો વિરોધ કર્યો હતો, અને કહ્યું હતું કે શિક્ષણના મંદિરોને રાજકારણમાં ફેરવવામાં ન આવે. “જ્યારે વિદ્યાર્થી બોલે છે, સિંહાસન હલી જાય છે”ના નારા સાથે એબીવીપીના વિદ્યાર્થીઓએ ઈન્દોર-૩ ધારાસભ્ય ગોલુ શુક્લા અને સરકારી હોલકર સાયન્સ કોલેજમાં પ્રિન્સિપાલનો વિરોધ કર્યો હતો. અને બીજેપી ઈન્દોર શહેર પ્રમુખ ગૌરવ રણદીવે વિદ્યાર્થીઓ સાથે દલીલ કરવાનો પ્રયાસ કર્યો હતો. આખરે, પ્રિન્સિપાલ સુરેશ ટી સિલાવતે લેખિત આદેશ જારી કરવો પડ્યો કે કોલેજ પરિસરમાં “એબીવીપીની સંમતિ વિના” કોઈપણ રાજકીય કાર્યક્રમ યોજાશે નહીં.



એબીવીપી ઈન્દોર શહેરના સેક્રેટરી રિતેશ પટેલે ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, અમને ભાજપના કેટલાક કાર્યકરો સભ્યપદ અભિયાન ચલાવતા જોવા મળ્યા હતા. અમે પૂછ્યું કે આવું શા માટે કરવામાં આવે છે અને અમને જાણવા મળ્યું કે પ્રિન્સિપાલે પરવાનગી આપી હતી. પ્રિન્સિપાલે કહ્યું કે અમે તેમને પરવાનગી નકારી શકીએ નહીં, તેથી અમે વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. અમે તેમને કહ્યું હતું કે આજે ભાજપ આવ્યો છે અને કાલે બીજી કોઈ પાર્ટી આવશે. અમે કહ્યું કે આ શિક્ષણનું મંદિર છે, રાજકારણનું કેન્દ્ર નથી. એબીવીપીના અન્ય એક વરિષ્ઠ સભ્યએ કહ્યું કે, એબીવીપી અને ભાજપ વચ્ચે વૈચારિક સમાનતા હોઈ શકે છે પરંતુ તેનો અર્થ એ નથી કે અમે તેમને કેમ્પસમાં પ્રવેશવા દઈશું. જ્યારે અમને મેમ્બરશિપ ડ્રાઈવ વિશે જાણ થઈ ત્યારે અમે અન્ય ચાર કોલેજોમાં વિરોધ કર્યો. અમે અન્ય જિલ્લાઓમાં સભ્યો સાથે સંકલન કર્યું છે, અને તેમને કહ્યું છે કે તેઓ કેમ્પસમાં ભાજપને આ કવાયત માટે મંજૂરી ન આપે. ઈન્દોર અને ભોપાલમાં બીજેપીના વરિષ્ઠ નેતાઓએ ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે અમારી વચ્ચે “ગેરસમજ” દૂર થઈ ગઈ છે. ધારાસભ્ય શુક્લાએ કહ્યું કે, ABVP અને ભાજપ એક જ છે. તેઓએ અમારો વિરોધ નથી કર્યો. અમે સમસ્યા ઉકેલી લીધી છે. રણદીવેએ જણાવ્યું હતું કે ઈંદોરમાં ભાજપની સદસ્યતા અભિયાન ૫ લાખ નવા સભ્યો સાથે સફળ રહ્યું હતું. આ ઘટના એક ગેરસમજ હતી. એબીવીપી કેમ્પસની અંદર કામ કરે છે, અમે બહાર હતા. એબીવીપીનું પોતાનું આ વલણ છે. અમે તેમને સમજાવવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે કે અમે કોલેજ કેમ્પસની બહાર સભ્યપદ અભિયાન કરીશું. ભાજપના પ્રવક્તા નરેન્દ્ર સલુજાએ કહ્યું કે ABVP સદસ્યતા અભિયાનનો વિરોધ કરશે નહીં. ABVP અમારું વિદ્યાર્થી સંગઠન છે અને હવે કોઈ સમસ્યા નથી.

# RSSના નવા હેડક્વાર્ટર ૧૨ માળના ટાવરને આખરે દિલ્હી અર્બન આર્ટ્સ પેનલની મંજૂરી

(એજન્સી) તા.૨૬

દિલ્હી શહેરી કલા આયોગે મધ્ય દિલ્હીના ઝંડેવાલન વિસ્તારમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના નવા કાર્યાલયના નિર્માણને પૂર્ણ કરવાની મંજૂરી આપી છે. હવે તેના ઉદ્‌ઘાટનનો રસ્તો સાફ થઈ ગયો છે. ૧ ઓગસ્ટના રોજ મળેલી બેઠકમાં પંચે દસ્તાવેજોના અભાવને ટાંકીને NOC અરજી ફગાવી દીધી હતી. સત્તાવાર દસ્તાવેજ અનુસાર, DUACએ ૨૯ ઓગસ્ટે મળેલી બેઠકમાં RSSના નવા કાર્યાલયને પ્રમાણપત્ર આપવાનો નિર્ણય લીધો હતો. કેશવ કુંજમાં RSS કાર્યાલય માટે ૧૨ માળના બે ટાવરને NOC આપવામાં આવી છે. આ ઈમારતોમાં મીટિંગ રૂમ, કોન્ફરન્સ હોલ અને લાઈબ્રેરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ હશે. તમને જણાવી દઈએ કે આરએસએસ આવતા વર્ષે તેની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યું છે. ૨૯ ઓગસ્ટની બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે, 'બિલ્ડીંગને પૂર્ણ કરવા માટે ઓનલાઈન મળેલી એનઓસી માટેની દરખાસ્તની સાથે દસ્તાવેજો, ડ્રોઈંગ્સ, ફોટોગ્રાફ્સ વગેરેની તપાસ કરવામાં આવી હતી. 'કોમ્પ્લેક્ષના ડ્રોઈંગ અને ફોટોગ્રાફ્સ સહિતના દસ્તાવેજોના આધારે બિલ્ડિંગને પૂર્ણ કરવા માટે એનઓસીની દરખાસ્ત સ્વીકારવામાં આવી છે.' ઉલ્લેખનીય છે કે DUACએ ૧૫ જુલાઈ, ૨૦૧૫ના રોજ બિલ્ડિંગ પ્લાન પ્રસ્તાવને મંજૂરી આપી હતી અને ૧૧ જુલાઈ, ૨૦૧૮ના રોજ તેની મીટિંગમાં સુધારેલા લેઆઉટ અને બિલ્ડિંગ પ્લાન પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.



# મેધા કિરીટ સોમૈયાએ દાખલ કરેલા બદનક્ષી કેસમાં સંજય રાઉત દોષિત જાહેર; ૧૫ દિવસની કેદ અને રૂપિયા ૨૫,૦૦૦નો દંડ ફટકારતી અદાલત

## મંગળવારની મહારાષ્ટ્રની સૌથી મોટી ઘટનામાં શિવસેના ઉદ્ધવ ઠાકરેના નેતા સામે ભાજપના નેતા કિરીટ સોમૈયાના પત્ની મેધાએ કરેલા બદનક્ષીના કેસમાં અદાલતે સંજયને દોષિત જાહેર કર્યા અને કેદ તથા દંડની સજા કરી

(એજન્સી) મુંબઈ, તા.૨૬

મહારાષ્ટ્રમાં ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પહેલા એક મોટી ઘટના બની છે અને રાજકીય રીતે ખળભળાટ મચી ગયો છે. શિવસેના ઉદ્ધવ ઠાકરેના નેતા સંજય રાઉતને અદાલતે બદનક્ષીના એક કેસમાં દોષિત ઠરાવ્યા છે અને એમને પંદર દિવસની કેદ સજા સંભળાવી છે અને રૂપિયા ૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. ભાજપના નેતા કિરીટ સોમૈયાના પત્ની મેધાએ સંજય પર આ કેસ દાખલ કર્યો હતો. જે અંગે આજે મુંબઈ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ આરતી કુલકર્ણીએ ચુકાદો આપ્યો હતો.

મેધાએ ઉદ્ધવ શિવસેનાના રાજ્ય સભાના સભ્ય સંજય રાઉત ઉપર કેસ કર્યો હતો જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કિરીટ સોમૈયા અને એમના પત્નીના એનજીઓ યુવા પ્રતિષ્ઠાન દ્વારા રૂપિયા ૧૦૦ કરોડના ટોયલેટ કૌભાંડમાં કિરીટ સોમૈયા અને મેધા કિરીટ સોમૈયાની હોવા અંગે સંજય રાઉતે આક્ષેપો કર્યા હતા. ૨૦૨૨માં એમણે આક્ષેપો કર્યા હતા જે બદલ ભાજપ નેતાના પત્નીએ કેસ કર્યો હતો. મહારાષ્ટ્રમાં ચૂંટણી સમયે જ આવો ચુકાદો આવતા અને શિવસેનાના ઉદ્ધવ જૂથના નેતાને અદાલતે જેલની સજા સંભળાવતા ભારે રાજકીય ગરમાગરમી થઈ ગઈ છે અને ખળભળાટ મચી ગયો છે.



# સુપ્રીમ કોર્ટ બિઅંત સિંહના હત્યારા રાજોઆનાની ફાંસીની સજા ઘટાડવાની અરજી પર પુનર્વિચાર કરશે

(એજન્સી) તા.૨૬

પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બિઅંત સિંહની હત્યા કેસના દોષી બલવંતસિંહ રાજોઆનાની ફાંસીની સજાને આજીવન કેદમાં ઘટાડવાનો ઈનકાર કર્યાના ૧૬ મહિનાથી વધુ સમય બાદ સુપ્રીમ કોર્ટ આ મુદ્દાની નવેસરથી તપાસ કરવા માટે સંમત થઈ છે. જસ્ટિસ બીઆર ગવઈની આગેવાની હેઠળની બેંચે કેન્દ્ર અને પંજાબ સરકારને રાજોઆનાની મૃત્યુદંડની સજામાં ફેરફાર કરવા માટેની નવી અરજીનો જવાબ આપવા જણાવ્યું છે કારણ કે કેન્દ્ર તેની ૨૫ માર્ચ, ૨૦૧૨ની દયા અરજી પર નિર્ણય લેવામાં નિષ્ફળ રહી છે. ૧૯૯૫માં બિઅંત સિંહની હત્યાના દોષિત રાજોઆના ફાંસીની રાહ જોઈને ૨૮ વર્ષથી જેલમાં છે. ૩૧ ઓગસ્ટ, ૧૯૯૫ના રોજ ચંદીગઢમાં સિવિલ સચિવાલયની બહાર થયેલા વિસ્ફોટમાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને અન્ય ૧૬ લોકો માર્યા ગયા હતા. રાજોઆનાને ૨૦૦૭માં વિશેષ અદાલતે મૃત્યુદંડની સજા ફટકારી હતી. તેની દયાની અરજી ૧૨ વર્ષથી વધુ સમયથી લટકતી રહી છે. ૩ મે, ૨૦૨૩ ના રોજ સર્વોચ્ચ અદાલતે તેની મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં બદલવાનો ઈન્કાર કર્યો હતો અને કેન્દ્રને તેની દયાની અરજી પર 'જરૂરી જણાય ત્યારે' નિર્ણય લેવા જણાવ્યું હતું. ‘‘અરજદારની દયા અરજી પરના નિર્ણયને સ્થગિત કરવા માટે ગૃહ મંત્રાલય (MHA)નું સ્ટેન્ડ પણ તેના હેઠળ આપેલા કારણોસર નિર્ણય છે. તે વાસ્તવમાં વર્તમાન માટે તેને મંજૂરી આપવાનો ઈન્કાર કરવાના નિર્ણય સમાન છે, જસ્ટિસ બીઆર ગવઈની આગેવાની હેઠળની ત્રણ જજોની બેન્ચે જણાવ્યું હતું.



# આર.જી. કર બળાત્કાર-હત્યાના પગલે મમતા પૂર મુદ્દે કેન્દ્ર પર હુમલો કરીને શું ઈચ્છી રહ્યાં છે

## મમતા બેનરજીએ ૨૪ કલાકની અંદર નરેન્દ્ર મોદીને બે પત્રો મોકલીને દક્ષિણ બંગાળના પૂર માટે દામોદર વેલી કોર્પોરેશન અને સેન્ટ્રલ વોટર કમિશનને જવાબદાર ઠેરવ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજી આર.જી. કર હોસ્પિટલમાં એક ડોક્ટરની બળાત્કાર-હત્યા પછી જાહેર પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો હતો. તેના ગેરવહીવટથી ધ્યાન હટાવવા માટે મમતાએ દામોદર વેલી કોર્પોરેશનને ડેમમાંથી પાણી છોડવા અને પૂર માટે દોષી ઠેરવે છે. ગયા અઠવાડિયે મમતાએ પ્રથમ વખત દામોદર વેલી કોર્પોરેશનમાં રાજ્યના પ્રતિનિધિઓને DVC દ્વારા માનવસર્જિત પૂર માટે ૨૦-૨૧ સપ્ટેમ્બરના રોજ મોદીને લખેલા પત્રોમાં આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે, DVCએ સેન્ટ્રલ વોટર કમિશનના એકપક્ષીય નિર્દેશો પર પાણી છોડ્યું હતું. રાજકીય વિશ્લેષક સ્નિગ્ધેન્દુ ભટ્ટાચાર્યએ કહ્યું કે, મમતા બેનરજીની આ ચાલ રાજકીય લાગે છે. પૂરનો મુદ્દો નવો નથી. DVC ડેમમાંથી પાણી છોડવાને કારણે દક્ષિણ બંગાળના જિલ્લાઓમાં પૂરની સ્થિતિ કેટલાક દાયકાઓથી ચાલી રહી છે. એવું લાગે છે કે, મમતા આ મુદ્દાનો ઉપયોગ ગ્રામીણ જનતાના ગુસ્સાને કેન્દ્ર તરફ વાળવા માટે કરી રહી છે. મમતા બેનરજી ૧૮ સપ્ટેમ્બરથી પૂરગ્રસ્ત જિલ્લાઓનો પ્રવાસ કરી રહ્યા છે. તેના માત્ર ૪૮ કલાક પહેલા વિરોધ કરી રહેલા જુનિયર ડોક્ટરોએ તેમની સરકારને ૯ ઓગસ્ટની આર.જી. કર હોસ્પિટલની ઘટના દ્વારા ઉજાગર કરવા માટે વહીવટી ફેરફારો લાગુ કરવા અંગેની તેમની માગણીઓ સ્વીકારવાની ફરજ પાડી હતી. આ બળાત્કાર-હત્યા પછી લોકો બંગાળમાં શેરીઓમાં ઉતરી આવ્યા હતા, એક મહિલા મુખ્યમંત્રીની આગેવાની હેઠળના રાજ્યમાં મહિલાઓની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી હતી, આ ઘટના રાષ્ટ્રીય ચર્ચાનો મુદ્દો બની ગયો હતો. વિપક્ષી પક્ષો - ભારતીય જનતા પાર્ટી અને (ભારતીય) માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીએ મમતા પર દબાણ ચાલુ રાખ્યું હતું, જેઓ ગૃહ અને આરોગ્ય પ્રધાન વિભાગ પણ ધરાવે છે અને વિપક્ષોએ તેમનું રાજીનામું માંગ્યું હતું.



રાજ્યમાં આગામી મોટા સંકટ તરીકે દક્ષિણ બંગાળના પૂર સાથે, તૃણમૂલ કોંગ્રેસ હવે મમતાની છબીને પુનઃ સ્થાપિત કરવા અને કેન્દ્ર તરફ લોકોના ગુસ્સાને વાળવાની આશા રાખે છે. ગયા અઠવાડિયે બાંકુરામાં મમતાએ દક્ષિણ બંગાળમાં પૂર માટે કેન્દ્રને દોષી ઠેરવ્યું હતું. આ સમીક્ષા બેઠક પછી તેણીએ કહ્યું કે, એવું કંઈ ન કરો જેથી લોકોએ તેમના જીવ ગુમાવવા પડે. રાજકીય રીતે તમે મારી સાથે ગમે તેટલું લડી શકો છો. મને કોઈ સમસ્યા નથી. પરંતુ લોકોને મારવા, તેમની આજીવિકા છીનવી લેવા અથવા ખેડૂતોની જમીન છીનવી લેવા હેતુપૂર્વક પાણી છોડશો નહીં. તે ખૂબ જ દુઃખદ છે. તેમનો પક્ષ રાહતનું વિતરણ કરતી વખતે લોકો સાથે ફરીથી જોડાણ કરવા માટે આ કટોકટીનો ઉપયોગ પણ કરી રહ્યો છે. તૃણમૂલના સૂત્રોએ જણાવ્યું હતું કે, પક્ષના અધ્યક્ષ મમતા બેનરજીએ મંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓને લોકો સાથે રહેવા અને વહીવટીતંત્રની સાથે બચાવ અને રાહત કાર્યમાં મદદ કરવા સૂચના આપી હતી. પક્ષે પૂરથી સૌથી વધુ અસરગ્રસ્ત દરેક જિલ્લામાં વરિષ્ઠ કેબિનેટ મંત્રીઓને તૈનાત કર્યા છે. મમતા બેનરજી સ્પષ્ટ કરી રહ્યા છે કે, તે લોકોની સાથે છે. ડીવીસીએ જે રીતે બંગાળને ડૂબાડી દીધું છે. આ રાજકીય સંદેશ છે કે, તેઓ લોકો માટે કામ કરે છે અને ભાજપ અને સીપીઆઈએમ તેમની સાથે રાજકીય રીતે લડી શકતા નથી, તેથી તેઓ તેમના રાજીનામાની માંગ કરવા માટે કોઈપણ તકનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ બંગાળના લોકો મમતાને કામ કરતાં જોઈ શકે છે.

૨૦ સપ્ટેમ્બરના રોજ મમતાએ મોદીને પહેલો પત્ર લખ્યો હતો, જેમાં કહ્યું હતું કે, માનવસર્જિત પૂર એ સંપૂર્ણ ઉપેક્ષાનું પરિણામ હતું અને DVC સિસ્ટમને લગતી તકનિકી, યાંત્રિક અને વ્યવસ્થાપક સમસ્યાઓને સંબોધવા માટે તેમની સતત વિનંતીઓ તરફ આંખ આડા કાન કર્યા હતા.

તેણીએ DVCના બે અધિકારીઓ, બંગાળના વીજ વિભાગના સચિવ અને સિંચાઈ અને જળમાર્ગોના મુખ્ય ઈજનેર (પશ્ચિમ)ને તેમના હોદ્દા પરથી દૂર કર્યા હતા. કેન્દ્રએ મમતા બેનરજીને તેના જવાબમાં દાવો કર્યો હતો કે, ડેમમાંથી પાણી છોડવા અંગે રાજ્યના અધિકારીઓની સલાહ લેવામાં આવી હતી અને દરેક તબક્કે માહિતગાર રાખવામાં આવ્યા હતા. કેન્દ્રીય જલ શક્તિમંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ખૂબ જ ભારે વરસાદને કારણે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ની વહેલી સવાર સુધીમાં સમિતિ માટે તે આવશ્યક બની ગયું હતું. આ ઘટના દરમિયાન પણ બે જળાશયોમાં મહત્તમ પ્રવાહ ૪.૨૩ લાખ ક્યુસેક હોવાનો અંદાજ છે, તેમ છતાં તેમાંથી લગભગ ૨.૫ લાખ ક્યુસેક સુધી નિયંત્રિત કરવામાં આવ્યું હતું. મમતા બેનરજીએ બીજા દિવસે ૨૧ સપ્ટેમ્બરે મોદીને બીજો પત્ર લખીને તેમના હસ્તક્ષેપની માંગ કરી હતી અને દાવો કર્યો હતો કે, તમામ નિર્ણાયક નિર્ણયો કેન્દ્રીય જળ આયોગ, જલ શક્તિ મંત્રાલય, ભારત સરકારના પ્રતિનિધિઓ દ્વારા એકપક્ષીય રીતે લેવામાં આવે છે. રાજ્ય વહીવટીતંત્ર હાલમાં ડેટા એકત્રિત કરવા અને ચાલુ પૂરને કારણે થયેલા કુલ નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ક્ષેત્રની મુલાકાતો લઈ રહ્યું છે.

પશ્ચિમ બંગાળના કૃષિ પ્રધાન સોભનદેબ ચટ્ટોપાધ્યાયે જણાવ્યું હતું કે, અધિકારીઓ ચોવીસ કલાક કામ કરી રહ્યા છે અને સર્વેક્ષણ કરી રહ્યા છે. સચિવાલયમાં અહેવાલોની રાહ જોવાઈ રહી છે, ત્યારબાદ સત્તાવાર આંકડાઓ જાણવા મળશે. આ પૂર એ એવા સમયે રાજ્ય વહીવટીતંત્ર માટે એક અલગ પડકાર ઊભો કરે છે જ્યારે તે આર.જી. કર હોસ્પિટલ બળાત્કાર-હત્યાના પગલે તેમના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સચિવાલયમાં વિરોધ કરી રહેલા જુનિયર ડોક્ટરો સાથે વાટાઘાટો કરી રહ્યા છે.

# બિલ્કીસ બાનો કેસના ચુકાદામાં સુપ્રીમ કોર્ટના તારણોને અને ટિપ્પણીને પડકારતી ગુજરાત સરકારની રિવ્યુ અરજી ફગાવી દેતી સુપ્રીમ કોર્ટ

**સુપ્રીમની ટકોર ગુજરાત સરકારે અપરાધી નંબર ત્રણની સાથે મળીને અને તેની સાથે મિલીભગત કરીને તેના અનુસંધાન સાથે કામ કર્યું છે. રાજ્ય સરકારે કહ્યું કે, સુપ્રીમ કોર્ટે જે આ અત્યંત આકરૂં નિરીક્ષણ કર્યું છે કે, ગુજરાત સરકારે પ્રતિવાદી નંબર ત્રણની સાથે રહીને અને મિલીભગત કરીને કામ કર્યું છે એ ઉચ્ચારણો ગેરવાજબી તો છે જ પણ બિનજરૂરી છે અને કેસના રેકોર્ડની વિરુદ્ધ છે અને એટલું જ નહીં અરજદાર રાજ્ય ગુજરાત સાથે પણ ગંભીર રીતે પક્ષપાત કરે છે, રાજ્ય સરકારની અરજ**

(એજન્સી) તા.૨૬

સર્વોચ્ચ અદાલતે બિલ્કીસ બાનો કેસમાં ૧૧ દોષિતોની અકાળે મુક્તિને રદ કરતાં સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં તેની સામેની ટિપ્પણી સામે ગુજરાત રાજ્ય દ્વારા દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીને ફગાવી દીધી છે. જસ્ટિસ બી.વી. નાગરથના અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની બેંચે કહ્યું કે, રિવ્યુ પિટિશનમાં રેકોર્ડ અથવા મેરિટમાં કોઈ સ્પષ્ટ ભૂલ નથી. આ રિવ્યુ પિટિશન, પડકાર હેઠળનો ઓર્ડર અને તેની સાથે જોડાયેલા પેપર્સનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા પછી અમે સંતુષ્ટ છીએ કે રેકોર્ડ પર કોઈ ક્ષતિ દેખાતી નથી અથવા આ રિવ્યુ પિટિશન્સમાં કોઈ યોગ્યતા નથી. બિલ્કીસ બાનો કેસમાં ૧૧ દોષિતોની માફીને રદ કરતી વખતે સુપ્રીમ કોર્ટે જાન્યુઆરીમાં ગુજરાત સરકારની ઝાટકણી કાઢી હતી અને જણાવ્યું હતું કે, તેણે દોષિત લોકોની તરફેણ કરી હતી. દોષિતની રિટ પિટિશનમાં




કોર્ટે મે ૨૦૨૨માં ગુજરાત રાજ્યને માફીની અરજી પર વિચાર કરવા માટે યોગ્ય સરકાર તરીકે ગણાવી હતી, જેના પરિણામે તમામ ૧૧ કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં ૨૦૦૨ના કોમી રમખાણો દરમિયાન બહુવિધ હત્યાઓ અને સામૂહિક બળાત્કારના ગુનામાં આજીવન કેદની સજા પામેલા આ દોષિતોને ઓગસ્ટ ૨૦૨૨માં ગુજરાત સરકારે સ્વતંત્રતા દિવસે મુક્ત કર્યા હતા. ત્યારબાદ સર્વોચ્ચ અદાલતે બિલ્કીસ બાનોની તરફેણમાં ચુકાદો આપ્યો અને માફીને પડકારતી તેમની રિટ અરજીને મંજૂરી આપી. કોર્ટે જણાવ્યું હતું કે, CrPCની કલમ ૪૩૨ના અર્થમાં તેમની માફીની અરજીઓનો નિર્ણય કરવા માટે ગુજરાત રાજ્ય એ 'યોગ્ય સરકાર' નથી, કારણ કે, આ ટ્રાયલ મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. રાજ્યએ તેની સમીક્ષા અરજીમાં દાવો કર્યો હતો કે, તેણે મે ૨૦૨૨થી સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર કાર્ય કર્યું હતું. રાજ્યએ દલીલ કરી હતી કે, તેના પર મહારાષ્ટ્ર રાજ્યના 'અધિકારક્ષેત્ર'નો આરોપ લગાવી શકાય નહીં, કારણ કે, તે કોર્ટના આદેશ મુજબ કર્યું હતું. ગુજરાતે દાવો કર્યો હતો કે, અદાલતની એવી ગંભીર ટિપ્પણીઓ, જે સૂચવે છે કે, રાજ્યએ દોષિતો માટે 'સાથે મળીને' કામ કર્યું હતું - તે ટિપ્પણીઓ ગેરવાજબી અને પૂર્વગ્રહપૂર્ણ હતી.

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'ભાજપે હરિયાણાને ખતમ કરી દીધું છે; તેઓએ જાતિની વસ્તી ગણતરી અને રોજગાર સર્જનનું વચન આપ્યું'

(એજન્સી) કરનાલ, તા.૨૬

હરિયાણામાં ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરૂવારે ભાજપ સરકાર પર રોજગાર પેદા કરવામાં નિષ્ફળ રહીને રાજ્યને ખતમ કરવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું કે, યુવાનોને સ્થળાંતર કરવા માટે મજબૂર છે અને તેમણે ખેડૂતોની ફરિયાદોનું નિવારણ અને જાતિની વસ્તી ગણતરી હાથ ધરવાનું વચન આપ્યું હતું. કર્નાલના અસંધમાં એક રેલીને સંબોધતા તેમની તાજેતરની અમેરિકાની મુલાકાતનો અનુભવ વર્ણવતા તેમણે કહ્યું કે, જ્યારે હું યુ.એસ.માં ડલ્લાસ ગયો, ત્યારે મેં ૧૫-૨૦ લોકોને એક રૂમમાં સૂતા જોયા હતા. એક યુવકે મને કહ્યું કે, યુએસ આવવા માટે રૂા.૩૦-૫૦ લાખ મેળવવા તેમાંથી ઘણાએ લોન લીધી છે અથવા તેમની જમીન વેચી દીધી છે. જ્યારે મેં તેમને કહ્યું કે, તેઓ હરિયાણામાં વ્યવસાય શરૂ કરવા માટે આ સમાન રકમનો



ઉપયોગ કરી શકે છે, ત્યારે તેઓએ કહ્યું કે, રાજ્યમાં આવું કરવું શક્ય નથી. હરિયાણામાં તેમની પાર્ટી એકજૂથ થઈને ચૂંટણી લડશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા ગાંધીએ કહ્યુ કે, અમારી સરકાર દરેક લોકો માટે હશે. લોકસભામાં વિપક્ષના નેતાએ જણાવ્યું હતું કે, જાતિની વસ્તી ગણતરીનો હેતુ દેશની લગભગ ૯૦ ટકા વસ્તીને તેમનો અધિકાર આપવાનો છે. જો આટલી વસ્તીને તેનો હક મળતો નથી તો બંધારણને સુરક્ષિત કરી શકાતું નથી. આ વસ્તી ગણતરી સાથે કોંગ્રેસ મુખ્ય નીતિ માળખું બનાવશે. આ રેલી પહેલાં ભાજપે અસંધમાં પ્રચારમાં કોંગ્રેસના નેતા પર હુમલો કર્યો હતો. જ્યાંથી શમશેરસિંહ ગોગી મેદાનમાં છે, ભાજપે આરોપ લગાવ્યો કે, ગોગીએ ખુલ્લેઆમ જાહેરાત કરી છે કે, જો કોંગ્રેસ હરિયાણામાં સરકાર બનાવશે તો તે અને તેના નજીકના લોકો પોતાની તિજોરી ભરશે. રાહુલ ગાંધી હરિયાણામાં કોંગ્રેસના ઉમેદવાર માટે તેમની રેલી કરી રહ્યા છે, જેમણે માત્ર બે દિવસ પહેલા જ ખુલ્લેઆમ જાહેરાત કરી હતી કે, તેઓ હરિયાણાને લૂંટશે. રાહુલ ગાંધી એવા ઉમેદવારના પ્રચાર માટે આવી રહ્યા છે જેમણે જાહેર કર્યું છે કે, જો કોંગ્રેસની સરકાર સત્તામાં આવશે તો તેઓ હરિયાણાને લૂંટશે. પહેલા પોતાની તિજોરી અને પછી પોતાના લોકોની તિજોરી ભરશે. હરિયાણામાં પાંચ ઓક્ટોબરે મતદાન થશે અને ૮ ઓક્ટોબરે મત ગણતરી થશે.

# વડાપ્રધાન મોદીએ સ્વદેશી રીતે વિકસિત ૩ પરમ (PARAM) રૂદ્ર સુપર કોમ્પ્યુટર લોન્ચ કર્યા

## રૂા.૧૩૦ કરોડના ખર્ચે બનેલ PARAM રૂદ્ર સુપર કોમ્પ્યુટર્સ અગ્રણી વૈજ્ઞાનિક સંશોધનની સુવિધા માટે પુણે, દિલ્હી અને કોલકાતામાં રાખવામાં આવ્યા છે

(એજન્સી) તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે વર્ચ્યુઅલ રીતે ત્રણ પરમ રૂદ્ર સુપર કોમ્પ્યુટર લોન્ચ કર્યા છે, જે નેશનલ સુપરકોમ્પ્યુટિંગ મિશન (NSM) હેઠળ વૈજ્ઞાનિક અને તકનિકી પ્રગતિ માટે ભારતનું એક મહત્ત્વપૂર્ણ પગલું છે. રૂા.૧૩૦ કરોડના ખર્ચે બનેલ PARAM રૂદ્ર સુપર કોમ્પ્યુટર્સ, અગ્રણી વૈજ્ઞાનિક સંશોધનની સુવિધા માટે પુણે, દિલ્હી અને કોલકાતામાં રાખવામાં આવ્યા છે.

મોદીએ કહ્યું કે, એવું કોઈ ક્ષેત્ર નથી જે ટેક્નોલોજી અને કમ્પ્યુટિંગ ક્ષમતા પર નિર્ભર ન હોય. આ ક્રાંતિમાં આપણો હિસ્સો બિટ્સ અને બાઈટ્સમાં નહીં પરંતુ ટેરાબાઈટ અને પેટાબાઈટ્સમાં હોવો જોઈએ. તેથી આ સિદ્ધિ સાબિત કરે છે કે, અમે યોગ્ય ગતિએ સાચી દિશામાં આગળ વધી રહ્યા છીએ. PARAM રૂદ્ર સુપર કોમ્પ્યુટર્સ, ઉચ્ચ પ્રદર્શન કમ્પ્યુટિંગ (HPC)માં આત્મનિર્ભરતા હાંસલ કરવાના ભારતના ધ્યેયનો એક ભાગ છે, જે વિવિધ ક્ષેત્રોમાં અદ્યતન વૈજ્ઞાનિક સંશોધનને સમર્થન આપશે. પુણેમાં જાયન્ટ મીટર રેડિયો ટેલિસ્કોપ (GMRT) નવી સિસ્ટમનો ઉપયોગ ફાસ્ટ રેડિયો બર્સ્ટ્સ (FRBs) જેવી ખગોળીય ઘટનાઓનું અન્વેષણ કરવા માટે કરશે.

દિલ્હીમાં ઈન્ટર-યુનિવર્સિટી એક્સિલરેટર સેન્ટર (IUAC) ભૌતિક વિજ્ઞાન અને અણુ ભૌતિકશાસ્ત્રમાં સંશોધનને વધારશે, જ્યારે કોલકાતામાં એસ.એન. બોસ સેન્ટર ભૌતિકશાસ્ત્ર, બ્રહ્માંડ વિજ્ઞાન અને પૃથ્વી વિજ્ઞાન સહિતના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. મોદીએ કહ્યું કે, પરમ રૂદ્ર સુપર કોમ્પ્યુટર્સ અને HPC સિસ્ટમ સાથે ભારત કમ્પ્યુટિંગમાં આત્મનિર્ભરતા તરફ મહત્વપૂર્ણ પગલું આગળ વધી રહ્યું છે અને વિજ્ઞાન અને તકનિકમાં નવીનતા લાવશે. નેશનલ સુપરકોમ્પ્યુટિંગ મિશન, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (DST) વચ્ચેના સહયોગનો હેતુ સમગ્ર ભારતમાં અદ્યતન કોમ્પ્યુટિંગ સિસ્ટમ્સનું નેટવર્ક બનાવવાનો છે. મોદીએ જણાવ્યું હતું કે, આ સુપર કોમ્પ્યુટર્સ માત્ર ટેક્નોલોજીકલ પ્રગતિનું પ્રતિનિધિત્વ કરતા નથી પરંતુ સમાજના છેલ્લા વ્યક્તિની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વડાપ્રધાને શરૂઆતમાં લોન્ચિંગ માટે પુણે જવાની યોજના બનાવી હતી પરંતુ શહેરમાં ભારે વરસાદને કારણે તેમની સફર રદ કરવી પડી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મોદી મેટ્રો ટ્રેન લાઈનને લીલીઝંડી આપવાના હતા અને રૂા.૨૨,૬૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવાના હતા.

# વડાપ્રધાન મોદીએ રોજગાર વ્યવસ્થાને 'આયોજનબદ્ધ રીતે' ખતમ કરી નાંખી છે : હરિયાણાની રેલીમાં રાહુલ ગાંધીનો આરોપ

## અસંધમાં એક ચૂંટણી રેલીમાં રાહુલ ગાંધીએ જાતિની વસ્તી ગણતરીનો મુદ્દો ઊઠાવ્યો હતો અને ભાજપ પર લોકોને વિભાજિત કરવાનો આરોપ પણ લગાવ્યો હતો

(એજન્સી) ચંદીગઢ, તા.૨૬

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરૂવારે બેરોજગારીના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા અને તેમના પર દેશની રોજગાર પ્રણાલીને 'આયોજનબદ્ધ રીતે' ખતમ કરવાનો આરોપ લગાવ્યો હતો. અસંધમાં એક ચૂંટણી રેલીમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, પાંચ ઓક્ટોબરની હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ક્લિન સ્વીપ કરશે. તેમણે જાતિની વસ્તી ગણતરીનો મુદ્દો ઊઠાવ્યો અને ભાજપ પર લોકોને વિભાજિત કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. આ રેલીમાં કોંગ્રેસ સાંસદ કુમારી સેલજા, હરિયાણાના પૂર્વ મુખ્યપ્રધાન ભૂપિન્દરસિંહ હુડ્ડા, પાર્ટીના રાજ્ય એકમના વડા ઉદયભાન અને અન્ય નેતાઓ હાજર હતા. ભાજપ સરકાર પર પ્રહાર કરતા ગાંધીએ કહ્યું કે, તેણે હરિયાણાનો 'નાશ' કર્યો છે. કોંગ્રેસના પૂર્વ વડાએ તેમની યુ.એસ.ની તાજેતરની મુલાકાતનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, તેઓ હરિયાણાના કેટલાક યુવાનોને મળ્યા હતા જેઓ તેમના રાજ્યમાં રોજગારની તકો મેળવી શકતા ન હોવાથી સારા ભવિષ્યની શોધમાં ત્યાં ગયા હતા. ગાંધીએ કહ્યું કે, તેમને જાણવા મળ્યું કે, હરિયાણાના ૧૫થી ૨૦ યુવકો ડલાસ, ટેક્સાસમાં એક રૂમમાં રોકાયા હતા. કોંગ્રેસના નેતાએ કહ્યું કે, તેમને પૂછ્યું કે, તેઓ અમેરિકા કેવી રીતે પહોંચ્યા અને તેઓએ કઝાકિસ્તાન અને તુર્કી જેવા દેશો તેમજ દક્ષિણ અમેરિકન દેશો અને પનામાના જંગલોમાંથી યુએસ પહોંચવા માટે તેમની અગ્નિપરીક્ષા વિશે જણાવ્યુ હતું. રેલીને ગાંધીએ કહ્યું કે, તેમને એક યુવક દ્વારા કહેવામાં આવ્યું હતું કે, યુ.એસ. પહોંચવા માટે ઓછામાં ઓછા રૂા.૩૫ લાખની જરૂર હતી જે તેઓએ કાં તો અતિશય વ્યાજ દરે ઉછીના લીધેલ અથવા તેમની ખેતીની જમીન વેચીને મેળવ્યા હતા. કોંગ્રેસના નેતાએ રેલીમાં જણાવ્યું હતું કે, શું તેઓ યુ.એસ.ની મુસાફરી પર પૈસા ખર્ચવાને બદલે હરિયાણામાં કોઈ વ્યવસાય શરૂ કરી શક્યા હોત, તો તેઓએ જવાબ આપ્યો કે અહીં કોઈ વ્યવસાય શરૂ કરવો શક્ય નથી. હરિયાણામાં રૂા.૫૦ લાખથી ધંધો શરૂ કરી શકાતો નથી, જો તેઓએ હરિયાણામાં ધંધો શરૂ કરવા માટે આ રકમ ખર્ચી નાખી હોત, તો તે નિષ્ફળ ગયો હોત. તેમણે આરોપ લગાવ્યો કે, દેશના લગભગ ૧૦-૧૫ લોકો ભારતમાં ચાઈનીઝ પ્રોડક્ટ્સ વેચવા માંગે છે. ચીની કંપનીઓની યાદી જુઓ કે ભારતમાં તેમના ભાગીદાર કોણ છે. ચીનના યુવાનોને લાભ મળી રહ્યો છે, ચીનની સરકાર અને અહીંના અબજોપતિઓને લાભ મળી રહ્યો છે. ગાંધીએ રેલીમાં કહ્યું કે, જો કોઈ યુવક ગરીબ હોય તો તેને બેંક લોન ન મળી શકે કે ન તો તે બિઝનેસ શરૂ કરી શકે, ન નોકરી મેળવી શકે કે ન આર્મીમાં જોડાઈ શકે. એક પછી એક તમારા માટે દરેક દરવાજા બંધ થઈ ગયા છે. આવું શા માટે ? કારણ કે, હરિયાણા સરકારે રાજ્યને બરબાદ કરી દીધું છે. તેમણે બેરોજગારીના મુદ્દે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. નરેન્દ્ર મોદીજી અને હરિયાણા સરકારે દેશની રોજગાર પ્રણાલીને ખતમ કરી દીધી છે. ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપ સરકારે ખેડૂતો પાસેથી કૃષિ કાયદાઓ દ્વારા છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો. મહિનાઓના વિરોધ પછી મોદી સરકારે નવેમ્બર ૨૦૨૧માં જાહેરાત કરી કે, તે ત્રણ કૃષિ કાયદાઓ રદ કરશે અને તે તે વર્ષે સંસદના શિયાળુ સત્રમાં કરવામાં આવ્યું હતું. ગાંધીએ રેલીમાં કહ્યું કે, તેમને જમ્મુ અને કાશ્મીરમાંથી ફરિયાદો મળી છે કે, સફરજનના વેપારને ફટકો પડ્યો છે. હિમાચલમાં સફરજનનો વ્યવસાય અદાણીને જાય છે. આ સમગ્ર આયોજન ૧૦-૧૫ લોકો માટે કરવામાં આવ્યું છે. ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે, ખેડૂતોનું દેવું માફ કરવામાં આવશે નહીં અને તેમને પાક એમએસપી મળશે નહીં પરંતુ ૨૫ અબજપતિઓનું ૧૬ લાખ કરોડ રૂપિયાનું દેવું માફ કરવામાં આવશે. ગયા વર્ષે મહિલા કુસ્તીબાજો દ્વારા કરવામાં આવેલા જાતીય સતામણીના આરોપોનો ઉલ્લેખ કરતા ગાંધીએ દાવો કર્યો હતો કે, આરોપીઓને રક્ષણ આપવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના ચૂંટણી વચનો વિશે વાત કરતા તેમણે કહ્યું કે, મહિલાઓને દર મહિને ૨૦૦૦ રૂપિયા આપવામાં આવશે અને રસોઈ ગેસ સિલિન્ડર ૫૦૦ રૂપિયામાં આપવામાં આવશે. સરકારી વિભાગોમાં બે લાખ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે, ખેડૂતોને પાકની ખાતરીપૂર્વકની એમએસપી આપવામાં આવશે અને ગરીબો માટે ઘરો બાંધવામાં આવશે. તેમણે કહ્યું કે, આ લડાઈ હરિયાણા માટે નથી. તે દેશની લડાઈ છે. તે બંધારણને બચાવવાની લડાઈ છે. ભાજપ પર બંધારણ પર હુમલો કરવાનો આરોપ લગાવતા ગાંધીએ કહ્યું કે, તમામ સરકારી સંસ્થાઓ આરએસએસના લોકોને સોંપી દેવામાં આવી છે અને સંપૂર્ણ નિયંત્રણ નાગપુરનું છે. તેઓ દેશ ચલાવી રહ્યા છે. ચૂંટણી પંચ, અમલદારશાહી, મીડિયા અને ગુપ્તચર સેવાઓમાં તેમના પોતાના લોકો છે. જાતિની વસ્તી ગણતરી વિશે ગાંધીએ કહ્યું હતું કે, અમે જાણવા માંગીએ છીએ કે, દેશમાં કેટલા દલિત, આદિવાસીઓ અને પછાત છે અને કેટલા ગરીબ સામાન્ય વર્ગના છે. તેમણે દાવો કર્યો હતો કે, દેશની ૨૫૦ મોટી બિઝનેસ કંપનીઓના મેનેજમેન્ટમાં એક પણ દલિત કે ઓબીસી વ્યક્તિ નથી. નેવું સચિવો સરકાર ચલાવે છે જેમાંથી માત્ર ત્રણ જ દલિત છે જ્યારે સમુદાય દેશની વસ્તીના ૧૫ ટકા છે. આ સત્ય છે. તેથી જ અમે કહ્યું હતું કે, જાતિની વસ્તી ગણતરી રાષ્ટ્રીય સ્તરે હાથ ધરવામાં આવશે. નરેન્દ્ર મોદી કરે કે ન કરે, હું તેને ગૃહમાં પસાર કરાવીશ.

# ઈન્દોરમાં અંગ પ્રદર્શન કરતા ટૂંકા વસ્ત્રો પહેરનાર મહિલાની ઝાટકણી કાઢતા ભાજપના નેતા, આ સહન નહીં થાય

## મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી કૈલાશ વિજય વર્ગીયના વિધાનોને સખત રીતે વખોડી કાઢતા વિરોધ પક્ષો અને કોંગ્રેસે સવાલ કર્યો કે, મહિલાઓએ શું પહેરવું જોઈએ તેનો આદેશ આપવાવાળા તમે કોણ ?

(એજન્સી) ભોપાલ, તા. ૨૬

ઈન્દોરમાં ટૂંકા વસ્ત્રો પહેરીને નીકળેલી મહિલાના વિડીયો વાયરલ થયા ન બીજા દિવસે મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી અને ભાજપના સિનિયર નેતા કૈલાશ વિજય વર્ગીયએ આવા વસ્ત્રોની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેનાથી શહેરની પ્રતિષ્ઠાને નુકસાન થાય છે અને આવું વર્તન સહન કરવામાં નહીં આવે. ભાજપ નેતાના વિધાનો સામે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોએ આખરી પ્રતિક્રિયા આપી છે અને કોંગ્રેસે તો સવાલ કર્યો છે કે મહિલાએ શું પહેરવું જોઈએ એવું કહેનારા તમે કોણ ? એક યુવતીએ ખૂબ જ ટૂંકા અને ચુસ્તવસ્ત્રોમાં પોતાનો વિડીયો બહાર પાડ્યો હતો અને ઈન્દોરની ખૂબ જ લોકપ્રિય સ્ટ્રીટ ફૂડ માર્કેટમાં પસાર થતી વખતે તેનો વીડીયો તેને બહાર પાડ્યો હતો આ વીડીયો જાણીતી મેઘદૂત ચાટ ચોપાટી અને ૫૬ દુકાન ચાર ચોપાટી ખાતે ઉતારવામાં આવ્યો હતો અને લોકોની પ્રતિક્રિયા શું છે એવા શીર્ષક સાથે વીડીયો વાયરલ કરવામાં આવ્યો હતો જેની સામે કેટલાકે આખરી ટીકા પણ કરી હતી અને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિભાવ આવ્યા હતા. બુધવારે આ મહિલાએ પોતે દુબઈની રહેવાસી હોવાની ઓળખ આપી હતી અને પોતાના આવા વિડીયો બદલ માફી પણ માંગી લીધી હતી હિન્દીમાં આપેલા એક ભાવના સબંધ નિવેદનમાં આ મહિલાએ ઊંડો અફસોસ વ્યક્ત કર્યો હતો અને ગંભીર પડઘા પડ્યા હોવાથી આપઘાતમાં વિચારો આવ્યા હોવાનું પણ કહ્યું હતું. ભાજપના નેતા અને મંત્રી વિજય વર્ગીયએ જણાવ્યું હતું કે મને કેટલીક યુવતીઓએ આવીને કહ્યું હતું કે એક મહિલા આવી રીતે ફરી રહી છે અને વીડીયો ઉતારે છે આ તો શહેરની પ્રતિષ્ઠાને ખરડવા જેવું છે. આતો માતા માહીલ્યાનું શહેર છે એટલે આવું વર્તન ચલાવી લેવાય નહીં ગમે તે પહેરીને લોકો નીકળી પડે એ ન ચાલે ઈન્દોરમાં આવું સહન નહીં કરાય સાવ ટૂંકા વસ્ત્રોમાં બજારમાં કઈ રીતે ચાલી શકો મહિલાઓ ખૂબ એમની પ્રતિષ્ઠા સાથે સમાધાન કરી રહી હોય એવું લાગે છે પણ અમે ઈન્દોરને બગડવા દેશું નહીં. તેમના વિધાનોની વિરોધ પક્ષોએ આખરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે ભાજપના મંત્રી મહિલાઓની પસંદગી ઉપર પણ વર્ચસ્વ જમાવવા માંગે છે અને હુકમ ચલાવવા માંગે છે. મધ્યપ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ વિભા પટેલે કહ્યું હતું કે ભાજપના નેતાઓને સત્તાનો નશો ચડી ગયો છે એટલે શું બોલે છે તેનું પણ તેમને ભાન હોતું નથી. કઈ મહિલા શું પહેરે તેવો કઈ રીતે નક્કી કરી શકે?. સમય બદલાઈ રહ્યો છે અને માનસિકતા પણ બદલવી જરૂરી છે નેતાઓ મહિલાઓને શું પહેરવું અને શું ન પહેરવું તેના આદેશો અને ફટવા બહાર પાડી ન શકે.

# ગુજરાતની સરકારી શાળાના શિક્ષકો પર ભાજપમાં સભ્યો ભરતી કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે : કોંગ્રેસનો આક્ષેપ

## પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની પત્રકાર પરિષદ

નવી દિલ્હી, તા.૨૬

ગુજરાત ભાજપના સદસ્યતા અભિયાનમાં બે કરોડ પ્રાથમિક સભ્યોની નોંધણી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે અને કોંગ્રેસના નેતા અને ગુજરાત કોંગ્રેસના વડા શક્તિસિંહ ગોહિલે આક્ષેપ કર્યો છે કે, સરકારી શાળાના શિક્ષકોને પક્ષ માટે સભ્યોની ભરતી કરવા માટે દબાણ કરવામાં આવે છે. દિલ્હીમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC) હેડક્વાર્ટર ખાતે એક પ્રેસ કોન્ફરન્સમાં ગોહિલે દાવો કર્યો હતો કે, આ પહેલના ભાગરૂપે બાળકોને તેમના મોબાઈલ નંબર અને વન-ટાઈમ પાસવર્ડ (OTP) આપવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. આ મહિનાની શરૂઆતમાં આ અભિયાનની શરૂઆત થઈ ત્યારથી આ ડ્રાઈવને સમગ્ર રાજ્યમાં તેની શંકાસ્પદ પ્રથાઓ અંગે ટીકાનો સામનો કરવો પડ્યો છે. આ આરોપોમાં સુરેન્દ્રનગરમાં શાળાના બાળકો અને તેમના માતા-પિતાની અનધિકૃત નોંધણી, નર્મદામાં ગ્રામીણ રોજગાર ગેરંટી કામદારો અને વિસનગરના જાહેર આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓનો પણ નોંધણીમાં સમાવેશ થાય છે. બુધવારે એક નોંધનીય ઘટનામાં



પ્રકાશબેન દરબાર અને તેમના પતિ, વિસનગરના સાર્વજનિક આરોગ્ય કેન્દ્રમાં નિયમિત ઈન્જેક્શન લેવા માટે ગયા હતા, તેઓ મુશ્કેલીમાં મૂકાયા હતા કારણ કે, સ્ટાફ મેમ્બરને તેનો મોબાઈલ નંબર આપ્યા બાદ પ્રકાશબેનને તેમના ફોન પર મોકલવામાં આવેલ OTP શેર કરવાની સૂચના આપવામાં આવી હતી. આને પગલે તેણીને ભાજપની પ્રાથમિક સભ્ય તરીકેની નોંધણીની પુષ્ટિ કરતો અભિનંદન સંદેશ મળ્યો હતો અને નોંધણી પ્રક્રિયાના નીતિશાસ્ત્ર અને પારદર્શિતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા હતા. વધુમાં ભાવનગરથી એવા અહેવાલો આવ્યા છે જે દર્શાવે છે કે, પક્ષના સ્થાનિક નેતાઓ ૧૦૦ નવા સભ્યોની ભરતી કરી શકે તેવા વ્યક્તિઓને રૂા.૫૦૦ ઓફર કરી રહ્યા છે, જે સદસ્યતા ઝુંબેશની અખંડિતતા અંગે ચિંતા ઊભી કરે છે. ગુજરાતમાં ૨૦૦૧-૧૪ સુધી સરકારનું નેતૃત્વ કરનાર મોદી પર પ્રહાર કરતા ગોહિલે કહ્યું હતું કે, ગુજરાતમાં ગુનેગારો અને બદમાશો ભાજપના સભ્ય બની જાય છે. સભ્ય બન્યા પછી જાણે તેમને અપરાધ કરવાનું લાયસન્સ મળી જાય છે. ગુજરાતના અખબાર દર્શાવે છે કે, જેઓ મહિલાઓ વિરુદ્ધ ગુના કરે છે તેઓનું બીજેપી કનેક્શન હોય છે અને તેનાથી સ્પષ્ટ છે કે, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા પડી ભાંગી છે, પરંતુ નરેન્દ્ર મોદી ચૂપ છે. ગુજરાતના નિરીક્ષકોના મતે ભાજપ તેના સભ્યપદને મજબૂત કરવાના પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે આ વિવાદો પક્ષની પ્રતિષ્ઠા અને ચૂંટણી વ્યૂહરચના પર નોંધપાત્ર અસર કરી શકે છે. શાસક પક્ષે હજુ સુધી આ આરોપોનો જવાબ આપ્યો નથી પણ આવી ઘટનાઓ અનૈતિક પ્રથાઓના ઉપયોગ કરવાનો નિર્દેશ કરે છે.

# ૨૧ બાળકોના યૌન શોષણ બદલ અરૂણાચલની એક શાળાના પૂર્વ હોસ્ટેલ વોર્ડનને ફાંસીની સજા

## હિન્દીના શિક્ષક અને પૂર્વ મુખ્ય શિક્ષકને આ ગુનામાં સંડોવણી બદલ ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી, SITએ ૨૦૧૯થી ૨૦૨૨ વચ્ચે થયેલા આ અત્યાચારોની તપાસ કરી હતી

(એજન્સી) ગુવાહાટી, તા.૨૬

અરૂણાચલપ્રદેશમાં પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (POCSO) કોર્ટે શિ-યોમી જિલ્લામાં ૧૫ છોકરીઓ સહિત ૨૧ બાળકો પર જાતીય દુરાચાર કરવા બદલ સરકારી નિવાસી શાળાના પૂર્વ વોર્ડનને મૃત્યુદંડની સજા ફટકારી છે. મંગળવારે વિશેષ અદાલતે મુખ્ય આરોપી યુમકેનબગરાને ફાંસીની સજા સંભળાવી હતી, જે આ સરકારી નિવાસી શાળાના પૂર્વ વોર્ડન છે, તેને કલમ ૩૨૮ (ગુના કરવાના ઈરાદાથી ઈજા પહોંચાડવા) અને ભારતીય દંડ સંહિતા (IPC)ની ૫૦૬ (ગુનાહિત ધમકી) તેમજ POCSO એક્ટની કલમ ૬, ૧૦ અને ૧૨ હેઠળ દોષી ઠેરવવામાં આવ્યો હતો. ૨૦૧૯ અને ૨૦૨૨ની વચ્ચે બનેલી જાતીય શોષણની ઘટનાઓના સંદર્ભમાં કોર્ટે શાળાના પૂર્વ હિન્દી શિક્ષક મારબોમ નગોમદીર અને પૂર્વ શાળાના મુખ્ય શિક્ષક સિંગતુંગ યોર્પેનને પણ દોષિત ઠેરવ્યા હતા. બાગરા અને અન્ય લોકો દ્વારા ૧૫ છોકરીઓ અને ૬ છોકરાઓ, જેમની ઉંમર ૬થી ૧૨ વર્ષની હતી તેમના પર જાતીય હુમલો અને છેડતી માટે સજા કરી હતી. બગરા ૨૦૧૯ અને ૨૦૨૨ની વચ્ચે શાળાના વોર્ડન હતા. મારબોમ નગોમદીર અને સિંગતુંગ યોર્પેન બંનેને આ ગુનામાં તેમની સંડોવણી બદલ ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. તપાસની શરૂઆતમાં શી-યોમી અને પશ્ચિમ સિયાંગ જિલ્લાઓની પોલીસ ટીમો દ્વારા કરવામાં આવી હતી અને બાદમાં અરૂણાચલપ્રદેશ સરકાર દ્વારા રચવામાં આવેલી વિશેષ તપાસ ટીમ (SIT) દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. નવેમ્બર ૨૦૨૨માં બે બાળકોના માતા-પિતા દ્વારા ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (FIR) દાખલ કરવામાં આવ્યા બાદ જ આ કિસ્સાઓ સામે આવ્યા હતા. એસઆઈટીની તપાસમાં જાણવા મળ્યું કે, બળાત્કારના ૬ કેસ, છેડતીના નવ કેસ અને જાતીય સતામણીના ૬ કેસ છે. અરૂણાચલપ્રદેશ મહિલા કલ્યાણ સોસાયટી (APWWS) સહિત નાગરિક સમાજ સંગઠનોએ આરોપીઓને અનુકરણીય સજાની માગણી કરી હતી.

### ૬ વર્ષીય બાળકીના મોત મામલે ફાંસીની સજાની માંગ સાથે કોંગ્રેસનો હલ્લાબોલ

# બંગાળના દુષ્કર્મ મામલે ટ્વિટ કરનારા PM અને CM દાહોદની દીકરીના પ્રકરણમાં કેમ મૌન ?

### અમદાવાદમાં સૂત્રોચ્ચાર સાથે યોજાઈ વિશાળ રેલી : શક્તિસિંહના ભાજપ પર પ્રહારો





(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૬

દાહોદની ઘટનામાં આચાર્ય આરોપીને ફાંસીની સજા થાય તે માટે અમદાવાદમાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહની આગેવાનીમાં કોંગ્રેસના ૫૦૦થી વધુ કાર્યકરોએ રેલી યોજી હતી. શક્તિસિંહે ભાજપ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે પશ્ચિમ બંગાળ દુષ્કર્મ કેસમાં વિવિધ ભાષામાં ટ્વિટ કરનારા PM-CMએ ગુજરાતમાં દાહોદની ઘટનામાં એક પણ ટ્વિટ નથી કર્યું. આરોપી RSSની વિચારધારાનો છે એટલે સરકાર મૌન છે.

અમદાવાદના પાલડી કોંગ્રેસ કાર્યાલયથી ટાઉન હોલ સુધીની વિશાળ રેલી કોંગ્રેસ દ્વારા યોજવામાં આવી હતી. આ રેલીમાં કોંગ્રેસના ધારાસભ્યો, શહેર પ્રમુખ, મહિલાઓ અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા. દીકરીને ન્યાય મળે તે માટે રેલીમાં હાથમાં બેનર તથા કોંગ્રેસના ઝંડા સાથે કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. રેલીને પગલે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. મીડિયા સાથેની વાતચીતમાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોઈપણ સભ્ય સમાજની વ્યક્તિનું હૃદય દ્રવી ઉઠે. માથુ શરમથી ઝૂકી જાય અને આપણા ગુજરાતમાં તો આવી ઘટના ક્યારેય કલ્પી પણ ન શકાય એવી કરૂણ અને દુઃખદાયી ઘટના દાહોદમાં બની છે. પહેલા ધોરણમાં ભણતી છ વર્ષની બાળકીને સ્કૂલનો આચાર્ય ગાડીમાં ઘરેથી લઈને જાય છે.

માતાએ વિશ્વાસ સાથે બાળકીને ગાડીમાં બેસાડી હતી. ત્યારબાદ આચાર્યએ દીકરી સાથે દુષ્કર્મની કોશિશ કરી હતી. જોકે, દીકરીએ બૂમો પાડતા આચાર્યએ તેનું ગળું દબાવીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. ત્યારબાદ સાંજ સુધી દીકરીની લાશને ગાડીમાં રાખી અને મોકો મળતાં દીવાલ પાસે મૂકી દીધી હતી. દફતર પણ ક્લાસ રૂમની બહાર મુકી પોતાની કાર લઈને ગોધરા જાય છે અને આખી ગાડી વોશ કરીને આવે છે, જેથી પકડાય તો તકલીફ ન થાય.

આરોપી આચાર્ય પોતાને સમાજ સુધારક કહે છે. આરોપીએ RSSના કેમ્પમાં ટ્રેનિંગ લીધી છે. RSSની વિચારધારા ધરાવે છે. દેશના વડાપ્રધાન કે મુખ્યમંત્રીએ ટ્વિટ પણ નથી કર્યું. મુખ્યમંત્રીએ પશ્ચિમ બંગાળની ઘટનામાં વિવિધ ભાષામાં ટ્વિટ કર્યું હતું, પરંતુ ગુજરાતની ઘટનામાં એક ટ્વિટ પણ નથી કર્યું. દર વખતે ક્યાંય પણ આવા બનાવો સામે આવે ત્યારે નાયબ ગૃહમંત્રીનું એક નિવેદન આવે કે, ‘કોઈ ચમરબંધીઓને છોડવામાં નહીં આવે’ અને પછી આપણે જોયું પણ છે કે ભાજપવાળાને કોઈ તકલીફ પડતી નથી તેમ જણાવતા શક્તિસિંહે વધુમાં ઉમેર્યું કે, આ ગુનાહિત માનસિકતા સામે એક જવાબદાર રચનાત્મક વિરોધ પક્ષ તરીકે અમે પદયાત્રા કરીને અમારો વિરોધ દર્શાવીએ છીએ. પોક્સોની અને ૩૦૨ મર્ડરની કલમો લાગે. તાત્કાલિક કેસ ચાલે અને આરોપીને ફાંસીની સજા થાય. આવા રાક્ષસો માટે કોઈ દયા ન હોવી જોઈએ, એટલા માટે ફાંસીની સજા થાય.

વડાપ્રધાન અને ગુજરાતના આપણા મુખ્યમંત્રી મૌન છે એ સૌને અકળાવે છે. ક્યાંક બીજા રાજ્યોમાં જ્યાં ભાજપ સિવાયની સરકાર હોય, ક્યાંય પણ ખરાબ ઘટના બને તો આરોપી સામે કડક હાથે કામ લેવું જોઈએ. ભલે કોઈપણ સરકાર હોય, કોઈપણ પક્ષ સાથે હોય કે કોઈપણ શખ્સ હોય. પણ ત્યાં થાય ત્યારે ચારેબાજુ કેન્ડલ યાત્રાઓ, ચારેબાજુ ભાજપ આખું રોડ ઉપર ઉતરી પડે. તો આ ૬ વર્ષની દીકરી બક્ષીપંચની દીકરી છે. તમને તેની ચિંતા નથી. કારણ કે, ગુનો કરનાર તમારી વિચારધારાનો પ્રચારક છે એટલે મૌન બેઠા છો ? જવાબ આપે ભારતીય જનતા પાર્ટી. દર્દ સાથે, દુઃખ સાથે, એક ગુજરાતી તરીકે વેદના સાથે મારી વાત કરૂં છું તેમ અંતમાં તેમણે ઉમેર્યું હતું.

# આવકવેરાની ચોરીના મામલામાં પોલીસ ફરિયાદ કેવી રીતે નોંધી શકે : હાઈકોર્ટે સરકારને કર્યો સવાલ

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૬

એક રાજકીય પક્ષના પ્રમુખ રોનકસિંહ ગોહિલ નામના વ્યક્તિ સામે આવકવેરાની ચોરીના કિસ્સામાં પોલીસે તેની સામે વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધાતા હાઈકોર્ટે તેની ગંભીર નોંધ લઈને ગોહિલ વિરૂદ્ધ કોઈપણ પ્રકારના શિક્ષાત્મક પગલાં લેવા સામે મનાઈ હુકમ ફરમાવી દીધો હતો. જો કે, હાઈકોર્ટે કેસની તપાસ ચાલુ રાખવા આદેશ કર્યો હતો.

ટેક્સ ચોરીના મામલામાં પોલીસ એફઆઈઆર નોંધી શકે કે પછી ટેક્સ ચોરી મામલામાં જરૂરી પ્રોસીડીંગ્સ માટે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટને જ માન્ય સત્તા છે તે બાબતે સરકાર તરફથી સંતોષકારક જવાબ નહિ આપવામાં આવતાં જસ્ટિસ નિર્ઝર દેસાઈએ રાજ્ય સરકાર અને સીઆઈડી ક્રાઈમ, ગાંધીનગર વિરૂદ્ધ નોટિસ જારી કરી હતી. અરજદાર રોનક્સિંહ ગોહિલ તરફથી ટેક્સ ચોરી મુદ્દે પોલીસ દ્વારા નોંધાયેલી ફરિયાદ રદબાતલ ઠરાવવા દાદ માંગતી રિટ અરજીમાં કાયદાકીય મુદ્દો ઉપસ્થિત કરાયો હતો કે, ટેક્સ ચોરીના મામલામાં પોલીસ કોઈપણ સંજોગોમાં ફરિયાદ નોંધી શકે નહી કારણ કે, આ અંગેની સત્તા ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ પાસે છે અને ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા અરજદાર વિરૂદ્ધ કાયદાનુસાર પ્રોસીડીંગ્સ હાથ ધરાયેલી છે, ત્યારે પોલીસ આ મુદ્દે ફરિયાદ નોંધી શકે નહિ.

ગોહિલ દ્વારા અદાલતનું ધ્યાન દોરાયું કે, પોલીસ દ્વારા તેની વિરૃધ્ધમાં આઈપીસીની કલમ-૪૨૦, ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૧૨૦(બી) અને આઈટી એક્ટની વિવિધ જોગવાઈ હેઠળ ફરિયાદ નોંધી હતી પરંતુ પોલીસે અરજદાર વિરૂદ્ધ ખોટી રીતે ફરિયાદ નોંધી છે. વાસ્તવમાં, છેતરપિંડી કરીને ટેક્સ ચોરીના કિસ્સામા ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ જ કાર્યવાહી કરી શકે અને અરજદારના કેસમાં આઈટી ડિપાર્ટમેન્ટ દ્વારા જરૂરી કાર્યવાહી કરાઈ છે અને અરજદાર ડિપાર્ટમેન્ટ સમક્ષ હાજર પણ થયા છે. જો કે, ખુદ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી આ મામલે કોઈ ફરિયાદ દાખલ કરાઈ નથી તો પોલીસ કેવી રીતે કરી શકે. અરજદાર તરફથી વધુમાં જણાવાયું કે, ટેક્સ ચોરીને લઈ ફરિયાદ નોંધવાની પોલીસને કોઈ સત્તા જ નથી, છતાં પોલીસે સત્તા બહાર જઈ આ કેસમાં ફરિયાદ નોંધી છે, તેથી હાઈકોર્ટે પોલીસ દ્વારા આ ગેરકાયદે રીતે નોંધાયેલી એફઆઈઆર રદબાતલ ઠરાવવી જોઈએ.

કેસની સુનાવણી દરમ્યાન જસ્ટિસ નિર્ઝર એસ.દેસાઈએ સરકારપક્ષને ટકોર કરી હતી કે, ટેક્સ ચોરી માટે પણ જો પોલીસ ફરિયાદ નોંધશે તો પછી ઈક્નમટેક્સ ડિપાર્ટમેન્ટનું શું કામ રહેશે. કોર્ટે વધુમાં સવાલો કર્યા હતા કે શું આ એફઆઈઆર ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના રિપોર્ટના આધારે થઈ છે..? તમારી મુખ્ય ફરિયાદ ટેક્સ ચોરીને લઈને છે. જયારે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ કોઈ વ્યકિતના ત્યાં દરોડા પાડે તો તેઓ શું કરે છે..? તેઓ દસ્તાવેજો પણ તપાસે છે. કારણ કે, તેઓને કાયદા હેઠળ સત્તા બક્ષાયેલી છે. જસ્ટિ નિર્ઝર એસ.દેસાઈએ સરકારને પૃચ્છા કરી હતી કે, આ વિષયમાં નિષ્ણાત કોણ છે...? ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ કે, પોલીસ વિભાગ..? ટેક્સ ચોરી થઈ છે એવા નિષ્કર્ષ પર કોણ પહોંચશે..? ટેક્સ બનાવટી દસ્તાવેજો થકી હોઈ શકે..? પોલીસ ફરિયાદ ત્યારે જ નોંધી શકે કે જયારે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ એવા તારણ પર આવે કે, દસ્તાવેજો બોગસ અને બનાવટી છે.

# કાયદાના વિદ્યાર્થીઓને ડિગ્રી આપતા પહેલા કોલેજોએ તેના ગુનાહિત ઈતિહાસની ચકાસણી કરવી પડશે : બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો આદેશ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૬

એક મહત્વપૂર્ણ નિર્ણયમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) એ એક પરિપત્ર બહાર પાડ્યો હતો કે કાયદાકીય શિક્ષણ આપતી લૉ કોલેજોએ તેમની સાથે કાયદાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગુનાહિત પૃષ્ઠભૂમિની તપાસ કરવી પડશે અને વિદ્યાર્થીઓએ તેમની વિરૂદ્ધ કોઈપણ એફઆઈઆર અથવા ચાલુ ફોજદારી કેસ વિશે ઘોષણા કરવી પડશે. તેમને જો વિદ્યાર્થી આવી હકીકત જાહેર કરવામાં નિષ્ફળ જશે તો ડિગ્રી અને માર્કશીટ રોકી દેવામાં આવશે. આવી ઘોષણા વિદ્યાર્થીએ કરવાની રહેશે અને તે પછી જ સંસ્થા ડિગ્રી અને માર્કશીટ જારી કરી શકશે. BCI દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, રાજ્ય બાર કાઉન્સિલ (SBCs) એ સુનિશ્ચિત કરવું પડશે કે નોંધણી ઈચ્છતા ઉમેદવારોએ તેના દ્વારા નિર્ધારિત નિર્દેશોનું ચુસ્તપણે પાલન કર્યું છે. SBCએ સુનિશ્ચિત કરશે કે ગુનાહિત પૃષ્ઠભૂમિની તપાસ યોગ્ય રીતે હાથ ધરવામાં આવી છે અને કોઈ ગેરલાયક ઠરે તેવા રેકોર્ડ્સ અસ્તિત્વમાં નથી. તે પુષ્ટિ કરવાની રહેશે કે ઉમેદવારોએ તેમના કાનૂની શિક્ષણ દરમિયાન કોઈપણ એક સાથે ડિગ્રી પ્રોગ્રામ્સ, નિયમિત શૈક્ષણિક કાર્યક્રમો અથવા રોજગારની સ્થિતિ વિશે જરૂરી ઘોષણાઓ કરી છે. BCI નિયમો અનુસાર વધુમાં તેણે ચકાસવું પડશે કે ઉમેદવારોએ હાજરી રેકોર્ડ દ્વારા આધારભૂત ફરજિયાત હાજરી આવશ્યકતાઓને પૂર્ણ કરી છે કે નહિ. “રાજ્ય બાર કાઉન્સિલોએ પોતાની રીતે ખાતરી કરવી જ જોઈએ કે ઉમેદવારોએ નોંધણી આપતા પહેલા આ તમામ નિર્દેશોનું પાલન કર્યું છે. જ્યાં સુધી કાનૂની શિક્ષણની ગુણવત્તા અને અખંડિતતાને જાળવવા અને ઉમેદવારો કાનૂની વ્યાવસાયિકો દ્વારા અપેક્ષિત ઉચ્ચ ધોરણોને પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા માટે રચાયેલ આ મહત્વપૂર્ણ પગલાંઓનું સંપૂર્ણ પાલન ન થાય ત્યાં સુધી કોઈપણ ઉમેદવારની નોંધણી કરવામાં આવતી નથી,” એમ પરિપત્રમાં જણાવાયું છે. જે સંસ્થાઓ અને વિદેશી યુનિવર્સિટીઓ સાથે દ્વિ ડિગ્રી પ્રદાન કરે છે તેના સંદર્ભમાં પણ આવી કોલેજોએ બિસીઆઈની માન્યતા લેવાની રહેશે. તેઓએ BCIની પૂર્વ મંજૂરી મેળવવી પડશે." બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા આદેશ આપે છે કે ભારતીય કાયદા સંસ્થાઓ અને વિદેશી યુનિવર્સિટીઓ વચ્ચેના આવા કોઈપણ દ્વિ અથવા સંયુક્ત ડિગ્રી પ્રોગ્રામ માટે પૂર્વ મંજૂરી મેળવવી આવશ્યક છે. આવા કાર્યક્રમો ભારતમાં કાનૂની શિક્ષણને સંચાલિત કરતા વૈધાનિક નિયમનકારી માળખાને અવરોધે નહીં તેની ખાતરી કરવા માટે આ મહત્વનું છે, ” એમ બીજા એક પરિપત્રમાં જણાવાયું છે.

### કેમિકલ-પેટ્રોકેમિકલ સેક્ટર, સસ્ટેનેબલ ઈન્ડ.ગ્રોથનું ‘કી-ફેક્ટર’ : મુખ્યમંત્રી

# દેશને વિશ્વની ત્રીજી મોટી આર્થિક તાકાત બનાવવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્ડ. ડેવલપમેન્ટ મહત્ત્વપૂર્ણ

### રાજ્ય સરકાર સાથે કેમિકલ ઈન્ડસ્ટ્રીઝના રૂા.૫૨૧૦ કરોડના બે MOU થયા

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ સેક્ટરને સસ્ટેનેબલ ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ માટેનું ‘કી-ફેક્ટર’ ગણાવતા દેશના અમૃતકાળમાં ભારતને વિશ્વની ત્રીજી મોટી આર્થિક તાકાત બનાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ મહત્વના ઈન્સ્ટ્રુમેન્ટ છે તેવો ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીએ સેક્ટર સ્પેસિફિક પોલીસીસ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના એપ્રોચ દ્વારા આ વિકાસને નવી ઊંચાઈએ લઈ જવાનો નિર્ધાર દર્શાવ્યો હતો.

અમદાવાદ ખાતે આયોજિત ગુજરાત કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ કોક્લેવ-૨૦૨૪નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, વિકસિત ભારત@૨૦૪૭ના નિર્માણમાં કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ સેક્ટરના યોગદાનની તકોનું સર્જન અને મહત્વપૂર્ણ વિચાર મંથન આ કોક્લેવમાં થશે. મુખ્યમંત્રીએ કેમિકલ વેસ્ટનો સંપૂર્ણ નાશ વૈજ્ઞાનિક પદ્ધતિથી થાય તે અંગેનો પરામર્શ અને સામુહિક ચિંતન-મંથન આ કોક્લેવમાં થાય તેની આવશ્યકતા સમજાવી હતી. કેમિકલ વેસ્ટ જ્યાં ત્યાં ન છોડતા પર્યાવરણની જાળવણી સાથે દરેક ઉદ્યોગ આગળ વધે તે જરૂરી છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાને મેઈક ઈન ઈન્ડિયાથી મેઈડ ઈન ઈન્ડિયા દ્વારા દરેક સેક્ટરમાં ગ્લોબલી આગળ વધવાનો નિર્ધાર કર્યો છે. આપણા ઉદ્યોગ રોજગાર વિકસે અને ‘નેટ ઝીરો કાર્બન કન્ટ્રી’નું લક્ષ્ય સિદ્ધ થાય તે રીતે આગળ વધવું છે. ગ્લોબલ વોર્મિંગ, પ્રદૂષણ જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે વડાપ્રધાને ‘મિશન લાઈફ’ જેવા ઉમદા ખ્યાલ આપણને આપ્યા છે. ગ્રીન કવરેજ વધારવા માટે ‘એક પેડ માં કે નામ’ અભિયાન પણ શરૂ કરાવ્યું છે, તેની ભૂમિકા પણ તેમણે આપી હતી. પર્યાવરણ જાળવણીના પ્રયાસોમાં રાજ્ય સરકાર ઉદ્યોગોની પડખે જરૂર જણાયે ઊભી રહેશે. તેમ જણાવતાં મુખ્યમંત્રીએ આ સુવર્ણકાળમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રના વિકાસ દ્વારા વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના નિર્માણ માટે સૌને સાથે મળીને કટિબદ્ધ થવાનું આહ્‌વાન કર્યું હતું.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આ કોક્લેવ દરમિયાન ગુજરાત સરકાર અને રાજ્યના અગ્રણી રસાયણ ઉદ્યોગગૃહ લક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝ અને કિરી ઈન્ડસ્ટ્રીઝ સાથે કુલ રૂા. ૫૨૧૦ કરોડના બે MOU સંપન્ન થયા હતા. કિરી ઈન્ડસ્ટ્રીઝે રૂા. ૪૫૦૦ કરોડના અને લક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝે રૂા.૭૧૦ કરોડના ઈન્ટેન્શન્સ ઓફ ઈન્વેસ્ટમેન્ટ આ એમઓયુમાં દાખવ્યા છે.

### મુસ્લિમ સમાજના ઘણા લોકોને એપોઈન્ટમેન્ટ ન મળતાં અસંતોષ

### સંસદ દ્વારા રચાયેલ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી ગુજરાતના પ્રવાસે

# વકફ કાયદામાં સુધારા મુદ્દે JPC આજે અમદાવાદમાં રજૂઆતો સાંભળશે

### વકફ બોર્ડ, બાર કાઉન્સિલ સહિત અન્ય સંસ્થાઓ વગેરેને સાંભળશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૨૬

વકફ અંગેના કાયદામાં સુધારા મુદ્દે સંસદમાં ભારે ઉહાપોહ બાદ મામલો સંસદીય સમિતિ (JPC)ને સુપરત કરાયા બાદ કમિટી દ્વારા હિયરીંગ વગેરેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેને પગલે આ જેપીસી હવે આવતીકાલે ગુજરાતના એક દિવસના પ્રવાસે આવી રહી છે. કમિટી દ્વારા કાયદા સુધારા પ્રકરણ અંગે રજૂઆતો સાંભળવામાં આવશે. જો કે જેપીસી દ્વારા ઘણા લોકોને મળવાનો સમય ના અપાતા અસંતોષ ઉભો થયાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

સંસદની જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (JPC) દ્વારા તાજેતરમાં દેશભરમાંથી નાગરિકોના વકફ કાયદા સુધારા અંગે મત મેળવવાની કાર્યવાહી હાથ ધરાતા દેશભરમાં તેની ચર્ચા થઈ રહી હતી. દરમ્યાન હવે કમિટી દ્વારા બેઠકોનો દોર શરૂ કરી રજૂઆતો-સુનાવણીઓ વગેરે હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગરૂપે હવે આવતીકાલે કમિટી અમદાવાદ આવી રહી છે. ગુજરાતના એક દિવસના ટૂંકા પ્રવાસમાં કમિટી દ્વારા વિવિધ સંસ્થાઓ, વકફ બોર્ડ, ગાંધીનગર, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત, વકફ સાથે જોડાયેલ અન્ય સંસ્થાઓ વગેરેની રજૂઆતો સાંભળવામાં આવશે. કમિટી દ્વારા આ સંસ્થાઓ વગેરેને જુદા-જુદા સમયે બોલાવી રજૂઆતો સાંભળવાનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. જેપીસી સિંધુ ભવન રોડ પર આવેલ તાજ સ્કાયલાઈન હોટેલમાં રજૂઆતો સાંભળશે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. જેપીસીએ રાજયના ઘણા લોકોને મળવા માટે એપોઈન્ટમેન્ટ આપી ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. શોર્ટ નોટિસથી ગોઠવાયેલ આ પ્રવાસને લીધી રાજયના અન્ય શહેરોની અગત્યની સંસ્થાઓ તથા અગ્રણી લોકો વકફ જેવા મુસ્લિમ સમાજને સીધા સ્પર્શતા મુદ્દે રજૂઆત કરવા ઈચ્છતા હોવા છતાં તેમને તક ન મળતા તેઓમાં અસંતોષ ઉભો થયો છે પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે કમિટીને મળનારામાં સરકારની તરફેણના લોકો વધુ હોવાની શકયતા વ્યકત કરાઈ રહી છે. બીજો મુદ્દો એ છે કે સરકારી કમિટીઓના આવી બધી કામગીરી માટે મોટા ભાગે શહેર મધ્યે શાહીબાગ સ્થિત સરકારી એનેક્ષી સર્કિટ હાઉસ જ વ્યવસ્થિત સ્થળ રહેતુ આવ્યું છે. ત્યારે આ કમિટીએ શહેરથી ઘણે દુર ખાનગી હોટલમાં રજૂઆતો માટે બોલાવતા અસંતોષ ઉભો થવા પામેલ છે.

# વકફ એક્ટમાં સંશોધન અંગે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓના મંતવ્ય

### લોકો પાસેથી સૂચનો મેળવવા આવનાર જે.પી.સી. મામલે એડવોકેટ ઈકબાલ શેખનો નિર્દેશ

## જે.પી.સી. સમક્ષ અલ્લાહની મિલકત બચાવવા માટેની અપીલ છે, દરેક મુસ્લિમે રજૂઆત કરવી જોઈએ

### વકફ એમેન્ડમેન્ટ બિલથી વકફ સંપત્તિઓને મુસ્લિમોના હાથમાંથી છીનવી લેવાનો સઘન પ્રયાસ

અમદાવાદ, તા.૨૬

જે.પી.સી. તા.૨૭/૯/૨૦૨૪ના રોજ અમદાવાદ મુકામે વકફ સંશોધન બિલ-૨૦૨૪ બાબતે લોકો પાસેથી સૂચનો મેળવવા અને સુનવણી કરવા આવનાર છે. સેન્ટ્રલ વકફ કાઉન્સિલરના પૂર્વ સભ્ય ઈકબાલ શેખ એડવોકેટે જણાવ્યું હતું કે, વકફ (એમેન્ડમેન્ટ) બિલ-૨૦૨૪ તદ્દન ગેરબંધારણીય અને વકફ કાયદાને ખતમ કરનાર છે અને વકફ સંપત્તિઓને મુસ્લિમોના હાથમાંથી છીનવી લેવાનો સઘન પ્રયાસ છે. વકફના કાયદામાંથી વકફનો એક પ્રકાર કે જે ‘વકફ બાય યુઝર્સ’ છે તેને વકફ સુધારા-૨૦૨૪ના કાયદા દ્વારા કાયદામાંથી દૂર કરવાનો અર્થ એ થાય છે કે સેંકડો વર્ષથી વકફ તરીકે જે મસ્જિદો અને દરગાહો, કબ્રસ્તાન વગેરે છે જેનો કોઈ રેવન્યુ રેકોર્ડ ઉપલબ્ધ ના હોય તેવી મિલકતો ‘વકફ બાય



યુઝર્સ’ના જવાથી ખતરામાં આવી જશે અને શક્ય છે કે સરકાર હસ્તક આવી જાય. વકફ બોર્ડ અને સેન્ટ્રલ વકફ કાઉન્સિલમાં સભ્યો તરીકે બિન-મુસ્લિમોની નવા સુધારેલા કાયદામાં જોગવાઈ કરી છે. એટલે કે વકફ બોર્ડમાં કુલ ૧૧ સભ્યોની જોગવાઈ કરી છે અને આ સભ્યો પૈકી ૭ જેટલા બિન-મુસ્લિમોમાંથી સભ્યો મૂકી શકાશે. એટલે શક્ય છે કે વકફ બોર્ડનો કબજો બિન-મુસ્લિમો લઈ લેશે. બિન-મુસ્લિમો તરીકે સડેલી માનસિકતા ધરાવતા સભ્યોની નિમણૂક થઈ જવાની આશંકા છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, વકફ એટલે અલ્લાહને હંમેશા માટે અર્પણ કરવામાં આવેલી મિલકત જેનો ઉપયોગ પવિત્ર, ધાર્મિક અને સખાવતી હેતુ માટે કરવામાં આવે છે. એટલે નવા સુધારેલા વકફના કાયદામાં વકફની મિલકતોનું ફરી રજિસ્ટ્રેશન, વકફ કાયદાની કલમ-૪૦ની નાબૂદી, વકફ નક્કી કરવાની સત્તા વકફ બોર્ડ પાસેથી લઈ જે તે કલેક્ટરને સોંપવાની સત્તા એટલે વકફ ઉપર સરકારનું સંપૂર્ણ નિયંત્રણ વકફ એક્ટનો સમયમર્યાદાનો કાયદો લિમિટેશન એક્ટ લાગુ કરવાની જોગવાઈ, વકફ ટ્રિબ્યુનલને નબળું કરવાની જોગવાઈ વગેરે સુધારાઓ વકફ મિલકતોને સરકારના સંપૂર્ણ નિયંત્રણમાં લેવાનો પ્રયોજન છે. ઈકબાલ શેખે કહ્યું કે, આ જે.પી.સી. સમક્ષ અલ્લાહની મિલકત બચાવવા માટેની રજૂઆત છે એટલે કે દરેક મુસ્લિમે અલ્લાહની મિલકત બચાવવા રજૂઆત કરવી જોઈએ. પરંતુ કેટલાક ભાજપ સાથે સંકળાયેલા કહેવાતા મુસ્લિમો અલ્લાહની મિલકત વિરૂદ્ધ પોતાના રાજકીય સ્વાર્થ માટે અને ભાજપમાં સ્થાન બચાવી રાખવા માટે વકફ સુધારા બિલની તરફેણમાં અને તેના બચાવમાં રજૂઆત કરે તો તે સ્વીકાર્ય ગણાય નહીં અને આવા લોકોનો સમાવેશ મુનાફીકોમાં થાય. વકફ સુધારા બિલ-૨૦૨૪ અલ્લાહની મિલકતો નષ્ટ કરવાનું કાવતરૂં છે.

## ભાજપની એક જ વિચારધારા, એક સમાજને દબાવવો ને અન્ય સમાજ પાસેથી લાભ મેળવવો : શહેઝાદખાન

### સંસ્થા મુસ્લિમની છે તો તેમાં મુસ્લિમોને જ સ્થાન મળવું જોઈએ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૬



કેન્દ્ર સરકાર હાલ જે વકફ એક્ટમાં સંશોધન લાવી છે તે અંગે સમગ્ર દેશમાં ભારે ચર્ચાઓ થઈ રહી છે. વકફ એક્ટમાં સુધારો લાવી સરકાર વકફ બોર્ડની સત્તાને ઓછી કરવા માંગે છે. આ મામલે વિરોધ દર્શાવતા અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે ભાજપ સરકાર એક જ વિચારધારા પર રાજકારણ ચલાવી રહી છે. એક સમાજને દબાવી અન્ય એક સમાજ પાસેથી લાભ લેવાની વિચારધારા ઉપર રણનીતિ કરે છે. ભારતીય જનતા પાર્ટી અત્યાર સુધી જેટલા કાયદા કે બિલ લાવી જેમ કે NRC, CAA, ત્રિપલ તલાક કાયદાઓ લાવી તે એક જ સમુદાય આધારિત લાવે છે. વકફ એકટ સુધારા બિલ પણ લાવી તે પણ કોઈ હિત માટે તો ભાજપ આ બિલ લાવી નથી.

વકફ બોર્ડ પાસે દેશમાં ત્રીજા નંબરની સૌથી વધારે જમીન છે તેવી ચર્ચાઓ અંગે શહેઝાદખાને જણાવ્યું કે કોણે ગણતરી કરી છે ? જ્યારે તેઓ જાતિ આધારિત વસ્તી ગણતરી કરી શકતા નથી તો જમીનોની ગણતરી કેવી રીતે તેઓ કરી રહ્યા છે ? જો વકફ પાસે મિલકત છે તો તે મિલકત કોઈની પાસેથી લીધી નથી. ગુજરાત વકફ ટ્રિબ્યુનલમાં બિનમુસ્લિમોની નિમણૂક અંગે તેઓએ કહ્યું કે કમિટી મુસ્લિમોની છે તો કમિટીમાં મુસ્લિમ લોકો જ હોવા જોઈએ. મુસ્લિમ લોકોને કમિટીમાં સ્થાન મળવું જોઈએ.

## મુસ્લિમ સંસ્થામાં બિનમુસ્લિમ લોકોની કેમ જરૂર : ખમીસાભાઈ સિંધી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૫



કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલ વકફ એમેન્ડમેન્ટ બિલ અંગે સમગ્ર દેશમાં વિરોધ થઈ રહ્યો છે. તાજેતરમાં ઈ-મેઈલ થકી બિલને રિઝેક્ટ કરવા માટેની ઝુંબેશ ચલાવવામાં આવી હતી. વકફ એમેન્ડમેન્ટ બિલ બાદ હવે ગુજરાત વકફ ટ્રિબ્યુનલમાં વધુ એક બિનમુસ્લિમની નિમણૂક કરી દેવામાં આવી છે. આ અંગે વિરોધ નોંધાવતા ખમીસાભાઈ સિંધીએ જણાવ્યું કે, મુસ્લિમ સંસ્થામાં બિનમુસ્લિમ લોકોની કેમ જરૂર છે ? આ નિર્ણયથી સમગ્ર મુસ્લિમ લોકોમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS